
કુમાર

ફાગણ '૮૪

અંક ૫૧

ઊગતી પ્રજાનું માસિક

તંત્રી રવિશંકર રાવળ



વાસંતી પૂર્ણિમા ✻ ચિત્રકાર: કનુ દેસાઈ



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

'કુમાર'માં પ્રગટ થતાં કોઇ પણ લખાણ ચિત્ર કે ફોટોગ્રાફનો ઉપયોગ કોપીરાઈટની રૂએ તંત્રીની પરવાનગી વિના કોઇથી થઇ શકે નહિ. તેમ કરનાર તેને માટે જવાબદાર તથા જોખમદાર ગણાશે.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડયા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ.
ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.
લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



માતરિશ્વા

ચિત્રકાર : રવિશંકર રાવળ

'કુમાર'ના ફાગણ ૧૯૮૪ના અંકનું મુખચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું પ્રાણ પ્રેરણા ને પુરુષાર્થનું માસિક

વર્ષ ૫ અંક ૩ ફાગણ ૧૯૮૪

માતરિશ્વા

રોળા

પૃથિવીભર ભેંકાર ભટકતી કુબડી જડતા,
ઉભા કૈં આકાર મૂક નિષ્પ્રાણ રવડતા;
ઝંઝાનિલ સમ્રાટ દેવ જે પ્રતિભાશાળી,
અંતર તેનું કળે ભૂમિનું ભાગ્ય નિહાળી.

ઝડપી જ્યોતિર્ઝાળ પ્રેમ-ઉત્કંપે ઉઠયો,
હિમતિમિરોને ટાળી વ્યોમથી ઉર્વી ઉતર્યો;
પુરુષ પ્રચંડ વિરાટ મંત્ર સંજીવન ભણતો,
ઝીલી દિવ્ય હૂતાશ ભવ્ય સંસાર પ્રગટતો.

બલવંતો એ અણુઅણુમાં તણખા ખેરે,
ફૂંકી ચંચલ તેજ ત્વરાથી દૈવત વેરે;
અંગ અંગનૃં જોમ બધું સુખભાવે શમતો,
શ્વાસભર્યો ઘુમંત એક પળ નાહિ વિરમતો.

જ્વલંત દિલ અંગાર ભરેલો ઘોર રૂમડતો,
દિશદિશ ખોલી દ્વાર ચેતનાધ્વજ ઘુમડતો;
કીધી પ્રાણોલ્લાસ આત્મજ્યોતિની વૃષ્ટિ,
પલકવારમાં કરી હાલતી કોમલ સૃષ્ટિ.

સળગાવી સૌ કાળ પ્રાણ-પ્રકાશ પ્રસરતો,
પુણ્યશ્લોક ધસમસે માતરિશ્વા મરજીવો.

દેશળજી પરમાર

વેદમાં વાયુદેવને માતરિશ્વા કહ્યા છે. અને એવી પણ વાત છે કે સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર એ દેવહૂતાશ લઇ આવ્યા. એને મળતી ગ્રીક પુરાણમાં પ્રોમીથિયસની કથા છે, એ 'કુમાર'માં હવે પછી આપીશું.



ઘણા મહિનાથી એક બંધુનો પત્ર મારી પાસે પડ્યો છે. વાંચનાર આગળ તે મુકવાની તક હું શોધતો હતો. અત્યારે એ રજુ કરૂં છું તે એટલા જ માટે કે તે પરથી, આજના યુવકની મનોદશા પર કેટલી ચીજો આઘાત પ્રત્યાઘાત કરી રહી છે તેનું દર્શન થાય. એ ભાઇના મંથનનું સમાધાન કરવાનો હું અત્યારે યત્ન નહિ કરૂં.

પત્રમાં એ ભાઇ પોતાનું રૂદન રજુ કરે છે. સાથે નબળાઇઓ પણ જણાવે છે. એ નબળાઇઓ જીતવાને, રૂદન ગળી ખાવાને, કાંડા પર ઘા ઝીલવાને અને આગમાં પડવાને તૈયાર હોય તેમને માટે જીવનની અદ્ભુત બાજુ નિઃશંક ખુલે છે. પણ એ પત્ર તો જરૂર વાંચો:

"યુવકોના મિત્ર બનવાનો તથા તેમને સમજવાનો તમારો પ્રયાસ છે એથી અને મિજલસમાંથી મારા પુરતી મિજલસ જીવનમાં ઉઠાવી શકું એ ઉદ્દેશથી આ લખી રહ્યો છું. પત્ર કદાચ અવ્યવસ્થિત આપને લાગશે; પણ યુવક ખાતર એટલું નભાવી ન લ્યો?

મારી ઉમરના પ્રમાણમાં મારૂં જીવન અનેક રંગોથી રંગાયું નથી, પણ વિધવિધ રંગો—દુનિયાના કડવામીઠા અનુભવો નિહાળ્યા તો છે. સંસ્કારી અને બીનસંસ્કારી કુટુંબોના સહવાસમાં આવ્યો છું. એ અનુભવજ્ઞાન નથી માર્ગદર્શક બનતું, નથી જીવનમાં પ્રેરણા આપતું, કે નથી જીવનમાં અમોઘ આશા રેલાવતું.

જેમજેમ દુનિયાના સહવાસમાં વધુ ને વધુ આવતો ગયો છું, જેમજેમ દુનિયાના શિક્ષિત ને સંસ્કારી સમુદાયમાં ભળતો ગયો છું તેમતેમ મારા જીવનમાં વધુ ને વધુ રૂદન ભરાતું ગયું છે.

જીવનમાં એક સમય એવો હતો કે જ્યારે હું દુનિયાની ચળકતી ઢાલ જોઇ આશાવંત સ્વપ્નો સેવતો, જીવનનો રસ માણતો ને એથી જીવન સુખી માનતો.

પણ જેમજેમ દુનિયાનો સહવાસ વધ્યો, મિત્રો વધ્યા, દુનિયાની બીજી બાજુ વાંચી તેમતેમ મહત્ત્વાકાંક્ષાનાં બાલસ્વપ્નો વિલય થતાં ગયાં.

જીવનનું રૂદન સુકાયું અને નિઃશ્વાસો જ રહ્યા. આંસુ સુકાતાં ગયાં તેમતેમ દુનિયા પ્રતિ તિરસ્કાર વધતો ચાલ્યો.

માનતો કે શહેરી વાતાવરણ જ સડેલું હશે; પણ ગામડાંનાં દર્દો એથી વધુ નિહાળ્યાં. ત્યાં તો એથી યે વધુ કચરો જોયો. ગ્રામ્ય જીવનની મીઠાશની વાતો 'ડીબેઇટિંગ સોસાએટી' પુરતી જ સારી છે એમ લાગ્યું.

શહેર ને ગામ, કેળવાએલા ને બીનકેળવાએલા બધે ય મેલ નિરખ્યો. ધોળાં કપડાં નીચે જીવનની કાળાશ નિરખી, તો ફાટેલતુટેલ કપડાંની બારીઓ વાટે તે પેઠી હોય એમાં નવાઇ જ શી?

પ્રથમ સંસારના દુઃખે દુઃખી હતો. સામાજિક સડા સાલતા, વિધવાઓનું રૂદન હૃદયને ચીરતું અને આકરી પ્રતિજ્ઞાઓ લેવડાવતું. સેવાના મંત્રો ભણતો અને એ રીતે જગત–ઉદ્ધારનું બીડું મારે માટે જ હોય એમ સમજતો.

હવે ઉનાં આંસુ સુકાયાં છે, હૃદયનો ઉકળાટ હોલવાયો છે, સેવાની વાતો સ્વપ્નવત્ બની છે અને દુનિયા પ્રતિનો વધેલો તિરસ્કાર પરિષદો, મંડળો કે મીટિંગોમાં, તેના કાર્યકર્તાઓ અને સુકાનીઓ પ્રતિ ઠલવાયો છે.

દુનિયા, તેનું સડેલ તંત્ર, જાહેર તેમજ ખાનગી જીવન, સરકારી તેમજ ગાંધીખાતાં, શાળાઓ અને કૉલેજો—જ્યાં જુઓ ત્યાં લાગવગનો પિશાચ પહોંચી ગયો છે. એમ. એ. ની ડીગ્રી હો કે એમ. બી. બી. એસ. ની: બધે ય લાગવગ. હુશિયારી કે શક્તિનો આંક નથી નજરે પડતો. જેમ વધુ શ્રીમંત, જેમ વધુ ઓળખાણ, જેમ વધુ લાગવગ તેમ તેનો સીતારો બીજાના ભોગે ચડતો જ માલુમ પડે.

સામાજિક સ્થિતિ પણ એવી. રાજ્યદ્વારીની તો વાતો જ શી કરવી?

ન ગૃહમાં આનંદ, ન કૉલેજની રેસિડેન્સીમાં સંતોષ કે ન મઝા આવે પરિષદો અને એવાં મંડળોમાં.

Life is real, life is earnest: એ બધું મને તો 'હંબગ' લાગે છે. આ બધું જોતાં હિંદુસ્તાન મને રહેવા જેવો દેશ નથી લાગતો. સ્વરાજ્યની વાતો અળખામણી લાગે છે. આ બધા હિંદ મૈયાના કંગાલ પુત્રો હાથમાં સત્તા આવતાં માથાં ફોડી મરી જશે.

હવે તો એમ જ લાગે છે કે સ્વરાજ્યની વાતો છોડી હરેક નેતા સામાજિક પ્રશ્ન હાથ લઇ દેશની શેરીઓ ને તેનાં અંગોનો કચરો કાઢવા લાગી જાય.

ઘડીભર એમ લાગે કે ગંગા નદીનાં પાણી બાજુના જ પ્રદેશને કાં પ્રક્ષાલે? સારા ય હિંદુસ્તાનને કાં ન ઝબોળે? ફરી આદમ ને ઇવ કાં ન અવતારે?

દુનિયા રહેવા જેવી નથી લાગતી. ઠેરઠેર–જ્યાં ન પહોંચે કલ્પના ત્યાંત્યાં પણ–પાખંડ અને પશુતા માલુમ પડે છે.

મહાન પુરુષો ગાઢા અંધકારને ભેદી પશુતા ને પાખંડનાં આ બધાં બંધનો વિદારી ને ખંખેરી પોતાનું પ્રભુત્વ સ્થાપે છે અને કાં તો જગતને છોડી હિમાલય–ગિરનારની ગુફાઓ શોધે છે.

હું નથી રહી શકતો સમાજ સાથે, નથી તેમના અવાજ સાથે મારો અવાજ પુરી શકતો, કે નથી લઇ શકતો બુદ્ધનો સંન્યાસ. શક્તિ ઓછી છે,

મુંઝવણો મોટી છે, સંસાર ખોટો છે.

મારા ગરીબ કુટુંબમાંથી, મારી નાની જ્ઞાતિમાંથી, મારા અજાણ્યુ જનસમુદાયમાંથી કેળવણી લઇ બહાર આવ્યો.

જગતને જે કેળવણી આશીર્વાદ રૂપ બની છે એ જ કેળવણી મારી વિઘાતક બની છે. નથી ભળી શકતો કુટુંબમાં કે જ્ઞાતિમાં કે મારા નાના ગામના જનસમુદાયમાં; તેમ નથી મેળ મેળવી શકતો કેળવાએલા મંડળમાં. જીવનમાં આનંદ નથી, ઉત્સાહ નથી, આશાના ચમકાર નથી, કે નથી ચેતના.

યુવકની વ્યાખ્યા બદલાવી જોઇએ. યુવક એટલે રૂદન; યુવક એટલે હૃદયની દુભાતી શગડીઓ.

હિંદુસ્તાનના યુવકોને મહત્ત્વાકાંક્ષા માટે સ્થાન કયાં ? કયું ક્ષેત્ર છે કે જ્યાં તેમની મહત્ત્વાકાંક્ષા સપ્રમાણ મૂર્ત સ્વરૂપ પકડી શકે ?

યુવક એટલે લગ્ન કરી જ લેવું જોઇએ, અને નહિતો સંસારનો અનુભવ લીધા પછી પરણવાની ઇચ્છા થાય તો એને માટે અવકાશ જ ન રહે. નવલકથાને વાચને સ્વપ્નસુંદરીઓ જોઇએ પણ તે ન જ મળે. સ્વપ્ન સિદ્ધ કરવા, થીગડાં દેવા પ્રયાસ કરીએ તો અનેક મુશ્કેલીઓ: સમાજ ને માબાપ (અને નસીબદાર હોય તો પત્ની પણ) પાછાં એવાં જ હોય. જાતીય પ્રશ્ન (Sex problem)ની અનેક મુશ્કેલીઓ, સડેલું વાતાવરણ અને સાથે જ આ પ્રશ્નો વિકટ બનાવતા સડેલા રીતરિવાજ.

આભ ફાટે ત્યાં કયાં થીગડાં દેવાય? પ્રભુ આ ભારતવર્ષનો નાશ કરતો જ નથી. હિંદુસ્તાનના વતની તરીકે ઓળખાવું એ તો મને મહાન પાપ–નામોશી જ લાગે છે.

આપણી અનિચ્છા છતાં પ્રભુ એવો કાં ક્રૂર કે આવા જ દેશમાં જન્મ આપે? અનેક વાર આપઘાત કરવાના વિચાર આવી જાય, સંકલનાઓ રચાય ને નબળાઇ સવારી કરતાં એટલેથી જ અટકે.

વૅકેશનની રજાઓ અને તેમાં ય પણ કૉલેજનાં લાંબાં વૅકેશનો મને સજા કરતાં પણ બહુ જ અસહ્ય લાગે છે.

દુનિયાના કોઇ પણ સુધારામાં—જુના કે નવામાં—નથી વિશ્વાસ, ત્યાં 'લાઇફ'નો 'ગોલ' (જીંદગીનું ધ્યેય) કયાંથી જ હોય ? ત્યાં જીવનદિશા કયાંથી જ સુઝે ? ગાંધી બાપુ ઉપર પ્રભુની મહેરબાની કે તેમને રેંટિયામાં પુરતી શ્રદ્ધા અર્પી અને એ શ્રદ્ધાને જોરે તે જીવનમાં આનંદ રાખી શકે છે.

મારે માટે નથી એકેમાં શ્રદ્ધા. એ ગાડું કયાં સુધી ચાલે ?

ધર્મમાં પણ શ્રદ્ધા નહિ. આર્યસમાજના થોડા વાચને તેની લગની લાગી. થીઓસૉફિસ્ટના સહવાસે—તેઓના પુસ્તકોના અભ્યાસે અને સહવાસીઓના જીવને તે તરફનું આકર્ષણ વધ્યું. બેએક વર્ષમાં એ શ્રદ્ધા પણ ખુટી.

કહો; આ જીવન કયાંથી જીવવા જેવું લાગે ? દુનિયાની વસ્તુઓમાં આનંદ નહિ—નવું સર્જન કરવાને નહિ શક્તિ, સાધન કે અનુકૂળ વાતાવરણ. એ જીવનમાં કયાંથી મઝા આવે ?

જ્યાંત્યાં ચોરી, લુચ્ચાઇ અને ઠગાઇ, એકબીજા તરફ અવિશ્વાસ અને પોતાના પગ બીજાને ભોગે મજબુત બનાવવાની લોલુપતા પછવાડે આંધળા પ્રયાસો. એ જગતમાં પાપથી ડરતા, ધર્મથી બીતા, શક્તિ અને ચેતન વિનાના, આશા અને ઉત્સાહ રહિત યુવકને કયાં સ્થાન ?

ખાદીભક્તોનાં ખાનગી જીવનની ઉડતી વાતો સાંભળવામાં આવે, બેસન્ટના પુજકોમાં પણ એવું જ તત્ત્વ માલુમ પડે; ત્યાં કઇ શ્રદ્ધાને જોરે જીવવું ?

જુની સમાજસંસ્થાઓ સડેલી છે એ આપણે જાણીએ છીએ, પણ આવી ધોળી સંસ્થાઓ, જેઓનો અમુક પ્રકારનો દાવો હોય ત્યાં પણ એવા જ સડાઓ જોવાય ત્યારે કયાં આશ્રય શોધવો ? કયાંથી પ્રેરણા મેળવવી ?

છાત્રાલય સંમેલનના પેન્ડોલ (મંડપ) માં રવિશંકર રાવળનું બાળકોથી ઘેરાએલું ટીખળી જીવન જોઇએ, એ આનંદ નિહાળીએ ત્યારે સહેજે આશા આવે; પણ સાંજે પેટમાં ખાડા પડે તેનું શું ?

કોના જીવનમાંથી પ્રેરણા મળે ? સાક્ષર ને કવિઓ એ બધાના જીવનની પાછલી બાજુ નિહાળીએ ત્યારે એવું જ કંઇક લાગે. કવનો જુદાં; જીંદગી જુદી. એ કવનો કયાંથી પ્રેરણાત્મક બને ?

બધી નિરાશા વચ્ચે ગાંધીજી પ્રેરણા આપે, પણ રેંટિયો ન ગમે, કડક જીંદગી ન ગમે, ગરીબાઈ ન ગમે.

લગ્ન કરવાં, વિલાસો ભોગવવા અને જીવનનો આનંદ—નિર્દોષ આનંદ માણવો આ બધા તરફ ગાંધીજી એકતરફી એટલે એ પણ નકામા.

કહો, કોણ પ્રેરણા સીંચી શકે ? કોણ આછાપાતળા લાડ લડાવી શકે ?

મહાપુરુષોની પ્રેરણા જોઇએ, પણ પાછું ચાલવું તો અમારા અભ્યાસે કહ્યું તે મુજબ; શિખામણો ને બોધપાઠો જોઇએ, પણ અમારા વિચારો વિરૂદ્ધના ન હોય ત્યાં સુધી; દવા જોઇએ પણ ખાનપાન અમે મનગમતાં જ ખાઇએ. કહો, આવો વૈદ્ય કયાં સાંપડે ?

સેવા કરવાની ભાવના ખરી પણ અમને રૂચે તેવી: થોડી સેવાએ વધુ કીર્તિ મળે તેવી. સેવા સેવાને ખાતર કરવી જોઇએ એ સૂત્ર અનેક નબળાઇઓ નથી કબુલ રાખતું.

જ્યાં સંતોષી જીવન ન હોય, સામાન્ય ખર્ચને પહોંચી વળવાની ચિંતા ઓછી ન થઈ હોય ત્યાં સેવાનાં સ્વપ્નાં કયાંથી લાધે અને સેવા કરવામાં કયાંથી આનંદ કે ઉત્સાહ હોય ? કયાંથી એ સેવાનું ફળ દેશને મળે ? કૉમ્યુનિઝમની આડીઅવળી બાજુઓ મેં નથી વિચારી કે વાંચી, છતાં સકલાતવાળાનો પયગામ સાંભળવો ગમે છે. એ કહે છે એવી વસ્તુસ્થિતિ થાય તો જરૂર ગમે.

સાથે રહી એકબીજાના અવિશ્વાસે જીવવું; એક તરફ રોટલાના ટુકડાની મારામારી, બીજી તરફ વિલાસ પાછળ લાખોનો ઉઠાવ—આ કયાં સુધી ?"

શરીર-સ્વાસ્થ્ય-સંઘ

પ્રાણવાન ને ઓજસ્વી આરોગ્ય મેળવવાની જેને લગની લાગી છે અને ફાટફાટ થતા ઉત્સાહથી ભરેલું સુદૃઢ ને પૂર્ણ
વિકસિત શરીર બાંધવાને જે તલસે છે, તથા જેમાંનું એવાં અંગ ને આરોગ્ય પ્રાપ્ત કર્યાં છે
તે સૌ આ સંઘનાં વણનોંધ્યાં સભ્યો હોઇ શકે.

¶ **અમે માનીએ છીએ કે** આપણું શરીર એ આપણી ઉમદામાં ઉમદા મિલ્કત છે.
આરોગ્ય–ધન એ જ આપણી મોટામાં મોટી થાપણ છે.
ઉત્કૃષ્ટ ને ઉલ્લાસભર્યું આરોગ્ય મેળવવાની આડે જે કાંઈ અંતરાયરૂપ થાય તે ભય સમાન છે.

¶ **અમારી માન્યતા છે કે** નિર્બળતા એ ખરેખર ગુનોહ છે; માંદગી એ બીજું કાંઈ નહિ પણ આરોગ્ય-નિયમોનો ભંગ કરવાથી થએલી સજા જ છે; અને એકેએક માણસ જોમ ને ચેતનભર્યાં પુરુષત્વની મૂર્તિ સમો બની શકે છે તથા એકેએક સ્ત્રી પણ બલવાન, સુબદ્ધ ને સુરેખ સ્ત્રીત્વના લાક્ષણિક આદર્શ સરખી પોતાની કાયા ઘડી શકે છે,—
જો તે જીવનના કાનુનોનું કડક ને એકધારૂં પાલન કરે તો.

¶ અમે માનીએ છીએ કે તેજસ્વી આરોગ્ય બાંધવા માટે આટલી વસ્તુઓ જરૂરની છે:

જ્યારેજ્યારે અને જ્યાં સુધી મળી શકે ત્યાં સુધી સ્વચ્છ હવા અને સૂર્યપ્રકાશનું સેવન; તથા ઘરમાં સંપૂર્ણ હવા–ઉજાસની પુરતી વ્યવસ્થા.

પથ્ય અને પૌષ્ટિક વાનીઓનો ખોરાક; અને તે પણ સારી પેઠે ચાવીને તથા ખરી ભુખ લાગે ત્યારે જ લીધેલો. અને જરૂર જણાયે અવારનવાર એકાદ બે દહાડાના ઉપવાસ.

કામકાજમાં, કસરતમાં, રમતગમતના અખાડામાં કે બીજે જ્યાં જરૂર પડે ત્યાં સમગ્ર શરીરના સ્નાયુઓનો પ્રમાણસર, નિયમિત અને સમજપૂર્વકનો ઉપયોગ.

સંપૂર્ણ સુઘડતા: હમેશાં (બને તો દહાડામાં બે વખત) સ્નાન;—આરોગ્યપ્રદ તાકાત માટે ઠંડા પાણીનું અને સાફસુફી વગેરે માટે ગરમ પાણીનું. જોકે વચમાં પણ જ્યારેજ્યારે વખત મળે ત્યારે શરીરને હથેળી અથવા ટુવાલ વડે મસળ્યા કરવાની ટેવ પણ ફાયદાકારક છે.

સાચી મનોવૃત્તિ: પ્રાણવાન આરોગ્ય મેળવવા માટે શુદ્ધ વિચારણા એ સબળ સાધન છે. મનોવૃત્તિ જેમ ઉત્તેજક છે તેમ વિનાશક પણ છે. એ તમારૂં ઘડતર પણ કરે, તેમ તોડી પણ પાડે.

¶ નીચેનાં મુખ્ય દૂષણો સામે અમારો કટ્ટો વિરોધ છે:

ખોટી શરમ: જે શરીરને કદરૂપું ને કાંગલું બનાવી મુકે છે અને જે જીવનનાં મુળ તત્ત્વોને વિકૃત કરી નાખે છે.

અતિઆહાર: વગર ભુખનું ખાવું; વારેવારે ખાવું; પુરૂં ચાવ્યા વિના ખાવું; અતિ સાફસુફ કરેલો અને પરિણામે અંદરનાં પોષક તત્ત્વો બળી ગએલો (દાખલા તરીકે મેંદો) ખોરાક.

બેઠાડુપણું: જેને લીધે અંગના એકેએક ભાગની ચેતના ઓસરતી જાય છે, પાચનશક્તિ અને એવી શરીરની બીજી કુદરતી ક્રિયાઓ ખોટી પડવા માંડે છે અને જે પરિણામે શરીરને ગમે તે પ્રકારના રોગનો સહેલાઇથી ભોગ થઇ પડે તેવું બનાવી મુકે છે.

દવાઓનો ઉપયોગ: રોગોના ઉપચાર માટે દવાઓના ઢીચારા લેવા એ જીવન અને આરોગ્ય બંનેનું વિનાશક છે, કેમકે દવા માત્ર ઝેરી હોય છે.

ધંધાદારી વાઢકાપ: કસરત, ઉપવાસ, ખોરાકના ફેરફાર કે એવી બીજી સલામત રીતોથી જે દરદોનો ઇલાજ કરી શકાય તેમ હોય તેને માટે પણ ધંધાદારી દાક્તરો જે વાઢકાપ કરવાની સલાહ આપે છે તે.


દારૂ તમાકુ તથા એવાં જ બીજાં માદક, ઉત્તેજક અને અકુદરતી પીણાં ને વ્યસનો: જે ભાગ્યે જ જરૂરનાં છે અને કદિ ન કળી શકાય એવી ભયંકર શક્તિ ધરાવે છે જે ધીમેધીમે શરીરને ઘસી નાખે છે.

અક્કડ પોષાક: શરીરને ચોંટી રહે એવાં કસોકસ કોટ–જાકીટ, સુરવાળ-પાટલુન, ચોળી–કમખા, ઉંચા કૉલર, સજ્જડ જોડા, ઉંચી એડીના બુટ અને એવો બીજો નડતરરૂપ પોષાક, જે લોહીના ફરવાને અટકાવે છે અને શરીરના છુટ હલનચલનમાં અડચણરૂપ થાય છે.

અતિરેક: કામકાજ કે વિનોદ બંનેમાં: જે શરીરને હણે છે, મનને મૂર્ચ્છિત બનાવે છે અને નીતિનાં ધોરણને ઢીલાં કરે છે.

('ફીઝિકલ કલ્ચર'માંથી)

આધુનિક અમેરિકનોનાં હાડ બાંધનાર
બર્નાર મૅકફૅડન



My life has at no time been a bed of roses. It could more accurately be described as almost a continuous struggle with health standing out as the most important desideratum.

Bernarr Macfadden

મારા જીવનમાં કદિ પણ મુશ્કેલીઓ ન આવી હોય એમ બન્યું નથી. એનો સાચો ખ્યાલ આપવો હોય તો મારે આમ કહેવું જોઇએ: તંદુરસ્તીને જ સૌથી વધારે અગત્યની વસ્તુ હું ગણતો હોવાથી, એ તંદુરસ્તીને વાસ્તે અવિરત લડત મારે મારા જીવનમાં લડવી પડી છે.

—બર્નાર મૅકફૅડન

અંગ્રેજીમાં કહેવત છે કે લડાઇના વખતમાં રણક્ષેત્રમાં લડનારા વીરો હોય છે, તેમ શાંતિના વખતમાં પણ ઝુઝમનારા વીરો હોય છે. આપણે એથી જરા આગળ વધીને એમ પણ કહી શકીએ કે રણાંગણના વીરો કરતાં શાંતિના વીરો વધારે પસંદ કરવા યોગ્ય છે. અને ભવિષ્યમાં દૃષ્ટિ કરીએ છીએ ત્યારે, સૂક્ષ્મ નજરને એમ ખુલ્લું જણાય છે કે વીર શબ્દ માત્ર તેવાં જ સ્ત્રી–પુરુષોને લગાડવામાં આવશે કે જેઓએ તલવાર, ભાલો કે બંદુક સરખી યે ન પકડી હોય. કારણ ઉઘાડું જ છે. લડાઈ—અથવા નગ્ન સત્ય બોલીએ તો, કાયદેસરનાં ખૂન વા કતલ—નજીકના ભવિષ્યમાં જ જગતમાંથી ઉડી જશે; અને જે અઢળક ધન દરેક દેશની સરકાર લશ્કર તેમજ દરિયાઇ કે હવાઇ કાફલા પાછળ અત્યારે ખર્ચી રહી છે, તે આજથી બે કે ત્રણ સૈકા પછી, બીજા ઓછા જંગલી અને કઢંગા હેતુઓને સારૂ ખર્ચાશે, ને આજે જેમ જુના જમાનાનાં બખ્તરો અને તલવારોને ફક્ત સંગ્રહસ્થાનોમાં જ રાખવા યોગ્ય ગણીએ છીએ, તેમ આજની યાંત્રિક તોપો ને બંદુકોનો પણ ભવિષ્યમાં તેવો જ ઉપયોગ થશે. તે વખતે લડાઈના મેદાનમાં ‘દુશ્મન’ના દસ કે પંદર નિર્દોષ સિપાઇઓનાં ‘ડોચકાં’ ઉડાવીને વિક્ટોરિયા ક્રૉસ કે આયર્ન ક્રૉસ મેળવનારને જગત હસશે; પણ જે નિ:સ્વાર્થી સ્ત્રી કે પુરુષ નાતજાત કે પંથના ભેદ સિવાય પોતાના જાતભાઇઓનું ભલું કરવાને મથશે તેને જ વીર ગણવામાં આવશે. અને વાસ્તવિક રીતે, આજે પણ તેવો જ નર ખરો વીર છે.

આજે ‘કુમાર’ના વાંચનારાઓને એક એવા શાંતિના વીર નરની કાંઈક પિછાન કરાવવાનો પ્રયત્ન અહીં કર્યો છે. એ વીર બીજો કોઇ જ નહિ, પણ વીસમી સદીની ‘શરીરમાદ્યં ખલુ ધર્મ સાધનમ્’ અને ‘ન હિ એષ આત્મા બલહીનેન

લભ્યઃ' જેવી સનાતન અને શુદ્ધ આર્યભાવનાઓની જીવંત મૂર્તિરૂપ બર્નાર મૅકફૅડન.


હિંદુસ્તાનમાં કે ગુજરાતમાં તેનું નામ છેક જ અજાણ્યું તો નથી. ઉલટું, 'કુમાર'ના વાંચનારાઓમાંથી કેટલાક તો કદાચ તેને અને તેના કાર્યને સારી રીતે પિછાને છે. છતાં યે આ લેખ અપ્રાસંગિક કે અસ્થાને નહિ જ નીવડે.

આપણા ચરિત્રનાયકના નામના 'મૅક' શબ્દથી એમ ચોક્કસ જણાય છે કે તેના બાપદાદાઓ સ્કૉટલૅંડના વતનીઓ હતા અને તેની નસોમાં એ કઠણ અને કુદરતના સાવકા પુત્ર જેવા દેશના વતનીઓનું જુસ્સાદાર લોહી વહે છે. એની વધારે સાબીતી જોઇતી હોય તો તે, મનુષ્યજાતિનાં સુખ ને તંદુરસ્તીની આડે આવતી દરેક મુશ્કેલી સામેની તેની છેલ્લાં પચીસ વરસની સખ્ત અને અવિશ્રાંત લડત છે. એવી લડત અને તેને સારૂ જોઇતાં દૃઢતા ને મક્કમપણાના ગુણો, સ્કૉટલૅંડ, સ્વિટ્ઝર્લૅંડ ને અફઘાનિસ્તાન જેવા પહાડી દેશના વતનીઓમાં જ હોવાનો વધારે સંભવ છે. અને જોકે નાના બર્નારે સૂર્યનું અજવાળું ઈ. સ. ૧૮૬૮ની સાલમાં પહેલી જ વાર અમેરિકા દેશમાં જોયું, છતાં પોતાના સ્કૉટ વડવાઓનું જાડું લોહી અને હૃદયના ઉદાત્ત ગુણો તેને વારસામાં તો મળ્યા જ હતા. નાનપણથી જ સાધારણ કેળવણી લીધી ન લીધી એટલામાં ખેતરોમાં કામ કરવાનું તેને માથે આવી પડ્યું. અમેરિકાની ખેતીથી જે માહિતગાર છે તે આ હાડમારી સહેલાઇથી સમજી શકશે. આમ, તેની ભવિષ્યની શરીર સંપત્તિ અને તંદુરસ્તીનો તથા કુદરત અને સાદાઈ પ્રત્યેના પ્રેમનો પાયો અજાણપણે જ બાળપણમાં નખાયો.

ઓગણીસમી ને વીસમી સદીનો ઇતિહાસ લખાશે ત્યારે, કલંકિત શહેરો પવિત્ર ગામડાંઓનાં ધન ને બાળકોને લોહચુંબકની માફક ઘસડતાં હતાં એમ જરૂર તેમાં સૂચન થશે, અને એ વસ્તુસ્થિતિ સારી દુનિયામાં અત્યારે દેખાય છે. શું હિંદુસ્તાન કે શું અમેરિકા,–જ્યાં જુઓ ત્યાં, ઉપરથી ચળકાટ મારતી ને દેખીતી સુખી શહેરી જીંદગીથી અંજાઇ જઇને ગામડાંનાં કેટલાં યે બાળકોએ પોતાના ઘરઆંગણના સુખનું સત્યાનાશ વાળ્યું છે. મૅકફૅડન પણ એવી જ કોઇ લાલચને વશ થઇ પંદર વરસની ઉમરે, ગજવામાં ૧૫ ડોલર (રૂા. ૪૦–૪૫)ની મુડી લઇને ન્યૂ યૉર્કમાં આવી પહોંચ્યો. પોતે જ પોતાના જીવન વૃત્તાંતમાં લખે છે કે '૧૨ વરસની એ ઉમરે પણ મારી અભિલાષાઓ મોટી હતી. દુનિયામાં કાંઇક કરી બતાવું તો જ જીવન સફળ થાય એમ મને થયા કરતું. એ અભિલાષા પાર પાડવા ગામ છોડીને શહેરમાં આવ્યો અને કોઇ ઓળખીતાની મદદથી એકાદ વેપારીની ઑફિસમાં હેરાફેરા ખાવાની તથા બીજા કારકુનો અને શેઠના ધક્કા ખાવાની નોકરી લીધી. શરીરનો પુરેપુરો વિકાસ થતાં પહેલાં આમ સવારના નવથી સાંજના પાંચ વાગતાં સુધીમાં ઑફિસમાં જ એક જગ્યાએ બેસી રહેવાથી અને શેઠની ચિઠ્ઠી કારકુન પાસે ને કારકુન કાગળિયાં આપે તે શેઠની પાસે લઈ જવાની નોકરીથી તેમજ તે વખતના પશ્ચિમના દેશોના શહેરી જીવનના કૃત્રિમ ખોરાકથી પરિણામ એ આવ્યું કે બાર મહિનામાં જ ખેતરમાં મજુરી કરીને મેળવેલી તંદુરસ્તી તો ક્યાં ય ચાલી ગઈ ને મારૂં શરીર સુકાઇને શેરડીના સાંઠા જેવું થઇ ગયું. ઉપરાંત, મારી આસપાસના લોકો છાનીછાની વાતો કરતા તે હું સાંભળતો કે મને ક્ષય લાગુ પડ્યો છે અને આ દુનિયામાં હું થોડા જ દિવસનો મહેમાન છું.'

આજે આ શબ્દો આપણને કેટલા હસાવે છે? મૅકફૅડન એટલે શરીરસ્વાસ્થ્ય અને શરીરસ્વાસ્થ્ય એટલે બર્નાર મૅકફૅડન એમ જેને માટે મનાય છે તે મૅકફૅડન અને ક્ષય એમ સાથેસાથે મુકીએ છીએ ત્યારે કેટલી નવાઇ ઉપજે છે! પણ તેનું કારણ, પોતાની ઈશ્વરદત્ત હિમત અને મક્કમતા વડે તેણે પોતાના શરીરને પાછળથી અદ્દભુત રીતે કેળવ્યું એટલું જ. શરીરનું સ્વાસ્થ્ય જાળવવામાં ૫૦ ટકા મનના ગુણોની પણ જરૂર છે, એ વાત અહીં ખાસ જણાવવી રહે છે. નૈતિક હિમત, નિયમિતતા, દૃઢતા, નિડરતા વગેરે માનસિક ગુણો શરીરસ્વાસ્થ્યને માટે કસરત અને ખોરાક જેટલા જ જરૂરના છે એ સત્ય આપણા ચરિત્રનાયકના હવે પછીના જીવનમાં પણ દેખાશે.

સૌથી પહેલાં તો ક્ષયના પંજામાં સપડાએલા મૅકફૅડને આપણા બધાની માફક ઘણા દાક્તર ને હકીમોની સલાહ લીધી ને દવાના બાટલા ઢીંચ્યા, પરંતુ



બર્નાર મૅકફૅડનની શારીરિક સંપત્તિ

એ બધાને પરિણામે ક્ષયનાં ચિહ્નો તો ન ગયાં, પણ દવા ને દાક્તર માંથી તેની શ્રદ્ધા સદાને માટે ગઈ. સારે નસીબે એ જ અરસામાં તેને એક અખાડામાં જવાનો પ્રસંગ આવ્યો. તેને લાગ્યું કે પોતે ગુમાવેલી તંદુરસ્તી અહીંથી જ પાછી મળશે તેમ છે. પણ અખાડાની ફી જેટલા પૈસા લાવવા ક્યાંથી? અને કસરત તો કોઈ પણ ઉપાયે કરવી જ હતી. પરંતુ દૃઢ નિશ્ચયને રસ્તો કાઢતાં કેટલીક વાર? બજારમાં જઈ ડમ્બેલ્સની એક જોડ વેચાતી લઈ આવ્યો ને તરત જ પેલા અખાડામાં જોએલી કસરતો કરવાનું આદરી દીધું. બર્નાર મૅકફૅડન કહે છે કે 'એ કસરતથી મારા શરીરનો મોક્ષ થયો અને એ દિવસે મારા ભવિષ્યના આખા માર્ગને અજવાળી નાખ્યો. આવા શારીરિક વ્યાયામ વિના જ મારૂં શરીર મરવા પડ્યું હતું. તેમાં જોકે એકદમ સુધારો ન જણાયો પણ હું યે ત્યારે જ જંપ્યો જ્યારે દરેક મનુષ્યમાં જેટલું વીર્ય હોવું જોઈએ તેટલું મારા શરીરમાં આવ્યું.'

પછી તો, ભવિષ્યમાં શરીરસ્વાસ્થ્યને જ પોતાનું જીવનકાર્ય ગણનાર એ પોતાના પ્રિય વિષયને લગતું સઘળું જ જ્ઞાન મેળવ્યા સિવાય કેમ જંપે? આમ એક બાજુથી શરીરસ્વાસ્થ્યનું વ્યાવહારિક તેમજ પુસ્તકીય જ્ઞાન મેળવવામાં અને બીજી બાજુથી નોકરી કરવામાં બેત્રણ વરસ નીકળી ગયાં. ૧૮ વરસની ઉમરે તેની શારીરિક સંપત્તિ એટલી તો સરસ હતી કે ચિકાગોના ચૅમ્પિયન મલ્લને તેણે કુશ્તીમાં હરાવ્યો. ત્યાર પછીનાં દસ વરસ શરીરસ્વાસ્થ્યનાં જુદાંજુદાં અંગોનો વ્યાવહારિક અને જાત અનુભવ મેળવવામાં ગયાં. જેમ, ખરો તપસ્વી તે જ છે કે જે વિકાસહેતુ હોવા છતાં યે મનથી ચલિત થતો નથી, તેમ શરીરનો તપસ્વી શારીરિક વિકારો — માંદગીઓ, અસ્વસ્થતાઓ આવતાં છતાં યે શરીર ઉપરનો પોતાનો કાબુ રાખ્યે જ જાય છે. શરીરસ્વાસ્થ્યને ધંધા તરીકે અને પોતાના જીવનકાર્ય તરીકે સ્વીકારનાર મૅકફૅડને માંદગીઓ નથી અનુભવી એમ નહિ. પણ એ માંદગીઓ દરમિયાન પોતાના શરીરની હાજતો, રૂચિઓ, ક્રિયાઓ વગેરેનો તેણે એટલી ઝીણવટથી અભ્યાસ કર્યો કે ઇ. સ. ૧૮૯૮માં જ્યારે તેણે માસિક કાઢવાનો નિશ્ચય કર્યો ત્યારે તેને સારૂ જોઈતાં અનુભવ અને જ્ઞાન તેણે સંપૂર્ણપણે મેળવી લીધાં હતાં.

માંદગીમાં આપણે બધા નિરાધાર અને નિર્બળ બની જઈએ છીએ. અને એમાં અસ્વાભાવિક કશું જ નથી. દિવસમાં ચૌદચૌદ કલાક સુધી કામ કરવાથી અને આંખોની મહેનતને લીધે, આપણા ચરિત્રનાયકને એક વખત એવો આવેલો કે આંખો જશે એમ જ તેને લાગેલું. પણ, પોતાની આંખનું તેજ

તેણે પાછું મેળવ્યું એટલું જ નહિ પણ બીજાઓ પણ એવી જ રીતે પોતાની આંખનું જતન ને સંભાળ કરે તે સારૂ પાછળથી તેણે એ વિષે એક ઉપયોગી પુસ્તક પણ લખ્યું.

'૨૫ વરસની ઉંમરે મને ત્રિદોષ લાગુ પડ્યો. છાતીમાં અસહ્ય દુખાવો અને બીજાં ચિહ્નો પણ મારા શરીરમાં દેખાવા લાગ્યાં. અત્યાર સુધી કોઇ પણ રોગને મટાડવાની મારી પાસે એક જ દવા હતી: કસરત. આ વખતે પણ મેં એ જ દવા લીધી, પણ એ નિષ્ફળ ગઈ. મારા આરોગ્ય વિષયના વાંચનમાં મેં એવું વાંચેલું કે પશુઓ જ્યારેજ્યારે માંદાં પડે છે ત્યારે ઉપવાસ કરે છે. આ રોગની અંદર મારી ભુખ મરી ગઈ હતી, એટલે મેં પણ પશુઓનું જ અનુકરણ કર્યું, અને ચારપાંચ દિવસના ઉપવાસ પછી રોગનું એકેક એક ચિહ્ન અદૃશ્ય થઇ ગયું. અલબત્ત, મારે અહીં કબુલ કરવું જોઇએ કે ઉપવાસની પહેલાં અને સાથે દોડવાની, ચાલવાની તથા બીજી જે કસરત હું કરતો હતો તેની પણ કેટલીક અસર થઇ હતી. પણ ઉપવાસ રૂપી ઔષધને મેં ઘણી વાર મારી માંદગીમાં અજમાવી જોયું છે, અને તે અસરકારક માલુમ પડ્યું છે; એટલું જ નહિ પણ સાજો હોઉં ત્યારે યે મારી આવી સરસ તંદુરસ્તીને ટકાવી રાખનાર મારા અવારનવારના ઉપવાસ જ છે.'

ઉપર જે બેત્રણ જાતની માંદગીઓ ગણાવી તે સિવાય બીજી નાનીમોટી માંદગીઓમાંથી પણ આપણા ચરિત્રનાયકને પસાર થવું પડ્યું હતું. પરંતુ એ સૌમાંથી એણે જાતે તો લાભ જ ઉઠાવ્યો છે અને જગતને પણ બનતો લાભ આપ્યો છે.

આ પ્રમાણે ૧૮ થી ૩૦ વરસની ઉમર સુધીનાં લગભગ ૧૨ વર્ષ મૅકફૅડને પોતાના જીવનકાર્યની તૈયારીમાં અને તેને સારૂ યોગ્ય જ્ઞાન તથા અનુભવ મેળવવામાં ગાળ્યાં. માંદગીમાંથી કે જીવનની બીજી મુશ્કેલીઓમાંથી યે ઉપયોગી જ્ઞાન મેળવવાની આપણામાંથી કેટલાએ ટેવ પાડી છે? આજે ૬૦ વરસની ઉમરે પણ વ્યવહારૂ જીવન અને તેની લીલીસુકીમાંથા જરૂરજોગું પકડી લઇને તેને જીવનમાં વણી દેવાની ટેવ તેનામાં રહી છે. સામાન્ય મનુષ્ય વીસપચીસ વરસની ઉમરે વકીલ કે દાક્તર, શિક્ષક કે મામલતદાર થઇને ઠરીઠામ બેસી જાય છે અને તેની ઇચ્છાઓ, અભિલાષાઓ, મહત્ત્વાકાંક્ષાઓ, આદર્શો તેમજ તેની રહેણીકરણી ને મર્યાદાઓ બંધાઇ જાય છે. નિશાળે શીખ્યા હોઇએ છીએ અને હિંદુ સમાજ તે શિક્ષણને પુષ્ટિ આપે છે કે 'A rolling stone gathers no moss' (ગબડતા પથ્થર ઉપર લીલ બાઝતી નથી.) પણ જે તળાવ ઉપર લીલ બાઝે છે તેના પાણીની સ્થિતિ આપણે જાણીએ છીએ. એના કરતાં લીલ વગરના પણ ગબડતા પથ્થર થવું વધારે સારૂં છે. જીવનના મેદાનમાં હમેશાં ગબડતો જ પથ્થર શરીરથી ને મનથી દુરસ્ત રહે છે. એ મેદાનની ઉંચીનીચી જમીન પર ભાટકી, ખાડાખૈયાની ઠોકરો ને આંચકા ખાઇ તે પથ્થર જ સાચું જ્ઞાન મેળવે છે, અને કદાચ પૈસે નહિ પણ સંતોષથી તો જરૂર સુખી બને છે.

આખરે મૅકફૅડનના જીવનનો સૌથી વધુ યાદગાર સમય—ઈ. સ. ની ૧૮૯૮ની સાલનો નવેંબર મહિનો આવી પહોંચ્યો કે જ્યારે, લગભગ આ માસિકના જ કદનું ને ફક્ત ચાર જ પાનાનું એક ફરફરિયું—Physical Culture (ફીઝિકલ કલ્ચર)ના નામ હેઠળ ન્યૂ યૉર્કમાં પ્રસિદ્ધ થવા માંડ્યું. શા કારણથી અને કેવા સંજોગોમાં તે પ્રસિદ્ધ કરવામાં આવ્યું તે તથા તેનું ભવિષ્યનું વૃત્તાંત તેના જન્મદાતાએ પોતે જ લંબાણથી પોતાની સાદી ને સચોટ બાનીમાં લખ્યું છે, પણ તે હકીકત લાંબી હોવાથી અહીં ઉતારી શકાય એમ નથી. આજથી લગભગ ૩૦ વરસ ઉપર એક સૂચિપત્ર રૂપે પ્રસિદ્ધ થએલા અને મૅકફૅડને શોધી કાઢેલું કસરતનું એક યંત્ર ખરીદનારને મફત આપવામાં આવતા એ માસિકની આજે દસ લાખથી વધારે નકલો ખપે છે અને દુનિયાની દિશાએ દિશામાં એનો સંદેશો ઓછોવત્તો અવિરત પહોંચાડ્યા કરે છે. ત્યાર પછી એનું જોઇને એ જ પ્રકારનાં ઘણાં યે માસિકો દેશપરદેશમાં નીકળ્યાં છે. પણ તેમનો પિતા તો 'ફીઝિકલ કલ્ચર' જ ગણી શકાય.

'ફીઝિકલ કલ્ચર'ની પ્રસિદ્ધિ ને વિકાસની સાથે તેના જનકની પ્રસિદ્ધિ ને વિકાસ પણ અદ્ભુત અને ગાઢ રીતે સંકળાએલાં છે. કેમકે જે શાંતિના વીર તરીકે તેને આ લેખની શરૂઆતમાં ઓળખાવ્યો, તેવા



બર્નાર મૅકફૅડન : 'ફીઝિકલ કલ્ચર' અને બીજાં માસિકો તથા પત્રોના તંત્રીપદે પોતાની ઑફિસમાં

વીર તરીકેનો તેનો જન્મ હવે જ થયો. એની અનેક બાજુઓ છે, પરંતુ હવે પછીના તેના જીવનવૃત્તાંતના જુદીજુદી દિશાઓના વિચારે ભાગલા પાડી શકાય એવું નથી. એક અસાધારણ પ્રસિદ્ધક (પ્રકાશક) અને તંત્રી તરીકે, પિતા ને પતિ તરીકે, સમાજસેવક તરીકે ને સૌથી છેલ્લે પણ સૌથી શ્રેષ્ટ તો એક ચારિત્ર્યશાળી વ્યક્તિ તરીકે મૅકફૅડન હવે ધીમેધીમે જગત આગળ રજુ થાય છે. પ્રસિદ્ધક તરીકે એકલું 'ફીઝિકલ કલ્ચર' જ નહિ પણ આજે આશરે ૧૨ માસિકો અને બે દૈનિકો મારફતે, લોકોની વાંચનની ભુખ તેણે ભાંગી રહ્યો છે. ઉપરાંત, ૮ થી ૧૦ પુસ્તકો પણ તેણે પોતે અથવા કોઇ અનુભવી દાક્તરની મદદથી લખ્યાં છે. એ સૌમાં નીચેનાં ત્રણ પુસ્તકો વધારે આગળ પડી આવે છે, જેને માટે તેના વર્તમાન તેમજ ભવિષ્યના વાચકો હમેશને માટે આભારી રહેશે. (1) Manhood & Marriage મૅનહૂડ ઍન્ડ મૅરેજ–પુરુષત્વ અને લગ્ન (2) Womanhood and marriage વૂમનહૂડ ઍન્ડ મૅરેજ–સ્ત્રીત્વ અને લગ્ન (3) Encyclopaedia of Physical Culture એન્સાઇક્લોપીડિયા ઑફ ફિઝિકલ કલ્ચર–શરીરસ્વાસ્થ્ય સર્વસંગ્રહ. ત્રીજો ગ્રંથ જગતભરના સાહિત્યમાં આજ સુધી એકાકી જ છે એ વાત નોંધવા જેવી છે.

આ બધાં પ્રસિદ્ધિકાર્યમાં તેણે પૈસાના લોભને ગૌણ જ રાખ્યો છે, એ મૅકફૅડનના ચારિત્ર્યનો એક પ્રસિદ્ધક તરીકેનો વિશિષ્ટ અને વખાણવાલાયક ગુણ છે. 'મધર ઇન્ડિયા' જેવાં જુઠાણાંથી ભરેલાં અને માત્ર પૈસા કમાવાના ઉદ્દેશવાળાં અનેક પુસ્તકો પશ્ચિમના દેશોમાં પ્રસિદ્ધ થાય છે. ધાર્યું હોત તો તે રસ્તે મૅકફૅડન પણ જઈ શક્યો હોત. પરંતુ ગમેતેવાં પુસ્તકોનાં વેચાણમાંથી પૈસા રળવાની લાલચને તેણે આઘી ધકેલી મુકી છે, એટલું જ નહિ પણ પોતાના કાર્યાલયમાંથી પ્રસિદ્ધ થતાં સામયિકોમાં જુઠી અને લોકોને ફસાવનારી જાહેરખબરો નહિ લેવાની શરૂઆત પણ તેણે જ કરી છે. અને 'ફીઝિકલ કલ્ચર'ના વાંચનારાઓને તો તે એવી બાંહ્યધરી પણ આપે છે કે તે માસિકમાં આવતી જાહેર ખબરોની વસ્તુઓની ખાત્રી કર્યા સિવાય તે જાહેર ખબર લેવાતી નથી. ઉપરાંત, દાક્તરોનાં અજ્ઞાન અને ખોટી નીતિ, ત્યાંની સ્ત્રીઓની ખોટી રહેણીકરણી, રસી મુકાવવાની ગંદી રૂઢી અને એવીએવી કેટલી યે સામાજીક બદીઓ વિરૂદ્ધ પોતાના મુખ્ય માસિકમાં તેણે સખત લડત ચલાવી છે. એને માટે ત્યાંના એક

છુપા રાજ્યદ્વારી મંડળ-Klu Klux Klan-તરફથી તેનો જાન લેવાની ધમકી પણ આપવામાં આવેલી. તેનો જવાબ તેણે બીજે જ અઠવાડિયે ભારે હિંમતથી આપ્યો હતો. આપણાં માસિકો, સાપ્તાહિકો અને દૈનિકોના તંત્રીઓ ને મંત્રીઓ પોતાનાં પત્રોમાં આવતી જાહેર ખબરોને વિષે છાતી પર હાથ મુકીને મૅકફૅડનની માફક ખાત્રી આપી શકે છે?

પણ પ્રકાશક તરીકે મૅકફૅડનની સેવા આટલી જ નથી. એકલા 'ફીઝિકલ કલ્ચરે' જ પુસ્તક ને માસિક પ્રસિદ્ધિમાં જે નવી ભાત પાડી છે તે વિગતવાર બતાવવું હોય તો એક મોટો લેખ લખવો પડે. તો પછી તેનાં 'નેશનલ બ્રેઇન પાવર', 'મૂવી વીકલી', 'ટ્રુ સ્ટોરીઝ મૅગૅઝિન' વગેરે રસિક સામયિકોએ જે નવી દિશાઓ ખોલી છે તે વિષે તો અહીં ઇશારો જ કરીને સંતોષ માનવો પડે.

મૅકફૅડનના અંગત જીવનની જે હકીકત ઉપર આપવામાં આવી છે તેમાં તેના લગ્ન સંબંધી કશું જ કહ્યું નથી. એના લગ્નસંબંધે એના જીવનમાં બહુ અગત્યનો ભાગ ભજવ્યો છે, એટલું નહિ પણ એના જીવનનું એ અંગ દરેક સ્ત્રી-પુરુષની આંખ ઉઘાડે તેવું છે. 'ફીઝિકલ કલ્ચર'ની શરૂઆત થયાં પહેલાં ઈંગ્લંડમાં શરીરસ્વાસ્થ્ય ઉપર એક વ્યાખ્યાનમાળા આપવા માટે તેને બોલાવવામાં આવ્યો હતો. તે વખતે ઈંગ્લંડમાં જ એક કસરતી સ્ત્રીની સાથે તેને પ્રસંગ પડ્યો. અને બંનેને એક જ વિષયમાં રસ હોય પછી બીજા કયા પરિણામની આપણે આશા રાખવી? તરતમાં તો મૅકફૅડન પોતાનું કાર્ય પુરું કરીને સ્વદેશ પાછો ફર્યો, પણ બંને એકબીજાને સાચા પ્રેમથી ચહાતાં હોવાથી થોડા જ વખતમાં પેલી બાઇ ઈંગ્લંડ છોડી મૅકફૅડનની સાથે લગ્ન કરવા સારૂ અમેરિકા ગઇ. એ વાતને આજ લગભગ પચીસ વરસ થઇ ગયાં છે. પતિપત્ની બંને એટલાં જ હેતાળ, તંદુરસ્ત અને આનંદી છે. લગ્નસુખની એક સાબિતી બાળકો છે. તે દૃષ્ટિથી જોતાં મૅકફૅડનનું કુટુંબ નમુનેદાર ગણાય; અને તેનાં મુખ્ય માણસો મિ. અને મિસિસ મૅકફૅડન નમુનેદાર દંપતી છે એમ કહેવું પણ બીલકુલ આતશયોક્તિભર્યું નથી.

તેમના લગ્નજીવનના બીજા ગૂઢ પ્રસંગો ને પતિપત્ની તરીકનું જીવન તો આપણે જાણી શકીએ નહિ, પણ એક બાબત અહીં ખાસ નોંધવા જેવી છે. આ લગ્નના ફળ તરીકે મૅકફૅડનને આજથી ચારપાંચ વરસ અગાઉ સુધીમાં ૬ પુત્રીઓ થએલી, તેથી સ્વાભાવિક રીતે જ એક પુત્રની આશા માતપિતા બંનેને થએલી. પરિણામે મૅકફૅડને સંતતિનિયમન (Sex-determination) વિષે પુષ્કળ વિચાર કરવા માંડ્યો. પોતાના હમેશના રિવાજ મુજબ તે સંબંધે જેટલું લખાયું હતું તેટલું તેણે વાંચી જોયું. એ પછી ખુબ વિચારને અંતે તેણે સંતતિનિયમનનો શાસ્ત્રીય નિયમ નક્કી કર્યો. તે જાણવો હોય તેણે 'ફીઝિકલ કલ્ચર'ના ૧૯૨૨ના માર્ચ તથા એપ્રિલના અંકો વાંચવા. એ નિયમ પ્રમાણે ૫૪ વરસની ઉમરે મૅકફૅડનને ત્યાં પુત્રનો જન્મ થયો. પણ કમનસીબે મૅકફૅડનના પોતાના જ કહેવા મુજબ હદ ઉપરાંત કસરત કરાવવાથી તે બાળક દોઢ વરસની ઉમરે મરી ગયો. પતિપત્નીનાં દુઃખ અને નિરાશાની કલ્પના વાંચનારાઓએ જ કરી લેવી. પણ બેત્રણ વરસ પછી ફરીથી ઇશ્વરે સામું જોયું અને આજે ૮-૧૦ મહિનાનો એક પુત્ર પાછો મૅકફૅડન કુટુંબમાં અવતર્યો છે. આમ સંતતિનિયમનના પ્રત્યેક નિયમ અને ઉપાયની પોતાની જાતના સંબંધમાં જ પહેલી અજમાયશ કરી જોવાની જે નીતિ તેણે અખત્યાર કરી તે જ નીતિ તેણે પોતાના બધા પ્રયોગો અને ઉપદેશને વિષે પાળી છે. એટલે ઉપવાસ કે દુધ, ચારિત્ર્ય કે નીતિ, એમ જીવનના કોઇ પણ પ્રશ્ન ઉપર તેણે જ્યારેજ્યારે કાંઈ પણ વિચાર પોતાનાં માસિકોમાં આગળ કર્યો છે ત્યારે, પહેલાં તો જાત અનુભવથી તેણે તેમને કસી જોયા છે અને જ્યારેજ્યારે પોતાની ભુલ થઇ છે (દાખલા તરીકે પોતાના પહેલા પુત્રને કસરત કરાવવામાં) ત્યારેત્યારે તેણે બહુ જ નિખાલસપણે તે કબુલ કરી છે. એવા શુદ્ધ નિષ્ઠાવાળા વિચારકનાં કેટલાંક વિચારરત્નો આપી આ લેખની સમાપ્તિ કરીશું.

'આપણું આ હાડમાંસ ને રૂધિરથી બનેલું શરીર એ એક અદ્ભુત યંત્ર છે. મનુષ્યને હાથે શોધાએલા કોઇ પણ યંત્ર કરતાં એની ક્રિયાઓ અને યાંત્રિક રચના વધારે ચમત્કારિક છે. તેથી એ શરીર તરફ



બર્નાર મૅકફૅડનનું કુટુંબ

માનથી તો શું પણ સંપૂર્ણ પૂજ્યભાવથી જોતાં આપણે સૌએ શીખવાનું છે. એટલે સૌથી પહેલાં તો આપણા મનની અંદર શરીર પ્રત્યે માન ને પૂજ્યભાવ હોય તો જ શારીરિક વિકાસ સંભવે. તે ઉપરાંત પણ બીજા ઘણા માનસિક ગુણોની જરૂર તેને સારૂ રહે છે: જેવા કે ઉલ્લાસ, નિડરતા, નિયમિતતા. અને એ ગુણો શરીરનાં સ્વાસ્થ્ય ને આરોગ્ય હોય તો જ ટકી શકે છે.'

આરોગ્ય વિષે એ કહે છે 'મારી બુદ્ધિને એમ લાગે છે કે જાગતીજોધ તંદુરસ્તી એ જીંદગીનું મોટામાં મોટું ધન છે. એ ધન મેળવવાને ગમે તેટલા ને ગમે તેવા ભોગ આપવા પડે તો પણ તે ઓછા જ છે. એ ધનનું વ્યાજ બાર મહિને કે છ મહિને નહિ પણ દરરોજ અને રોકડેથી મળે છે.'

એ તંદુરસ્તી રૂપી ધન પ્રાપ્ત કરવાને અનેક પ્રયોગો એણે જાતે કર્યા છે અને જુદીજુદી પ્રકૃતિ તથા શારીરિક શક્તિવાળા મનુષ્યોને સારૂ જુદીજુદી કસરતોની તેણે વારંવાર ભલામણ કરી છે. આ જ સ્થળે કહી દેવું જોઇએ કે દરેક મનુષ્ય મોટો મલ્લ કે મુક્કાબાજ થાય એમ મૅકફૅડન નથી ઇચ્છતો, પણ દરેકદરેક સ્ત્રી પુરુષ અને બાળક, પોતાની જીંદગીનાં બધાં કામો કરવા પુરતી તંદુરસ્તી મેળવી રહે એટલું જ તે માગે છે.

'ફીઝિકલ કલ્ચર'ની એક વિશિષ્ટતા એ છે કે તેમાં આવતા લેખો જુદાજુદા વિષયોના ઉસ્તાદોને હાથે ભાગ્યે જ લખાય છે. આપણા જેવા સામાન્ય મનુષ્યો, જેમણે મૅકફૅડનની માફક તંદુરસ્તીને એક વખત ગુમાવીને પાછી મેળવી છે તેઓ જ તેમાં જાત–અનુભવના લેખ આપે છે.

જુદાંજુદાં મનુષ્યોને માટે જુદીજુદી કસરતો હોય છે, પણ એક કસરત તો દરેક મનુષ્ય, પછી તે માંદો હોય કે સાજો, સ્ત્રી હોય કે પુરુષ, વૃદ્ધ હોય કે યુવાન—સૌ કોઇ કરી શકે છે: અને તે ચાલવાની કસરત છે. વાચકોને જાણીને નવાઇ લાગશે કે મૅકફૅડન ચાલવાને કસરતમાં મુકે છે. એકલી કસરત જ નહિ, પણ ચાલવું એ તો કેટલા યે રોગની દવા પણ છે, એમ તે માને છે. ન્યૂયૉર્કમાંના તેના રહેઠાણથી ૧૭

માઈલ દૂર પરાંઓમાં તેની ઑફિસ છે ત્યાં તે અઠવાડિયામાં એ વાર જાય છે ત્યારે ચાલીને જ જાય છે. ચાલવા વિષે એના થોડા જ વિચાર અહીં ઉતારીએ:

'કોઈ કસરતબાજ (ઍથલેટ)ને લડવાની કે શરતમાં ઉતરવાની તૈયારી કરવી હોય તો તે પુષ્કળ ચાલીને કરે છે. શરીરની દરેક ક્રિયાને ચાલવાથી ઉત્તેજન મળે છે. શરીરને એકલાને જ નહિ, પણ મગજને પણ ચાલવાથી ઉત્તેજન મળે છે. હું જે લેખો લખું છું તેમાંના ઘણાખરાની યોજના હું ચાલતાંચાલતાં કરી નાખું છું. તમને કોઇ સવાલ નડતો હોય, કોઇ વિષયની ગુંચ તમે ન ઉકેલી શકતા હો તો બીડી પીશો મા, ચ્હા કે કૉફી પણ લેશો મા; પણ ચારપાંચ માઇલ ચાલી નાખજો; ને તમારૂં મગજ સ્વચ્છ બની જશે.' *

પણ આ બધાંની સાથે, હિંદીઓને ખાસ રૂચે એવી વસ્તુ તો એ છે કે શારીરિક નિયમોને તેણે ધર્મથી જુદા પાડ્યા નથી. એ વિષેના એના શબ્દો જેટલા સુંદર છે તેટલા જ સ્પષ્ટ છે અને એ શબ્દોથી જ આ અદ્ભુત વ્યક્તિની આછી પિછાન પુરી કરીશું. એ શબ્દોને આપણે તેના જીવનસંદેશ તરીકે માનીએ તો તે જરા યે ખોટું નથી.

'We must recognize the stupendous intelligence that has created and controls the human body. The most monumental human intellect connot tell you how the baby grows in the womb of its mother, and this Almighty Intelligence also controls the human body throughout its entire life. We should work in harmony with this Almighty force. We should learn to interpret natural law, another name for God's law.

(જે પરમ બુદ્ધિએ આ શરીર ઉત્પન્ન કર્યું છે અને જે એને ચલાવે છે તેને આપણે ઓળખવી જોઇએ. ઉચ્ચમાં ઉચ્ચ બુદ્ધિવાળો મનુષ્ય પણ નથી કહી શકતો કે માતાના ગર્ભમાં બાળક કેમ વિકાસ પામે છે. પણ જે પરમ શક્તિ માતાના ગર્ભમાં તેની સંભાળ લે છે તે જ પરમ શક્તિ, તેને તેની આખી જીંદગી દરમિયાન ચલાવે છે. એ પરમ શક્તિની સાથે એકસૂર રહીને આપણે જીવન ગાળવું જોઇએ. કુદરતના કાનુન –એટલે બીજું કશું જ નહિ પણ ઈશ્વરના કાનુન–નો સાચો અર્થ કરતાં આપણે શીખવાનું છે.)

બાબુરાવ ગ. ઠાકોર

* ચાલવાનું તો આખું શાસ્ત્ર એણે વર્ણવ્યું છે, પણ આ લેખમાં તેના નિયમો વગેરે આપતાં ઘણી જગ્યા રોકાઇ જાય, માટે આટલેથી જ તે વિષયને બંધ કરી દઇશું. જેમની ઈચ્છા વધારે જાણવાની હોય તેમણે 'ફીઝિકલ કલ્ચર'નો ૧૯૨૧નો નવેંબરનો અંક જોઇ જવો. ઉપરાંત, મૅકફૅડને હમણાં જ Walking Cure નામનું પુસ્તક બહાર પાડ્યું છે તે વાંચવું.

કલાકાર શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી


આ અંકમાં પ્રકટ થએલું 'વિસ્મૃત દેવો'નું ચિત્ર સરજનાર એ બંગાળી ચિત્રકારે હજી જીવનની ત્રીસ દીવાળીઓ તો પુરી જોઇ નથી ત્યાં તો અનેક સિદ્ધ કલાકારોની વચ્ચે એણે પોતાનો કીર્તિકલશ સ્થાપ્યો છે, અને આજે એ મદ્રાસની કલાશાળામાં ચિત્રકલાના આચાર્યસ્થાને છે.

કલાસર્જનમાં પ્રાચીન કે અર્વાચીન સૃષ્ટિની બાધા તેને નડતી નથી. પૌરાણિક પ્રસંગોને તે ભાગ્યે જ હાથમાં લે છે. પહાડી કન્યા કે વિચારમગ્ન સુંદરી, અથવા ચોમાસાની ઝડીમાં ભીંજાતું ગાડું કે જમાનાની કરચલીઓથી અંકિત મુખવાળો વૃદ્ધ પણ કકડધસ કાબુલી—એવાંએવાં તેનાં ચિત્રનાં પાત્રો છે. એકાદ જીર્ણ દેવાલય, પડેલી દીવાલ કે ઝાડની ઘટા એની ચિત્રભૂમિકા માટે બસ છે. એનાં ચિત્રોમાં લાંબી કથા હોતી નથી. એ તો માત્ર એકબે સૂચનો પર જ કલ્પનાને રમતી મુકે છે. નયનરંજકતામાં તેનાં ચિત્રો કદિ દોષ બતાવતાં નથી.

પણ એ એકલા ચિત્રકલાના જ ઉપાસક નથી. તેને પુછો તો કહેશે કે તેની પ્રિય કલા તો મૂર્તિવિધાન છે. એકાદ બાલિકા જુએ કે તેની આંખ ઠરી જાય છે અને 'બસ એ મસ્તક મારી આંગળીઓથી ઘડું' એમ જપ માંડે છે.

બંગાળના એક લુપ્તવૈભવ જાગીરદારના એ પુત્ર છે છતાં સ્વબળથી અને અતિ ઉદ્યોગથી પિતાને વૈભવની ખોટ ન જણાવા દેવાની પિતૃસેવામાં રત રહે છે. અવિવાહિત છે, એટલે કંઇક કન્યાના પિતા આવા જમાઇની ઉમેદવારી કરતાહશે.

કલાકારો નાજુક અને નરમ પ્રકૃતિના જ હોય એવું આપણે સામાન્ય રીતે માનીએ છીએ; પણ શ્રી દેવીપ્રસાદને જોતાં તમારો એ ખ્યાલ ઉડી જાય. આરોગ્યના ફુવારા ઉછાળતો એ ભીમકાય જુવાન સારા મલ્લને પણ પડકાર દેતો લાગે. એક વાર એક બંગાલ સુંદરીને અપમાન કરતા બે સોલ્જરો પર એના સ્નાયુ ઝુઝેલા અને એ અંગ્રેજ ટૉમીઓની ઠીક મહેમાની કરેલી! પાસે જ ઉભેલો પોલિસ કમિશ્નર પણ એની એ મુક્કાબાજી જોઈ ખુશ થઈ ગએલો અને 'ચલાવ'ના શબ્દોથી વધાવી લીધેલો. વ્યાયામ એ તેનો એકાંતિક શૉખ છે.




વિસ્મૃત દેવો

ચિત્રકાર : શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી

(લેડી તનુમતી ચીનુભાઇના સૌજન્યથી)

આર્ય દેવતાઓ આજ વિસરાઇ ગયા છે. જે સત્ત્વોની કલ્પના અને ઉપાસનાએ આર્ય જીવનને ભવ્ય અને પ્રભાવશાળી બનાવ્યું તેની છાયા સુદ્ધાં આજે લુપ્ત થઇ છે. હિમાલયનાં દુર્ગમ અસ્પર્શ્ય હિમશિખરોની પૂનિતતા અને કાંતિમાંથી શિવસ્વરૂપ સર્જનાર અને ઉપવનોની પરમ શાંતિ સમી બુદ્ધદેવની મૂર્તિના વિધાતા આત્માઓ પામર નહોતા. જગતની શક્તિઓને દેવીઓ રૂપે આરાધનાર અને આવાહન કરનારનાં વ્રત પ્રાણ સાટે પળાયાં હતાં. એ સત્ત્વો આજે વિસરાતાં છતાં એમનો પ્રભાવ લેશમાત્ર ઘટયો નથી. ઘટયાં હોય તો તેનાથી વિમુખ થએલાંઓનાં તેજ. આજ એ સત્ત્વોની ખંડિત મૂર્તિઓ પણ પડીપડી જોનારની આંખને કંઇકંઇ સંદેશ આપી રહી છે; એ પત્થરોની પણ વાચા સબળ અને પ્રેરક બની રહી છે.



કચ્છનો ખેડુ

ફોટો : છગનલાલ મોરારજી બનિયા

મે ના કુ મા રી

ગંગાકિનારે ખોબા જેવડું બિઠુર ગામ છે. કાનપુરના શેઠશાહુકાર અને અમલદારો બિઠુરમાં હવેલીઓ બાંધીને રહ્યા છે. પુનાના પદભ્રષ્ટ પેશ્વા નાનાસાહેબનો રાજમહેલ બિઠુરમાં છે. એ રાજમહેલ સામે કાનપુરનો ગોરો સરદાર જનરલ હે રહે.

હે સાહેબને એક દીકરી. નામ મેરી. અગિયાર વરસની ઉમર. એકની એક મેરી ઉપર હે સાહેબને દીકરા જેટલું હેત. આખી અવસ્થા સમરાંગણમાં વીતાડનાર હે સાહેબ કઠણ કાળમીંઢ જેવો લાગતો; પણ મેરીને જોઇને એનું કાળજું કમળ જેવું કોમળ થઈ જતું. મેરી એનો શ્વાસ ને પ્રાણ: મેરી એની જીવાદોરી હતી.

નાનાસાહેબની લાડકવાઇ દીકરી મેના: મેરીની ગોઠણ. મેરી મેનાને મહેલે જાય, મેના મેરીને બંગલે જાય. મેરી મરાઠી બોલી જાણે, મેના અંગ્રેજીમાં વાતો કરે. બેય સાથે રમે, સાથે ભણે. વરસ દિ'માં તો સગી બેન જેવાં ગોઠીપણાં થઇ ગયાં. એક દિ' છુટાં રહે તો અકળાઇ જાય.

એમાં હે સાહેબે રજા લીધી. છ મહિનાની રજા. હવાફેર કરવા વિલાયત ચાલ્યા. મેરી તો સાથે જ હોય ને? મેનાને મુકીને જવું મેરીને ગોઠતું નથી. પણ ઘરડા બાપની સંભાળ કોણ રાખે? હૈયું કઠણ કરીને મેરી સાબદી થઇ. મુંબઈના બારા સુધી મેના વળાવવા ગઇ.

મેરી આગબોટમાં બેઠી. મેના કાંઠે ઉભીઉભી જોઇ રહી છે. સ્ટીમરનું ભુંગળું વાગ્યું ને ઘરરરર ઘરરરર લંગર ખેંચાણાં. બેય બેનપણીની ચાર આંખ એક થઈ ગઇ છે. સ્ટીમર ઉપડી. મેનાની આંખમાંથી મોતી ખર્યાં; મેરીએ રૂમાલમાં મોઢું સંતાડી દીધું!

૨

સોમવાર આવે ને મેના ટપાલની રાહ જુએ. મેરીનો કાગળ હોય જ. એકકેય ટપાલ ખાલી નથી જતી. વિલાયતની વાતો વાંચીવાંચીને મેનાકુમારી ગાંડી થઇ ગઈ. નાનાસાહેબને કહે મારે વિલાયત જવું. નાનાસાહેબે આવતે વરસે જવાનું વચન દીધું. મેનાએ તો કાગળમાં લખી નાખ્યું કે આવું છું; વિલાયત જોવા આવું છું.

વળતી ટપાલમાં વિલાયતનો કાગળ આવ્યો. મેનાએ હરખભેર ફોડ્યો. પણ ચાર અક્ષર વાંચ્યા ત્યાં મોઢા ઉપરથી હરખ ઉડી ગયો. હાથમાંથી કાગળ પડી ગયો. આંખે અંધારાં આવી ગયાં. આંખે હાથ દઇ મેના રોઇ પડી. આખું ઘર ભેગું થઇ ગયું. નાનાસાહેબ દોડ્યા આવ્યા. શું થયું કોઇને ખબર નથી. પુછે એનો જવાબ મળે નહિ. બસ રોયા જ કરે. નાનાસાહેબે કાગળ જોયો–વાંચ્યો. બે ચિઠ્ઠી હતી. એક હે સાહેબની ને બીજી મેરીની. હે સાહેબે લખ્યું'તું 'ચાર દિ'ના તાવમાં ઈશ્વરે તારી ગોઠણને ઉપાડી લીધી છે. મારૂં રાંકનું રતન ચોરાઇ ગયું છે. એણે મરણ પથારીએથી તને લખેલો પત્ર આ સાથે છે. તું રો તો તને મારા સમ છે.'

નાનાસાહેબને ય લાગી આવ્યું. આખું ઘર ઉદાસ થઇ ગયું. મેનાને મહિના સુધી અનાજ ન ભાવ્યું. રાતે નિંદર ન આવી. હવે મેરી ફરી વાર નહિ જ મળે એ વિચાર આવતાં એનું કાળજું ચીરાઈ જતું. એમ કરતાંકરતાં બે વરસ વીતી ગયાં.

૩

૧૮૫૭ની સાલ આવી. નાનાસાહેબના મહેલની ટોચે ભૈરવ બોલવા માંડી. આખા દેશમાં દાવાનળ સળગ્યો. દેશી સિપાઇઓ ગોરા લશ્કરને ગોળીએ દેવા માંડ્યા. કંપની સરકારનાં મુળિયાં ઉખેડી નાખવા સૌ તૈયાર થઇ ગયા. મીરત, અલ્લાહાબાદ, કાશી, દિલ્હી, ઝાંસી એમ ચોમેર જુદ્ધ મંડાણાં. ગોરાને દીઠો ન મુકે. ઘડીભર એમ થઈ ગયું કે અંગ્રેજી રાજ્ય આથમી જશે. નક્કી ભુક્કા નીકળી જશે.

કાનપુરમાં પણ વા વાત લઇ ગયો. ત્યાંનું હિંદી લશ્કર ફરી ગયું. અંગ્રેજ સૈન્ય હવા ખાવાના બંગલામાં પેસી ગયું ને ગઢ માથે તોપો ગોઠવી દીધી.

નાનાસાહેબને જાણ થઇ. તરત પોતાના લશ્કરને

અંગ્રેજોની મદદે મોકલ્યું. અંગ્રેજ સરદારના કુટુંબને પોતાના મહેલે મોકલી દેવા લખ્યું અને સિપાઇઓને શાંત પાડવા પંડે નીકળી પડ્યા.

નાનાસાહેબનું વાર્યું કોઈ ન રહ્યું. આખું લશ્કર અંગ્રેજ ઉપર તુટી પડ્યું. બંગલો ઘેરી લીધો. અંદરનાં માણસો તરસ્યે મરવા માંડ્યાં, તો ય બહાર નીકળવા દેતા નથી.

અને અંદરના સોલ્જર પણ સૌ શૂરવીરના બેટા છે. ધડાધડ ગોળીઓ છોડે છે. પાસે છબવા દેતા નથી. મરતાંમરતાં હસતા જાય છે. પણ હવે ઝાઝી વાર ટકાય એવું નથી. છેવટની ઘડી આવી પહોંચી છે.

નાનાસાહેબ અંગ્રેજને મદદ મોકલવાની તૈયારી કરે છે, ત્યાં સેનાપતિ નીલનો કાગળ આવ્યો. નીલ સાહેબ લખે છે કે 'આ બધાં કારસ્તાન તમારાં છે. હું એનો બરાબર બદલો લઇશ. યાદ રાખજો.'

નાનાસાહેબને પગથી તે માથા સુધી લાગી ગઈ. કાગળના ચીરેચીરા કરી નાખ્યા. ગુણને માથે અવગુણ! એકદમ ટોપ ને બખ્તર ચડાવ્યાં. ઘોડેસવાર થઇને કાનપુર પહોંચ્યા. સૈન્યને મોખરે થઇ ગયા. નાનાસાહેબને જોયા ને બધા હરખઘેલા થઇ ગયા. એક જણાએ ટોપી ઉંચી કરીને નાનાસાહેબ પેશ્વાની જય બોલાવી. લશ્કરે જય ઉપાડી લીધી. આભમાં કડાકા બોલ્યા. અંદર અંગ્રેજોએ જાણ્યું કે નવું સૈન્ય આવ્યું: મરાણા. સરદાર ડાહ્યો હતો. નાનાસાહેબ ઉપર ચિઠ્ઠી લખી. 'જો જીવતા અલ્લાહાબાદ પહોંચાડો તો બધો દારૂગોળો ને કાનપુર સોંપી દઇએ.'

નાનાસાહેબ કબુલ થયા. હથિયાર મ્યાન થયાં. લશ્કર પાછું વળ્યું. અંગ્રેજ સ્ત્રીપુરુષોને કેદ કરીને ઉપાડ્યાં. નાનાસાહેબ તો સીધા મહેલે પહોંચી ગયા. અંગ્રેજોને સુખરૂપ અલ્લાહાબાદ પહોંચાડવાની તજવીજ કરે છે ત્યાં એક ઝનુની સરદાર આવ્યો. સાથે અંગ્રેજ બાળકો ને સ્ત્રીઓ. મહેલના ચોકમાં બધાંને હારબંધ ઉભાં રાખ્યાં. એને નાનાસાહેબ પાસેથી ઇનામ લેવું'તું. શું કરીને? આ બધાંની કતલ કરીને!

બધાંને ભગવાન સંભારી લેવાનું કહી દીધું. તલવાર ઉપાડી. બાળકો થરથર કંપે છે. માતાઓ છોકરાં પહેલાં મરવા ડોક લંબાવે છે. સૌની આંખમાં આંસુ ભર્યા છે. માત્ર એક ખુનીની આંખ લાલ છે. એણે દોડીને એક પાંચ વરસના બાળકને ઝાલ્યો. બાળકના મોંમાંથી કારમી ચીસ નીકળી ગઇ ને એ અવાક્ થઇ ગયો. સરદારે તલવાર ઉપાડી ત્યાં તો—

'સબૂર!' ઉપરથી અવાજ આવ્યો ને મહેલ આખો ગાજી રહ્યો. આમ ઉપર જુએ તો મેનાકુમારી! પલકવારમાં મેના હેઠે આવી. એક ઝપાટે તલવાર આંચકીને ફેંકી દીધી. બાળકને લઇને છાતીએ ચાંપ્યો. સરદાર શરમાઇ ગયો. બાળકની માતા મેનાનો આભાર માનવા માંડી. મેનાએ સૌની માફી માગી. બધાંને ઉપર લઇ ગઇ: નાસ્તો કરાવ્યો.

નાનાસાહેબને ખબર પડી. એકદમ આવ્યા. મેનાએ બધી વાત કરી અને સૌને સલામત પહોંચાડવાનું વચન લીધું. નાનાસાહેબે એક સરદાર સાથે બધાંને ગંગાકિનારે પહોંચાડ્યાં.

સૌ હોડીમાં બેઠાં. હોડી ચાલી. પણ એમનાં કમનસીબે સામેથી એક તોફાની ટોળી આવી. એ દુભાએલા સિપાઇઓ ભાન ભુલ્યા. બૈરાં છોકરાં કાંઇ જોયા વગર હોડી પકડી ને બીજે ઝપાટે ઉંધી વાળી દીધી! હરખઘેલા થઇને સિપાઇઓ કાંઠે આવ્યા!

૪

ગામડાં બાળતો ને ભાળે એને ફાંસીએ લટકાવતો નીલ સેનાપતિ કાનપુર આવ્યો. કાનપુરમાં ચાર સો જેટલા અંગ્રેજ મરાણા'તા. નીલ આવ્યાની ખબર સાંભળી નાનાસાહેબનો શૂરો સરદાર તાત્યા ટોપી સામે ચાલ્યો. ખુનખાર લડાઇ થઇ. તાત્યા ટોપી લડતાં લડતાં પકડાયો. સૈન્ય જીવ લઇને ભાગ્યું. નીલે તો કાળો કેર વરતાવી દીધો. ન જોયાં છોકરાં, ન જોઈ સ્ત્રીઓ, ન જોયા બુઢ્ઢા, ન જોયા રોગી. પાંચ વરસથી માંડીને એંશી સુધીમાં જે હાથ આવ્યાં એને કતલ કરી નાખ્યાં. નાનાસાહેબનો મહેલ ઘેરી લીધો. નાનાસાહેબ તો ક્યારના પલાયન કરી ગયા'તા. બસ, નીલ સાહેબનો હુકમ છુટ્યો: મહેલને સળગાવી દ્યો. સિપાઇઓ દોડ્યા. ગોરા ને શીખ, ગુરખા ને પઠાણ: બધા ય દોડ્યા. કાંટા મુકીને દીવાસળી ચાંપી! હડ હડ હડ ભડકો થયો!

એ સળગતા મહેલને જનરલ હે સાહેબ જોઈ રહ્યો છે. આ મહેલમાં કેટલા યે દિ' ચાપાણી ઉડાવ્યાં છે. હજી આગળ સંભારે ત્યાં સામી બારીમાં એક

સ્ત્રીનો ઓળો પડ્યો. આંખ ફાડીને હે સાહેબ જોઇ રહ્યો: મેના તો નહિ? ઝીણી આંખ કરી. બસ એ જ. મેના આગળ આવી. હે સાહેબને ઓળખ્યા. એક ચિઠ્ઠી સાહેબ ઉપર ફેંકી. મેનાને મન આ બધી રમત છે. નીચેથી મહેલ સળગે, બધા એને પકડવા તલપાપડ થઇ રહ્યા હોય ને પોતે સટકી જાય! ભારે મજા!

હે સાહેબે ચિઠ્ઠી વાંચી. અક્ષર એની પ્યારી બેટીના હતા---મેરીના હતા. મેના ઉપર મેરી જેટલું જ એ હેત રાખતા. મરેલી દીકરીની ગોદણને બળતી ઉગારવા હે સાહેબ તૈયાર થઇ ગયા. મહેલ ઠારવાનો હુકમ કર્યો. સિપાઇઓ મહેલ ઠારવા માંડ્યા. ત્યાં નીલસાહેબ—બડાસાહેબ આવી પહોંચ્યા. ત્રાડ નાખી: 'કયા કરતે હો? નાનાસાહેબકા ઘરકી એક ખુંટી ભી રહેની ના ચાહિયે.'

નીલને જોઇને હે સાહેબ મુંગા થઇ ગયા. ફરી મહેલ સળગ્યો. ત્યાં એક ખુશામતિયે નીલના કાન ફુંક્યા: 'નાનાસાહેબની સોળ વરસની દીકરી મહેલમાં છે.'

'કયા?' કરતોકને નીલ મહેલમાં ધુસ્યો. દસ સોલ્જર ઓરડેઓરડો ફરી વળ્યા, પણ પત્તા ન મળે. રાતોપાળો થઇ ગયો. હે સાહેબ ઉપર ખીજાઇ ગયો. ચારે દિશામાં ઘોડેસવાર

મંગલામુખી

[ઉત્તર–મધ્ય હિંદમાં કન્યાઓ વસંત–પૂજાનું વ્રત કરે છે. નવાં વસ્ત્રાલંકાર પહેરી કળશ અને પૂજાપો લઇ ઘેરથી નીકળે; નદીએથી કળશ ભરી કંકુઅક્ષત વડે આંબાનું પૂજન કરે. પછીથી થોડાંક આંબાનાં પાન અને થોડીક મંજરીઓ લઇને તે વડે કળશને કલામય રીતે પુરે. મંજરીઓ પર થોડું કંકુ છાંટે અને પછી ખભે કળશ લઈ ઘર તરફ વળે. મંજરીનો પ્રસાદ એ દાદાદાદી, માતાપિતા, કુટુંબીઓ અને પડોશીઓમાં ફરીફરીને વહેંચે.

વસંત-પૂજા એટલે કૌમાર-પૂજા—અને તે કુમારીઓ આદરે, કુદરતના વસંતવીરનું પૂજન માનવસૃષ્ટિની વસંતિકા બહેન કરે અને એ રીતે કુદરત અને માનવજાતનો કલાત્મક પ્રાણસંબંધ જોડે, એ જગતનો પરમ ઉત્સવ છે.]



અનુષ્ટુપ

વધાવી વીરને હૈયે પુણ્યવંતી કુમારિકા,
પધારે આમ્રકુંજેથી વ્હાલસોઇ વાસંતિકા.

ઉપજાતિ-વંશસ્થ

સ્મિતે લસંતાં નયનો ખિલે છે,
દૃષ્ટિપથે ભાવિ રૂડું હિલે છે;
ઉતાવળી ચાલ કરી મધુરવી,
ભરી ભરી કોમલ પ્રેમપલ્લવી.

ઉડંત છેડા લીલી ચુંદડીના,
ગલો રમંતા ઉરરંગભીના;
લતા કરોની લહરે સુહામણી,
કલ્યાણમૂર્તિ નવ ચિત્તપાવની.

જળે ભરેલો વળી આમ્રપર્ણે-
સુવાસિની મંજરી કંકુ સંગે-
ફુલે ગુંથી માળ સુહાવી કંઠે-
ખભે રૂપાળો કળશે ઝુલે છે.


ગૃહે જઇ માતપિતા સમીપે,
નમી અને મંજરીમ્હોર આપે;
વડીલ એ પ્રાણ–પ્રસાદ ચાખશે,
પ્રમોદીલો વિશ્વવસંત માણશે.

પછી જશે ચાલી પડોશીઓમાં,
અને વળી દૂર કુટુંબીઓમાં;
સુમંદ ડોલંત રસાળ સંચરી,
જગે વહે અંતરરંગ મંજરી.

અનુષ્ટુપ

પુત્રી એ પ્રકૃતિ કેરી કુમારી યૌવને સુખી.
સૃષ્ટિની કુંપળો જેવી રમો એ મંગલામુખી.

દેશળજી પરમાર



મહેલના ખંડેર ઉપર કોઇ પરી બેઠી છે.

ચોમેર સેનાપતિ નીલ-ની છાવણી પડી છે. સફેદ રાવટીઓની કતાર બંધાઈ ગઈ છે. એક રાવટીમાં ઝાંખો દીવો બળે છે. ચાર પાંચ સૈનિકો ગંજીપે રમે છે. રમતમાં મશગુલ છે. એમાં એક જણના કાન ચમકયા. કો'ક ગાતું હોય એવો અવાજ આવ્યો. કાન માંડયા. બહાર નીકળ્યો. પાંચે ય બહાર આવ્યા. અવાજ આવતો'તો એ તરફ ચાલ્યા. ત્યાં તો સામે જ મહેલના ખંડેર ઉપર કોઇ પરી બેઠી છે. રૂપરૂપના અવતાર જેવી ચાંદનીમાં ખીલી રહી છે. આલાપ ઉપર આલાપ લે છે. સામે પાંચ માણસ આવીને ઉભા છે એનું ભાન પણ નથી.

પાંચમાંથી ત્રણ જણાએ એને ઓળખી. નાનાસાહેબની મેના! પણ એ તો મહેલમાં બળી મરી છે ને?! અલ્યા, મેનાનું ભૂત! છાતી થડક થડક થવા માંડી. ભાગવાની તૈયારી કરે છે ત્યાં તો સંગીત બંધ થઈ ગયું. મેનાએ આંખ ઉઘાડી ઉંચે જોયું. જરા યે થડકયા વગર એ નદી તરફ ચાલી.

હાથમાંથી દસ હજાર રૂપિયા ચાલ્યા જતા'તા. પણ કોઇની હિમત ન મળે. એક પઠાણ હતો એને વાત કરી.

પઠાણે સાંભળ્યું ને કુદ્યો. મેનાને પકડી. મેના તો હસે છે. પાંચેયને હિમત આવી ગઇ. બાંધીને તંબુમાં લઈ ગયા. સવારમાં નીલ સાહેબને હાથ સોંપી દીધી!

[અનુસંધાન આગળ પાન ૧૦૫ મે]

દોડાવ્યા. નાનાસાહેબની દીકરીને પકડી લાવનાર માટે દસ હજાર રૂપિયાનું ઇનામ કાઢયું!

૫

અજવાળી દુધ જેવી રાત જામી છે. ગંગા નદીનાં નીર વગર બોલ્યાં વહ્યે જાય છે. નાનાસાહેબનો મહેલ રાખનો ઢગલો થઇ ગયો છે.

ચંદ્રમા માથે આવ્યો. ગંગાનાં શાંત જળ હલ્યાં. ઘડી વારમાં તો ઢબ ઢબ ઢબાક્ એક માનવી કાંઠે આવ્યું. નીતરતે લુગડે મહેલના રાખ ઉપર આવીને એણે આસન જમાવ્યું



યુવક–યુવતીઓનું સંમેલન કુદરતને ખોળે બેસી એ પવિત્ર ને પ્રેરક વાતાવરણમાં પોતાની કાર્યપ્રણાલિ વિષે વિચાર ચલાવી રહ્યું છે.

યુરોપમાં હમણાં યુવક-પ્રવૃત્તિ ઠીક જોરથી ચાલી રહી છે. અને એ તો સર્વમાન્ય સત્ય છે કે જે દેશ પોતાના ભાવિમાં દૃષ્ટિપાત ફેંકી સજ્જ થવા માગતો હોય તેણે પોતાના યુવક વર્ગ તરફ જ આશાની નજરે જોવાનું હોય છે. દેશની મહેચ્છાઓ અને અભિલાષાઓનો સાક્ષાત્કાર કરાવનાર આત્મતણખાઓ એમના દેહમાં વસે છે; નર્મદે ગાએલ 'યાહોમ કરીને પડો ફતેહ છે આગે' એ સાહસિક વૃત્તિ યુવકોની હૃદયરાણી હોય છે; અમુક કાર્યથી લાભ થશે કે નુકસાન એવા નફાતોટાના અર્થશાસ્ત્રની નીતિનો પાઠ એમનાં આદર્શભીનાં હૃદયને હજુ નથી સ્પર્શ્યો હોતો; પાકટ ઉમરે મનુષ્યને દાસત્વમાં જકડનારી આનાકાની કરતી સાવધાની એમનાથી ડરીને હજુ દૂર ઉભી હોય છે; 'અશક્ય' શબ્દ તો એમને જીવનપોથીનાં ભાવિ પાનાંમાં ભણવાનો હોય છે; અત્યારે તો એમને મન અનુભવના કરતાં અખતરો એ વધારે કીમતી અને પવિત્ર વસ્તુ હોય છે. આવી ઉછરતી પ્રજાના તરફ જો દેશ આશાની નજરે ન જુએ તો બીજે ક્યાં એને આંખ ઠારવાની હોય? પછી એ દેશ ભલે એશિયામાં હોય કે યુરોપમાં, અમેરિકામાં હોય કે આફ્રિકામાં;—પણ આ નિર્વિવાદ સત્ય પરત્વે તો સર્વ પ્રજાઓ એકમત જ છે.

જર્મનીની યુવક-પ્રવૃત્તિ સંબંધે વિસ્તૃત માહિતી ગુજરાતના યુવકવર્ગને ચરણે ધરવાની મારી ઇચ્છા તો ઘણા લાંબા વખતથી હતી, પરંતુ પુસ્તકો કે પેપરોમાં વાંચીને આવી એક પ્રાણવાન પ્રવૃત્તિ ઉપર અભિપ્રાય આપવા બેસવું એ મને અનુચિત લાગેલું. આજે પ્રવૃત્તિના અંગભૂત કેટલાક યુવકો અને યુવતીઓનો દિલોજાન દોસ્ત બનીને એમની સાથે થએલ વાર્તાલાપ, ચર્ચા અને કાંઇક સહચારના પરિણામે જર્મનીના યૌવનને જે સ્વરૂપમાં હું સમજ્યો છું એ સ્વરૂપમાં 'કુમાર' મારફત ગુજરાતના કુમારોની પાસે રજુ કરવાનો પ્રયત્ન કરૂં છું.

કોઇપણ પ્રવૃત્તિને સંપૂર્ણ સમજવા માટે એનો ઇતિહાસ એ અત્યંત આવશ્યક વસ્તુ છે. એથી એ પ્રવૃત્તિ કેમ અસ્તિત્વમાં આવી તથા આજ દિન સુધી એનો વિકાસ કેવી રીતે થયો એ સ્પષ્ટ થાય છે, એટલું જ નહિ પરંતુ એના ભાવિમાં પણ જરા ઝાંખી નજર નાખવા આપણે શક્તિમાન થઇએ છીએ. જર્મનીની યુવક-પ્રવૃત્તિ સંબંધે લખતાં એનો ઇતિહાસ મને અનિવાર્ય અગત્યનો લાગે છે; એટલે આજે અસ્તિત્વ ધરાવતી ભિન્નભિન્ન પ્રવૃત્તિઓનું અહીં શું

સ્થાન છે એટલું જ નહિ, પરંતુ કઇ પરિસ્થિતિએ એમને જન્માવી તથા ભવિષ્યનું જર્મની ઘડવામાં એમનો હિસ્સો કેટલો એ પણ મારા દૃષ્ટિબિંદુથી લખવા ધારૂં છું.

હાલ જર્મનીમાં ચાલતી ભિન્નભિન્ન યુવક-પ્રવૃત્તિઓને હું ચાર વિભાગમાં વહેંચી નાખું છું: (૧) રંગ ધારણ કરનારાં મંડળો (૨) Y. M. C. A. (યંગ મેન્સ ક્રિશ્ચિયન એસોસિયેશન) (૩) સ્કાઉટ પ્રવૃત્તિ અને (૪) આધુનિક યુવક-પ્રવૃત્તિ—કે જેના તરફ સૌ આકર્ષાય છે.

રંગધારીઓ

પહેલાં હું રંગ ધારણ કરનાર મંડળોનું સ્પષ્ટીકરણ કરી લઉં. એમાં દાખલ થનાર દરેક સભ્યે ખાસ પ્રસંગોએ મંડળે પસંદ કરેલા રંગો પહેરવા પડે છે. સામાન્ય રીતે તેઓ એક ખાસ ઘાટની તેમના નિયત રંગોની પટ્ટીવાળી ટોપી ઓઢે છે અને આપણે ત્યાં જેમ બ્રાહ્મણો જનોઇ પહેરે છે તેમ, પરંતુ જાકિટના ઉપરના ભાગમાં એમના રંગની એક પટ્ટી આડી નાખે છે. એમને મન રંગનું માહાત્મ્ય કેટલું હોય છે એ તો નજરે જોનારને જ ખબર પડે. જેમ કોઇ રાજચિહ્નનું અપમાન થતાં યુદ્ધ જાગે તેમ એમના રંગનું અપમાન થતાં દ્વંદ્વ કે એવી જ વિષમ પરિસ્થિતિ ઉભી થાય ખરી. પોતાનો રંગ ધારણ કરેલ હોય ત્યારે તો તેઓ ગૃહસ્થની માફક જ રહે-રહેવું જોઇએ. મારા એવા એક રંગધારી મિત્ર, અમસ્થો તો એ મારો સામાન ઉપાડવામાં પણ મદદ કરતો અને પોતાની મણ વજનની પેટી ઘર સુધી ઉપાડી જતો હોવા છતાં, રંગ ધારણ કરેલ ત્યારે એક નાનકડી હૅન્ડ બૅગ પણ મજુર પાસે ઉપડાવેલી એ જોઇને મારા આશ્ચર્યનો પાર નહિ રહેલો.

અઢારમા સૈકાની આખરમાં જ્યારે નેપોલિયનના નામે સારા યુરોપમાં થરથરાટી વછુટતી અને એક પછી એક દેશો ફ્રાંસને સ્વાધીન થતા હતા ત્યારે જર્મનીની સ્થિતિ કાંઈ સંતોષકારક નહોતી. દેશના યુવક વર્ગથી પોતાની જન્મભૂમિની એ હાલત સહન ન થઈ શકી, એટલે જેમના હૈયામાં દેશદાઝની હોળી સળગી રહી હતી તેમણે ખાનગી મંડળો રચવા માંડ્યાં. પ્રસંગ આવ્યે તેઓ પોતાની ફરજ બજાવ્યે જતા. સમયના વહન સાથે પરિસ્થિતિ પણ બદલાઇ, યુરોપનો એ સિંહ સેંટ હેલેનાના ટાપુમાં પુરાયો અને યુરોપનાં સર્વ રાજ્યોએ પોતાની સહીસલામતીનો દીર્ઘ શ્વાસ ખેંચ્યો. હવે આ મંડળોને છુપાં રહેવાની જરૂર ન રહી. દેશનો યુવકવર્ગ એમના તરફ આકર્ષાયો, દેશના બુદ્ધિપ્રધાન વર્ગની બનેલી એ પ્રવૃત્તિ વધારે વ્યવસ્થિત થઇ અને આજે કોઈ વિદ્યાપીઠ કે ટેકનિકલ કૉલેજના દ્વાર પાસે ઉભા રહી જોનારને હજારો વિદ્યાર્થીમાંથી થોડાં જ માથાં રંગ નહિ ધારણ કરનારાં જડે!

વખત જતાં આ જાતના યુવકોને માટે ખાસ કોઇ કાર્યક્રમ ન રહ્યો. એમની ભૂતકાળની મહત્તાએ અભિમાન વધાર્યું અને લડાયક જુસ્સાએ દ્વંદ્વયુદ્ધો જન્માવ્યાં. આજે પણ ઘણાં મંડળોમાં એ પ્રથા ચાલુ છે. કોઇ પરિચિત મંડળીમાં એવા દ્વંદ્વરસિયાને જોઈ દ્વંદ્વવિરોધીઓ મશ્કરી પણ કરે ખરા કે કયા હજામના અસ્રાને તમારા મોઢા પર કાપ મુકવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થએલું?! બીજી તરફથી નવરા બેઠાં બીઅર ઢીચવાનો પણ એમણે ઇજારો જ જાણે રાખી લીધો. આમ એ મંડળોમાં જોડાએલો દેશનો બુદ્ધિપ્રધાન યુવકવર્ગ આવા નિષ્કુંઠિત અને ગર્વભર્યા વિદ્યાર્થીજીવનમાં જ પોતાની કર્તવ્યસમાપ્તિ માનતો થયો.

છતાં આ મંડળોની સત્તા બહુ જબ્બર અને ભયંકર હોય છે. સ્વદેશાભિમાનની એમની લાગણી અતિ તીવ્ર હોય છે. આજના અવનત જર્મનીને સાંખી લેવા તેઓ વધારે વખત તૈયાર નથી. તે ઉપરાંત, બીજો એક અત્યંત મહત્ત્વનો, અને બીજાં કોઇ યુવક મંડળોમાં ભાગ્યે જ નજરે પડતો એક સદ્‌ગુણ એમનામાં એ છે કે તેઓ જીવનભર મંડળના સભ્ય રહેવાના અને પોતાના મંડળના અન્ય સભ્યોને દોરવા તથા ગમે તે ખપમાં આવવા હર પળે તૈયાર રહેવાના. સાંભળવા મુજબ દેશમાં કે રાજ્યમાં કોઈ નવો હોદ્દો શોધનાર યુવકને તેના મંડળ સંબંધે પણ ઘણી વાર પુછપરછ કરવામાં આવે છે ખરી. આ બધા પરથી એમ તારવવામાં આવે તો ખોટું નહિ કે આ વર્ગ સ્વદેશાભિમાનથી તરવરતો, લડાયક જુસ્સાથી ઉભરાતો, અન્ય સભ્યોને સહાય આપવા ઉપર નીચે થતો તથા સ્વમાન ખાતર માથું વાઢી આપવા પણ તૈયાર

હોય છે. એમ છતાં એટલું કહેવાની વૃત્તિ નથી રોકી શકાતી કે આજની દુનિયા જે નિરભિમાનતા, અહિંસક વૃત્તિ, અનુકરણીય સાદાઇ, નિષ્કામ સેવાવૃત્તિ આદિ સદ્ગુણોની માગણી કરી રહી છે તેમાં તો આ વર્ગ નિરાશ કરે એવો જ જણાય છે.



રંગધારી વિદ્યાર્થીમંડળોના પ્રતિનિધિઓનું સરઘસ
એમના વાવટા તથા યૂનિફૉર્મ સાથે

વાઇ. એમ. સી. એ.

જેવી દેશદેશ ફેલાએલી ધાર્મિક યુવક-પ્રવૃત્તિના સંબંધમાં ખાસ કશું લખવાની જરૂર નથી લાગતી. એનો તો આપણને હિંદમાં પણ થોડો પરિચય છે. એમાં જાણે કોઇ સરોવર સમી શાન્તિ અને સ્થિરતા જ જણાય છે; ઘુઘવતા સમુદ્ર કે ખળખળ વહેતી સરિતા સમા સક્રિયતા કે ગતિ એમાં ખાસ નથી નજરે પડતી. કોઇ ક્રાન્તિકારક તત્ત્વના અભાવે એ પ્રવૃત્તિ સમાજને બહુ ઉપયોગી નથી થઇ શકી એ વાત એના સંચાલકો પણ હવે ધીમેધીમે સ્પષ્ટ રીતે જોઈ શકયા હોય એમ જણાય છે. આમ હોઇ તાડની માફક એક જ દિશામાં વિકસ્યે જતી એ પ્રવૃત્તિને વિવિધતા આપવાના પ્રયત્ન થયા છે અને થાય છે. કદાચ એમ કહી શકાય કે આજે કોઇ વિશાળ વટરાજની માફક ચોપાસ પોતાની વડવાઇઓ સમી શાખાઓનાં ઊંડાં મુળ નાખી જર્મનીની સારી યુવાન આલમને માટે શીળી છાંયડી પુરી પાડતી આજની નવી યુવક-પ્રવૃત્તિમાં રહેલા તત્ત્વજ્ઞાનના બીજારોપણમાં આ ધાર્મિક યુવક મંડળીએ કાંઇક ભાગ ભજવ્યો હશે!

સ્કાઉટ પ્રવૃત્તિ

સ્કાઉટ પ્રવૃત્તિ પણ આપણાથી અજાણી નથી. એનું ઉત્પત્તિસ્થાન શોધનારને તરત જ સમજાશે કે બોઅર યુદ્ધે દુનિયાને ભેટ કરેલી આ પ્રવૃત્તિના ગર્ભમાં લડાઈ સિવાય બીજું ખાસ જડે તેમ નથી. રાજનીતિજ્ઞોની એ ઉઘાડી કાર્યદક્ષતા છે! છતાં એ વાત હું સ્પષ્ટ સ્વીકારું છું કે એમાં એક અત્યંત મહત્ત્વનું અને તદ્દન નવું જ તત્ત્વ ઉમેરાયું છે: તે કુદરતના સંસર્ગનું. અને એણે જ આ હીલચાલને મોહક બનાવી છે. અલબત્ત, આમાં મોટેરાંઓની યુવકોના વિકાસ પ્રત્યેની મીઠી નજર સ્પષ્ટ જોઈ શકાય છે, પરંતુ એ નિઃસ્વાર્થ નથી. એમની સહાનુભૂતિ અને કૃપાદૃષ્ટિથી, કુદરતનાં લાડીલાં બાળકો માફક એનો ખોળો ખુંદતાં, યુવાવસ્થાના ઉડ્ડયનકાળમાં વિરલ આદર્શો ઘડવાનું સદ્ભાગ્ય આમાં યુવકોને પ્રાપ્ત થાય છે ખરૂં; પરંતુ એ વંધ્ય જ રહેવા સરજાયું છે; કારણકે એમના ક્રીડાંગણના પડદાની દોરીઓ ખેંચવાનું કામ તો મોટેરાંઓના અનુભવી હાથો જ કરી રહ્યા હોય છે. આથી જીવનના અણમુલા લ્હાવા એ પ્રવૃત્તિમાં લેવાતા છતાં આજની રીબાતી દુનિયાને શાન્તિની ભેટ આપવાના અભિલાષો ત્યાં નથી સેવાતા. જરા આકરૂં ઉદાહરણ લઇએ તો કહી શકાય કે માંસાહારના કોઇ રસિયાએ મમત્વથી ઉછેરેલા કુકડાના જેવી સ્થિતિ આ પ્રવૃત્તિમાં યુવકવર્ગની છે! અંતે તો પ્રસંગ પ્રાપ્ત થતાં, કૃત્રિમ વાત્સલ્યથી ઉછેરેલા એ યુવાનોને તોપના ગોળા આગળ ધરી દેવાની જુગજુની અને અળખામણી મહત્ત્વાકાંક્ષા રાજનીતિજ્ઞોના મોઢામાંથી એક વખત સરી જ પડવાની! આ પ્રવૃત્તિમાં ભૂત વર્તમાન અને ભાવિ એટલાં તો સ્પષ્ટ છે કે એની પાસેથી કોઇ નવો જ રસ્તો શોધવા જેટલાં સ્વાતંત્ર્ય અને સાહસની અપેક્ષા રાખવી અસ્થાને ગણાય. કુદરતના સંસર્ગ છતાં માનવજગતમાં શાન્તિ સ્થાપવાનાં કે સંસ્કૃતિ સુધારણાનાં સ્વપ્નાં એ નથી સેવી શકી—નથી સેવી શકવાની.





(ડાબી બાજુએ) શહેરના શિષ્ટાચારો તથા ગુંગળાવતાં વાતાવરણને પાછળ મુકી જંગલમાં ઘુમવા નીકળી પડેલાં યુવકયુવતીઓ. અને પછી (ઉપર) જંગલમાં મંગલ પ્રવર્તાવતાં એમનાં લોકગીતો, રાસ તથા નાચ. આ ચિત્રમાં માત્ર યુવતીઓ જ છે; પણ એવો કાંઇ નિયમ નથી. રાસમાં યુવકયુવતી બંને સાથે ભળી શકે છે.

આ બધું છતાં જ્યાં સુધી પ્રજાસંઘના આંતરરાષ્ટ્રીય રાજનીતિજ્ઞો પોતાની શબ્દજાળમાં શાન્તિને જકડવાની બાજી રમી રહ્યા છે ત્યાં સુધી તો જર્મની પણ પોતાના લડાયક જુસ્સાને મરી જવા દે એવું ભોળું નથી. એટલે સ્કાઉટ મંડળો અહીં પણ ખુબ જોસભેર ચાલી રહ્યાં છે અને આધુનિક જર્મનીની યુવક–પ્રવૃત્તિઓનાં વિવિધ અંગોમાંનું એ પણ એક મુખ્ય અંગ બની રહ્યું છે.

આધુનિક યુવક–પ્રવૃત્તિ

આ આધુનિક યુવક–પ્રવૃત્તિને જ ખાસ કરીને અહીં ખરી 'યુવક–પ્રવૃત્તિ'ને નામે ઓળખવામાં આવે છે અને એ જ આજના યુવકના આત્માને ઉન્નત બનાવવાનું બીડું ઝડપી બેઠી છે. જર્મનીમાં ચાલતી આ પ્રવૃત્તિ ચર્ચતા એક પુસ્તક પર નોંધ લેતાં એના અગભૂત યુવકો સંબંધે અમેરિકાના 'નેશન' પત્રમાં કોઇ સમાલોચકે લખેલું કે: **'Their spiritual agonizing would make Rouseau hang his head in shame.'** એમની આધ્યાત્મિક ધગશ તો રૂસો જેવાને પણ શરમમાં માથું નીચું ઢળાવી દે એવી છે.

ઓગણીસમા સૈકાના અંતમાં જર્મનીનો યુવકવર્ગ એક તરફથી શાળાના અને બીજી તરફથી ઘરના અણજોતા બોજા નીચે કચરાતો હતો; મોટેરાંઓનાં વાણી વિચાર ને વર્તનને એકબીજાથી તદ્દન વિસંવાદી જોઇ મુંઝાતો હતો; સામાન્ય જનસમૂહથી અસ્પૃશ્ય અને કુદરતની કૃપા વિહીન જીવન ગાળી કચવાતો કચવાતો પણ જડવાદનાં જડબાંમાં ધસ્યે જતો હતો; –તે વખતે એમનાં અંતરની વરાળોને ફોકટ નહિ જવા દેતાં એમની ભાવિ પ્રગતિને વેગવંતી બનાવવા માટે ઉપયોગમાં લઇ લેનાર એક કુશળ એન્જિનયર બર્લિનના શિક્ષકસમૂહમાંથી એમને મળી આવ્યો. આ પ્રશ્નનો ઉકેલ બર્લિનમાં જ કેમ આવ્યો એ પ્રશ્ન અહીં અસ્થાને છે. જેમ છેલ્લા મહાયુદ્ધમાં પ્રિન્સ સારયેવોનું ખૂન એ યુદ્ધ ઇચ્છતાં રાજ્યોને માટે એક સાનુકુળ અકસ્માત જ હતો, તેમ આ અરસામાં જર્મનીના યુવકોનાં અસંતોષથી દલોવાતાં અંતરોને દોરનાર શિક્ષક બર્લિનમાં જ મળી ગયો એ પણ એક ઇષ્ટ અકસ્માત જ હતો. એ અકસ્માત ન બન્યો હોત તોપણ એણે જરૂર પોતાનો રસ્તો તો શોધી જ લીધો હોત!

બર્લિનના એ ગરીબ શિક્ષકે, પોતાના નાનકડા પગારમાંથી પોતાની માતાને પૈસા મોકલવા પડતા હોવા છતાં, જ્યારે એક ગરીબ વિદ્યાર્થીને આર્થિક મદદ આપી ત્યારે તો એણે યુવાનોનાં હૃદયનું સ્વામિત્વ જ મેળવી લીધું, અને ૧૯૦૧ની સાલમાં આ પ્રવૃત્તિનો પાયો નંખાયો. સામાન્ય રીતે તો આ



યુવકમંડળોની સંસ્કારી સાદાઇને છાજતો ભોજન સમારંભ



પ્રવાસથી થાકેલાં પોતાનાં સાથીઓને
રસાસ્વાદ કરાવતી સંગીત સેવિકાઓ

મંડળનો ઉદ્દેશ શહેરના કલુષિત વાતાવરણમાં જીવન ગાળતા યુવકોને નિસર્ગનાં દર્શન કરાવી કુદરતના એ સ્વાતંત્ર્યમય વાતાવરણનો મોહ લગાડવાનો તથા દેશના સામાન્ય વર્ગ, ખેડુત, મજુર વગેરેના સંબંધમાં લાવી, એમની સાથે એમનાં ઝુંપડાંમાં રહેવાની તક આપી જીવનનું તત્ત્વજ્ઞાન સમજવા માટે પર્યટનો ગોઠવવાનો હતો, અને એનું નામ પણ ઉચિત રીતે **Wandervogel** (ભટકતું પક્ષી) રાખવામાં આવ્યું. આ રીતે સંસ્કૃતિ સુધારણામાં પોતાનો કીમતી ફાળો આપતી એક પ્રવૃત્તિના ગણેશ મંડાયા.

યુવકોનાં આ પર્યટનોનાં પરિણામ ધાર્યા કરતાં વધારે સંતોષકારક આવ્યાં. એમના પ્રવાસને બને તેટલો ઓછો ખર્ચાળ બનાવવાની જરૂરિયાતે તથા તદ્દન સામાન્ય ગણાતા વર્ગની સાથે પણ ભળી જવાની ઇચ્છાએ એમને સાદાઈ તરફ આકર્ષ્યા, અને પછી તો એ સાદાઇએ આદર્શનું સ્થાન લઇ લીધું. નાનકડાં ગામડાંઓમાં ભટકતાં ભટકતાં એમને લોકગીતોમાં રહેલ રંગનો ચટકો લાગ્યો એટલે એક પછી એક સંગ્રહો પણ એકઠા થઇ છપાઇ બહાર પડવા માંડ્યા, અને પછી તો મોટાં શહેરોમાં પણ લોકગીતો અને લોકનૃત્યોની ઝાલકો દેવાવા માંડી. ભૂતકાળના એ સાહિત્યભંડારનાં હાર્દ તપાસી એ વખતના આદર્શો અને સદ્‌ગુણોને સમજવાના તથા આચારમાં ઉતારવાના ઠેરઠેર પ્રયત્નો મંડાયા. આપણે ત્યાં એકલા શ્રી મેઘાણીને માથે આપણે જે બોજો લાદી દીધો છે એ અહીંના યુવકોએ સહર્ષ વહેંચી લીધો. એમનાં વધારે ને વધારે અંતર કાપતાં જતાં પર્યટનોએ જુનાં ખંડેરો, જુનાં શહેરો, જુની બાંધણી અને જુની કળાનો અભ્યાસ સહજ બનાવ્યો અને એમાંથી નવી જ સર્જનશક્તિ જન્મી. આમ, જીવનના દરેક ક્ષેત્રમાં એમણે જુદી જ ભાત પાડવા માંડી. ભૂતકાળને વર્તમાનની તુલામાં આંકી ભાવિ સૃજવાને માટે જર્મનીનો યુવકવર્ગ કટિબદ્ધ થયો અને વખતના વહેવા સાથે આદર્શતર બનતી જતી એમની આ પ્રવૃત્તિએ યૂરોપની જડવાદી સંસ્કૃતિના મુળમાં એક પછી એક ઘા કરવાનું ચાલુ રાખ્યું.

આઘાત અને પ્રત્યાઘાતનો સિદ્ધાંત અહીં પણ સ્પષ્ટ થયો. વર્ષો થયાં દબાઈ રહેલી યુવાવસ્થાએ જાણે બળવો આદર્યો! યુવકોનાં એ પૂરનો વેગ એટલો તો પ્રબળ બન્યો કે ભલભલાઓ પણ એના પ્રવાહમાં ખેંચાવા લાગ્યા. ખાસ કરીને માનસશાસ્ત્રીઓએ એમાં કીમતી ફાળો આપ્યો. યુવકોની આ સંસ્થાને કેવળ યુવકમય જ બનાવવા માટે ઉમરની હદ નક્કી કરવાનો પ્રશ્ન વિકટ હતો. તે તથા યુવકો અને યુવતીઓના અન્યોન્ય સંબંધ વિષે માનસ-



રાત્રે શિયાળાની કડકડતી ટાઢમાં બરફને કોરે ખસેડી, તાપણી લગાવી સંગીતની ધુન મચાવી રહેલી એક યુવકમંડળી

શાસ્ત્રીઓએ ખુબ દળદાર સાહિત્ય પુરૂં પાડયું.

પરંતુ સંખ્યાબળ એ હમેશાં ઇષ્ટ વસ્તુ નથી એનો કડવો અનુભવ આપણને તો અનેક વાર થઇ ચુકયો છે. અહીં પણ સંખ્યા વધતી ગઇ તેમ ફાંટા પડવા માંડયા. શરૂઆત બુદ્ધિપ્રધાન અને કામદાર વર્ગ વચ્ચે ફાંટા પડવાથી થઇ. પછી તો દારૂ, માંસ, બીડી આદિનો ત્યાગ કરનાર મંડળો જુદાં થયાં. રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્ર મતવાદીઓએ પણ મંડળોના ભેદ પાડયા. યુવકો અને યુવતીઓનાં મંડળો જુદાં રાખવાં કે કેમ વગેરે કૂટ પ્રશ્નોએ પણ વધારે વિભાગ પાડયા. આમ, ખાસ કરીને માનસશાસ્ત્રીય, રાજકીય, સામાજિક વગેરે અનેક કારણોએ ઉપસ્થિત કરેલા મતભેદોએ આ હીલચાલનાં યુવક મંડળોની સંખ્યા એટલી તો વધારી દીધી હતી કે ફરી નવેસરથી વર્ગીકરણ કરવાની આવશ્યકતા અનિવાર્ય જણાઇ અને જુદાંજુદાં પરંતુ સમાન મંતવ્યવાળાં મંડળો એક નામ નીચે જોડાયાં.

ઉપરાંત, બીજો પણ એક મહત્ત્વનો પ્રશ્ન આ હીલચાલને મુંઝવી રહ્યો હતો. શરૂઆતથી જ લગામ મોટેરાંઓના હાથમાં હતી; એમની સૂચના અને સલાહ મુજબ જ યુવકોને વર્તવાનું હતું. આ સ્થિતિ ઇષ્ટ છે કે કેમ એ સંબંધે ખુબ ચર્ચા ચાલી અને છેવટે ૧૯૧૩માં યુવકોએ મોટેરાઓને સલામ કરી પોતાનું સ્વરાજ્ય સ્થાપ્યું. પછી તો લડાઇ આવી અને ઉમરલાયક હતા તેમણે પોતાનો ફાળો આપ્યો.

લડાઇ પછી એમની પ્રવૃત્તિને એક નવી જ દિશા મળી ગઇ. યુગની ભીષણતાએ એમને માનવબંધુત્વના સિદ્ધાંત તરફ ખેંચ્યા. જે જે દેશો પોતાનું ભાવિ ઘડવાના સર્વ હક્ક સ્વાધીન રાખી બેઠા હતા તેમણે પણ યુવકોની હીલચાલને યોગ્ય ઉત્તેજન આપ્યું હતું જ. ત્યાં પણ લડાઇ પછી વિશ્વબંધુત્વના વિચારે એમનું ધ્યાન ખેંચ્યું. પરિણામે આંતરરાષ્ટ્રીય યુવક મંડળની યોજના ઘડાવા માંડી અને દિવસ જતાં તે બળવત્તર બની. આવતા ઉનાળામાં હોલાંડમાં દુનિયાના સર્વ દેશોનાં યુવક મંડળોના પ્રતિનિધિઓની એક કૅાંગ્રેસ વિશ્વમાં શાન્તિ સ્થાપવાનો વિચાર કરવા એકઠી થવાની છે. એક બાજુ પ્રજાસંઘ જેવી સત્તાવાહી પરંતુ રાજકારણના ઘાડા ધુમસમાં ભુલી પડેલી સંસ્થા દુનિયામાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપવા મળે છે અને વીખરાય છે; બીજી બાજુ આ વર્ષે પહેલી જ વખત દુનિયાના યુવકોની કૅાંગ્રેસ એ જ ઉદ્દેશ માટે મળે છે. જોઇએ છીએ કે એ સત્તાવિહીન પણ સહૃદય યુવકો દુનિયાને કયો પંથ બતાવે છે!

આમ, જર્મનીના યુવકો જે વેળા કેવળ પોતાના દેશનું જ ભાવિ ઘડવામાં નહિ પરંતુ આંતરરાષ્ટ્રીય સંબંધ સુધારણામાં પણ દીસી આવે એવો ફાળો આપી રહ્યા છે, તે વખતે આપણે ત્યાં આ યુવકમંડળ જેવી સંસ્થાઓ અસ્તિત્વ પણ ન ધરાવતી હોય એ વાત લજ્જાસ્પદ નહિ? અહીં વૃદ્ધો યુવાન હોવાનો દાવો કરે છે, જ્યારે આપણે ત્યાં યુવકો ઠરેલ અને ગંભીર બની વૃદ્ધોની સંખ્યામાં વૃદ્ધિ કરવા મથી રહ્યા છે! જર્મનીના યુવકોને પ્રવાસમાં અનેક હાડમારીઓ ભોગવવી પડે અને ખર્ચ કરવાં પડે તેમ છે જ્યારે આપણે સરળતાથી અને લગભગ નહિ જેવા જ ખર્ચે પર્યટનો ગોઠવી પોતાની, સમાજની તથા દેશની અમૂલ્ય સેવા બજાવી શકીએ એમ છીએ. ગુજરાતના યુવકો જર્મનીના એમના સમવયસ્કોની આ પ્રવૃત્તિનું વર્ણન વાંચી એથી વધારે આદર્શ અને ઉર્ધ્વગામી મનોરથો બાંધવા પ્રેરાય અને દુનિયાના યુવકોની મહાસભામાં પોતાનો ફાળો આપવા કમર કસે એવી મહત્ત્વાકાંક્ષા રાખી આ લખાણ એમને ચરણે ધરૂં છું.

કાર્લસ્રૂહ (જર્મની) **લવજી થોરિયા**

ચંડુલ, અગન અને તેમનાં કુટુંબી

(સૌ. શ્રીદેવી કંચનરાય પાસેથી મળેલી હકીકત)

રજુ કરનાર: શ્રી ગજાનન ભટ્ટ

હિંદુસ્તાનના લોકોનું લક્ષ પ્રથમથી જ પક્ષીઓનાં વિવિધરંગી પીંછાં ઉપર નહિ પણ તેમનાં સંગીત, મધુર કંઠ અને અદ્‌ભુત અનુકરણ-શક્તિ તરફ ગયું હોય તેમ વાતો સાંભળતાં જણાય છે. જ્યારે યૂરોપ વગેરે દેશોના લોકોનું લક્ષ પક્ષીના રંગ ખીલવવા તથા રસાયણિક રીતે ફેરવવા તરફ વિશેષત: હોય તેમ લાગે છે.

બુલબુલ અને કોયલ જેવાં કેટલાંક મધુર કંઠ-વાળાં પક્ષી બાબત આપણે આગલા લેખોમાં જોઈ ગયા. આજે પક્ષીઓમાં સંગીતના રાજા સમા ચંડુલ વિષે થોડું જાણીએ.

જેને અંગ્રેજીમાં લાર્ક કહે છે તેના પ્રથમ નીચે પ્રમાણે ભેદ છે: (૧) Sky-lark (સ્કાઈ લાર્ક)= અગન (૨) Crested-lark (ક્રેસ્ટેડ લાર્ક)=ચંડુલ (૩) Red-winged Bush lark (રેડ વિંગેડ બુશ લાર્ક=થોરિયું.) આ ઉપરાંત, મોટા કદના ચંડુલને ધાધસ કહે છે અને તેના જ જેવું એક જલ-અગન પણ થાય છે.

ચંડુલ અને અગનને કેમ પકડવાં, કેવી રીતે ઉછેરવાં, તેનાં સંગીત કેવી રીતે ખીલવવાં, તેમને શો ખોરાક આપવો વગેરે બાબતની ઘણીઘણી ઝીણી-મોટી બીનાઓનો જમાના-જુનો ઇતિહાસ આપણને વારસામાં મળ્યો છે, અને હજુ સુધી એ અખંડ જળવાઇ રહ્યો છે. ઘણી વાર તમે કોઇ સિપાઇ કે ફકીરના હાથમાં નાની હૅન્ડ બૅગ જેવડું, પણ આકૃતિમાં ઇજીપ્તના પિરામીડ જેવું, બધી બાજુથી સફેદ કપડે વીંટેલું પીંજરૂ જોયું હશે. પણ એ સફેદ પડદા પાછળના પીંજરામાં ચંડુલ, અગન કે તેનું નજીકનું કોઇ સગું પક્ષી હોય છે એની તમને ભાગ્યે જ ખબર હશે.




ચંડુલ

કોઇ શાન્ત રાત્રિએ તમે એકાદ ચંડુલ કે અગનને બોલતું સાંભળો, રૂપાની નાજુક ઘંટડી જેવુ તેનું મધુર કુજન તમારા કાનમાં અમૃત રેડી રહે, અને એ એક જ પક્ષીના કંઠમાંથી તમે જાતજાતનાં અનેક પક્ષીઓનાં અનુકરણો અને સંગીતનો સતત પ્રવાહ વહેતો સાંભળો ત્યારે તમારૂં દિલ ઘડીભર હલી જાય; સ્કાઇ-લાર્ક ઉપરનાં કાવ્યોમાં અંગ્રેજ કવિઓએ તેનાં જે ગુણગાન કર્યાં છે તેની ખરી ખુબી સમજાય અને એમ થઇ જાય કે વાહ, પ્રભુએ શું પક્ષી બનાવ્યું છે!

આ પક્ષીઓ ભાવનગરની આજુબાજુમાં અષાડ માસમાં દેખા દેવા માંડે છે. અવાવરૂ ખેતર, જવાસા ઉગેલ ખાર અથવા દડ જેવો પ્રદેશ આ પક્ષી પોતાના રહેઠાણ તરીકે પસંદ કરે છે. ચંડુલ કદમાં ચકલી કરતાં સહેજ મોટું હોય છે; પણ એના શરીરની કાઠી વધુ નાજુક હોય છે. તેનાં પીછાંનો રંગ જમીનના રંગ સાથે મળી જાય તેવો હોય છે; તેમાં થોડાં-થોડાં પીળા તથા ઘેરા ભુરા રંગનાં છાંટણાં હોય છે અને માથે એક નાની કલગી હોય છે. આ પક્ષી જમીનથી ત્રીસ ચાળીસ ફુટ ઉંચે ચડી સંગીત શરૂ કરે છે; અને થોડી જ વારે નીચે ઉતરે છે. આ પ્રમાણે વારંવાર કરે છે. ખાસ કરીને અષાડ અને શ્રાવણ તેમના મસ્તીના મહિના છે. નર અદ્ધર ચડે; માદા નીચેથી અવાજ કરે; નર તેના ઉપર ઉતરે અને પાંખરે. આ વખતે તેના સૂરોની મિલાવટ, જાત-જાતનાં સંગીતનાં ઘરો બાંધવાની ખુબી, આરોહ અને અવરોહ બહુ અદ્‌ભુત હોય છે. ગામથી બહાર કોઇ-પણ અવાવરૂ ખેતર કે દડમાં જાઓ તો અષાડ અને શ્રાવણમાં તમને ચોક્કસ ચંડુલ જોવાનો સુયોગ પ્રાપ્ત થાય.

ભાદરવામાં આ પંખી ઇંડાં મુકે છે અને તેની સંખ્યા બે કે ત્રણથી વધુ હોતી નથી. તેઓ માળા



અગન

બહુ જ એદરકારીથી જમીન ઉપર બાંધે છે. ઘણે ભાગે તો ખડના કુચા જેવો માળો જમીન ઉપર પડેલો હોય છે, અને ઘણી વાર માણસ અથવા ઢોરના પગમાં આવી જતાં અંદરનાં ઇંડાં નાશ પામે છે. માળો એટલો બધો પોચો અને અસ્તવ્યસ્ત હોય છે કે હાથમાં લેતાં પણ વીંખાઇ જાય. ચંડુલ અને તેના માળા આજુબાજુની વસ્તુ સાથે રંગ રૂપમાં એવાં તો મળી જાય છે કે અનુભવી સિવાય ચંડુલને જોવું અથવા તેનો માળો હાથ કરવો બહુ જ દુષ્કર છે. ચંડુલની મોટી જાત ઘાઘસ પણ તેના સંગીત માટે ચંડુલ જેટલી જ મશહૂર છે. કેટલીક વાર ઉસ્તાદો તેને પ્રથમ સ્થાન આપે છે.

અગન (સ્કાઇ-લાર્ક)ની પણ મસ્તીની ઋતુ, પાંખરવાની રીત, ઈંડાં મુકવાનો વખત, ઉંચે ચડીને સંગીત લલકારવાની ઢબ—બધું બરાબર ચંડુલ જેવું જ હોય છે. માત્ર ફેર એટલો કે ચંડુલને માથે કલગી હોય છે જ્યારે અગનને માથે ટોપી હોય છે. ચંડુલ ખેતરમાં ગમે ત્યાં માળા બાંધે છે જ્યારે અગન જવાસા કે કાંટાના જાળામાં માળો બાંધે છે અને માત્ર બહારની બાજુએ દર જેવું નાનું કાણું રાખે છે. માદા એમાં બેસી ઈંડાં સેવે છે અને નર બહારથી રક્ષણ કરે છે. આ પક્ષી ઘડીભર પણ ઇંડાંને રેઢાં મુકતાં નથી, કેમકે કાકીડા, ઘો, સાપ વગેરે તેમનાં ઇંડાં કે બચ્ચાં ખાઇ જાય છે.

થેરિયું અગન જેવું જ લાગે છે, પણ તેનાં જેટલાં સંગીતના ઘર કે અનુકરણો કરી શકતું નથી. તે તો માત્ર એક જ જાતનો અવાજ કરે છે. વળી, તે અવાજ કરતી વખતે અદ્ધર ચડતું નથી.

પણ પ્રથમ દૃષ્ટિએ અગન અને થેરિયું એક-બીજાને એટલાં બધાં મળતાં લાગે છે કે ભલભલા ઉસ્તાદો પણ તેમને પારખવામાં ભુલ ખાઇ જાય છે. પક્ષીમાં બહુ જ નિપુણ એક ઉસ્તાદ પણ એક વાર અગનનાં બચ્ચાંને બદલે થેરિયાનાં બચ્ચાં ઉપાડી લાવેલા અને ઘણે લાંબે વખતે તેમને પોતાની ભુલ સમજાએલી.

કહેવત છે કે 'અગન ડામી અને ચંડુલ આસાની'; એટલે કે, જો અગનને પાળવાનો વિચાર હોય તો જંગલી પકડીને પાળવું અને ચંડુલને પાળવું હોય તો બચ્ચેથી પાળવું. અગન મોટી ઉમરે પણ તાલીમ લઇ સંગીતનાં બધાં ઘર તથા અનુકરણો કરતાં શીખી જાય છે; પણ ચંડુલ તો નાનપણથી પાળ્યું હોય તો જ કેળવી શકાય છે. ત્રણ વર્ષ ઉપરની ઉમરના ચંડુલને તો કાંઇ શીખવી શકાતું જ નથી. એક જ ચંડુલ મેં એવો જોયો છે કે જે વરસ દિવસનો થયા પછી પકડેલો હોવા છતાં બચ્ચેથી પાળેલા બીજા ચંડુલના સહવાસથી સંગીતનાં બધાં ઘરો તથા 'પી-નબીજી-રોજી-ભેજો' એવું વાક્ય શુદ્ધ રીતે બોલે છે. ચંડુલની ઉત્પત્તિની એક એવી દંતકથા છે કે નબીજી પીરને કાંઈ ચમત્કાર બતાવવાનું તેમના સામા પક્ષ-વાળા તરફથી કહેવામાં આવ્યું. તેમણે પોતાના પગના અંગુઠામાંથી આ પક્ષી પેદા કર્યું તે 'પી' ઉચ્ચાર કરીને ઉડ્યું અને ત્યાર પછી 'પી-નબીજી રોજી ભેજો' એમ બોલે છે.

શ્રી કંચનરાયને પ્રથમથી જ ચંડુલ અને અગન પાળવાનો શોખ. સંજોગો પણ એવા મળ્યા કે તેવા જ શોખીન બેચાર મિત્રો તેમને ભેટી ગયા. એક વખત તેમણે ઘાઘસનાં બચ્ચાં પકડવાનો વિચાર કર્યો અને ભાદરવા મહિનાની એક સવારે આ કાફલો ગાડું જોડી ભાવનગરની પાસે આવેલા તગડી ગામથી કમળેજ જવા આડફેટુ માર્ગે ઉપડ્યો. પરંતુ ખુબ રખડવા છતાં આ કાફલાને ક્યાંય પણ ચંડુલ કે ઘાઘસનો પત્તો મળ્યો નહિ. ચોમાસું તાજેતરમાં જ ગએલું હોવાથી રસ્તા પણ કીચડવાળા થઇ ગયા હતા. ઘણી વાર તો ગાડાને મુકી આડફેટુ રસ્તે માઇલના માઇલ જાળાંઝાંખરાં જોતાં, ઉડતાં પક્ષીની બરાબર ખબર રાખતાં તેમને ભમવું પડ્યું. ધીમેધીમે સૂર્ય પણ આકાશમાં માથા ઉપર આવી તપવા લાગ્યો

અને પેટમાં પણ ભુખનો સૂર્ય પ્રકાશી રહ્યો. એટલામાં તેમનામાંના એક જણે એક ઘાઘસને મોઢામાં કાંઇક લઇને ઉડી જતું જોયું. આ ઉપરથી, આટલામા જ કયાંક ઘાઘસનો માળો હોવો જોઇએ એમ તેમની ખાત્રી થઇ. જાળાં પર જાળાં તપાસતાં અંતે તેમને એક જાળામાંથી ઘાઘસનાં ચાર બચ્ચાં જડયાં. તેમાંથી ત્રણ ઉપાડી લઇ, એક તેનાં માબાપની શાન્તિ ખાતર રહેવા દીધું; અને દરેકને ભાગ એકેક બચ્ચું આવશે એવા સંતોષની સાથે કાફલો કમળેજ તરફ ઉપડ્યો.

કેટલાક ભાઇઓ ગાડામાં બેઠા હતા. તેમણે પોતાના પગ પાસેથી ઉડી જતું ચંડુલનું એક બચ્ચું જોયું. તે પણ તેમણે હાથ કર્યું. હવે તો લીધેલા પરિશ્રમનો પૂર્ણ બદલો મળ્યો જોઈ તેમના સંતોષનો પાર રહ્યો નહિ, અને જાતજાતની વાતો કરતા, થાકયાપાકયા બપોરના બે વાગ્યે કમળેજ આંવી પાસેની વાડીમાં પડાવ નાખ્યો. હાથપગ ધોયા, ચાપાણી પીધાં, નાસ્તો કર્યો અને બચ્ચાંને હાથમાં લીધાં. પીછાં, પગ, ચાંચ બરાબર નિહાળતાં તેમની ખાતરી થઇ કે આ તો ઘાઘસ નહિ પણ જલ–અગન! નિરાશાની સીમા જ ન રહી. જલ–અગનનાં બચ્ચાં ભલભલા ઉસ્તાદોને પણ ભુલ ખવડાવે તેવાં હોય છે. તેઓ બધી રીતે ઘાઘસ જેવાં હોય છે; માત્ર સંગીતનાં ઘર બાંધી શકતાં નથી, અને તેથી પાળવા માટે નકામાં છે.

આ વાતને બે વર્ષ વહી ગયાં, પણ પાળવાં તો ઘાઘસ તે નિરધાર ભાઇ કંચનરાયના મનમાંથી ન ખસ્યો. એટલે એક બીજા ભાદરવામાં તેમના પુત્ર કેટલાક મિત્રોને લઇ ઘાઘસની શોધમાં ઘાંઘળીના ખારા દડમાં ઉપડયા અને અનેક પ્રયત્નો પછી ઘાઘસનાં ચાર બચ્ચાં હાથ કર્યા. ચંડુલ કે ઘાઘસ પાળવાની આ જ રીત છે. તેમનો વિગતવાર અભ્યાસ કરવો હોય, તેમનું સંગીત તથા અનુકરણશક્તિ પુરેપુરાં ખીલવવાં હોય તો બચ્ચેથી પાળ્યા સિવાય બીજો કાંઇ જ ઉપાય નથી. આ પક્ષી એટલું બધું તેજ છે કે માણસને એ બીલકુલ ધારતું નથી. પાળેલ ચંડુલનો પણ ફોટો લેવામાં અમારા સ્નેહી ડૉ. બાબુને બહુ જ પરિશ્રમ લેવો પડેલો.

અગનને પકડવાની અને પાળવાની રીત નીચે પ્રમાણે છે. અષાડ, શ્રાવણ અને ભાદરવામાં અગનનું જોડું એકાદ ખેતરને પોતાનું કરી તેમાં વાસ કરે છે અને તેમાં બીજા કોઇ અગનને આવવા દેતું નથી. જો કોઈ બીજું અગન આવે તો બંને જોડાં વચ્ચે લડાઇ થાય અને બળવાન નિર્બળને હાંકી કાઢે. અગનને પકડવા માટે ઉસ્તાદો પાળેલા અગનનું પીંજરૂં એવા એક ખેતરમા લઇ જઈ મુકે છે. પીંજરાની પાસે લાસો (એક સળી ઉપર પીપળાના દુધ જેવો કંઇક ચીકણો પદાર્થ લગાડીને બનાવેલો) ગોઠવે છે. પછી પીંજરામાંનો અગન બોલવું શરૂ કરે, એટલે ખેતરવાળો અગન અંદરથી જવાબ આપે. આ પ્રમાણે બંને વચ્ચે ખુબ બોલાચાલી થાય. ખેતરવાળો અગન પીંજરાવાળાને કહે કે તું મારૂં ખેતર છોડી ચાલ્યો જા. પણ પેલો પીંજરામાં હોઇ કેવી રીતે જાય? એટલે જંગલી અગન પાળેલા ઉપર હુમલો કરવા પીંજરા ઉપર આવે. પણ ત્યાં તો ગોઠવેલો લાસો તેને ચોંટી જાય અને તે પકડાઇ જાય. પછી તેને ધીમેધીમે બંધ પીંજરામાં સવાર સાંજ બહાર ફેરવવામાં આવે છે જ્યાંથી તે જાતજાતના સાંભળેલા અવાજોનું અનુકરણ કરતાં શીખી લે છે.

આ જાતનાં પક્ષીને ખેરાકમાં કાગ, બંટી, તીડ વગેરે જીવાત ઇત્યાદિ આપવામાં આવે છે.

મેનાકુમારી (અનુસંધાન પાન ૯૬થી)

નીલ તો રાજીરાજી થઇ ગયો. કાનપુરના ચોક વચ્ચે એક ચિતા ખડકાવી. ચિતાની વચ્ચોવચ્ચ એક થાંભલો ખોડયો. મેનાને થાંભલા સાથે બાંધી. આખા ગામને જોવા બોલાવ્યું. ગામ આખામાં કોઇ મરદ ન મળેઃ બધા ય બાયલા! જોઇ રહ્યા.

હે સાહેબને ખબર પડી. બીચારે ગવર્નર જનરલને તાર કર્યો પણ કાંઇ વળ્યું નહિ. વિલાયત તાર કર્યો પણ જવાબ આવ્યા પહેલાં તો નીલે કાળું કામ કરી લીધું!

ચિતા સળગી. મેનાનું શરીર રાખ થઇ ગયું. એનું નામનિશાન ન રહ્યું.

અને એ સેનાપતિ નીલનું પુતળું આજ મદ્રાસના ચોકમાં ઉભું ઉભું ભારતવર્ષના નિર્માલ્ય જુવાનો સામે હસી રહ્યું છે!

રામનારાયણ ના. પાઠક

(ઐતિહાસિક પુસ્તકોને આધારે)

વિલાયતના પત્રો

પોતાની વિશાળ જ્ઞાતિમાં પહેલા જ એમ. એસસી. થએલા ભાવનગરના ઔદીચ્ય યુવાન ભાઈ લાભશંકર અંબાશંકર ભટ્ટ તેજસ્વી વિદ્યાર્થી કારકીર્દિ ગાળી બૅંગલોર સાયન્સ ઇન્સ્ટીટ્યૂટમાં થોડો સમય અભ્યાસ અને શોધખોળમાં રોકી વધુ અભ્યાસ માટે ભાવનગર રાજ્યની સહાયથી હાલ ઇંગ્લંડ ગયા છે. ત્યાંના જીવનના એમના પત્રો હિંદી વિદ્યાર્થીની દૃષ્ટિથી લખાએલા હોઇ અનેક રસમય વિગતોથી ભરપુર છે.

‘કુમાર’ના વાંચનારાઓને તે ઉપયોગી નીવડશે એમ ધારી અમે તે પ્રગટ કરીએ છીએ.

એસ. એસ. ઢાકોવિયા તા. ૫-૯-૨૭



શ્રી લાભશંકર ભટ્ટ

ત્યાંથી નીકળ્યા પછી ત્રણ દિવસ તો પથારીવશ રહ્યો. દરિયો એટલો તોફાની હતો કે પથારીમાંથી બહાર નીકળવું એટલે ઉલટીને નોતરવા જેવું જ. પણ ત્રણચાર ઉલટી પછી હું તો બહાર નીકળ્યો જ નહિ; અને ગઇ કાલથી હવે દરિયો તદ્દન શાંત છે એટલે ડેક ઉપર હરીફરી શકું છું, અને ગઈ કાલે તથા આજ તો સ્ટીમરના ડાઇનિંગ હૉલમાં જમવા પણ ગયો હતો. આવતી કાલે સવારના ત્રણ વાગ્યે સ્ટીમર એડન પહોંચશે અને લગભગ આઠનવ વાગ્યે તો ત્યાંથી ઉપડી પણ જશે, એટલે એડનમાં ઉતરવાનું તો ભાગ્યે જ બનશે.

હવે તો સ્ટીમર ઉપર ફરવાની મજા આવે છે અને ભુખ પણ સારીપેઠે લાગે છે. એટલે ગયા દિવસોનું વેર વળી રહે એવી સરસ તબિયત થશે એમ સૌ કહે છે. વળી ડૉ. મરચંટ પણ અવારનવાર મારી સાથે જ રહે છે અને એવી રીતે સોબત ઠીકઠીક રહે છે. હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય (સરોજિની નાયડુના ભાઇ—હિંદુસ્તાનના નવયુવાન કવિ અને પ્રસિદ્ધ નટ) પણ મારી જ કૅબિનમાં છે. અને હું તો વળી એને બૅંગ્લોરમાં પણ ઓળખતો હતો એટલે ઠીક મજા પડે છે. બાકી તો માંદગી દરમિયાન અહીંના નોકરો એટલી સગવડ સાચવે છે કે એવી વર્તણુક ન હોય તો તો જરૂર માણસ મરવા પડે. ખરે ! સ્વજનો અને સ્નેહીઓની ખોટ આવે સમયે બહુ જ સાલે છે. પરંતુ મને તો લાગે છે કે મુશ્કેલીઓ સહન કરવાની શક્તિની એ એક કસોટી હતી. અને હું એમાંથી ફત્તેહમંદ પાર ઉતર્યો છું. આજ સવારના તો નાસ્તામાં જવની કાંજી, બ્રેડ, બટર, મુરબ્બો અને ચાહ હતાં. પણ કન્ડેન્સ્ડ મિલ્ક (જમાવેલા દુધ)ની ચાહ જરી યે ભાવતી નથી. એના કરતાં તો જવની કાંજી ઘેંશ જેવી લાગે છે તો યે ભાવે છે. અંદર દુધ અને સારી પેઠે સાકર લઇને હું તો ફટકાર્યે રાખું છું. આજ બપોરના તો અમે સઘળા નિરામિષાહારીઓએ ભેગા થઇને બટલરને ખીચડી ને બટેટાંનું શાક તૈયાર કરવાનું કહ્યું છે અને માંસાહારીઓ જમવા આવે એ પહેલાં તો અમે ઉકેલી લેવાનું નક્કી કર્યું છે, એટલે મચ્છી અને માંસની વાસ વચ્ચે નહિ જમવું પડે એટલો સંતોષ છે. વળી, દિવસમાં જોઇએ તેટલી વખત તાજાં ફળ—કેળાં, મોસંબી, નારંગી, દ્રાક્ષ અને સફરજન—મળે છે અને સાંજનાં હમેશાં આઇસ્ક્રીમ: આ બધાં તો માંદગીમાં પણ મને ઠીકઠીક સદેલાં.

એએક વખત સીનેમા શો હતા અને એક ડાન્સપાર્ટી થશે એમ લાગે છે. મોતીલાલ નેહરૂનું એક જાહેર ભાષણ અને ચટ્ટોપાધ્યાયની અભિનય કલા—બધું ય એકએક દિવસ ગોઠવાશે અને વખત સહેલાઈથી પસાર થઇ જશે.

આજ તો થર્ડ કલાસ ડેક પૅસેન્જરોમાંના થોડાક

ગુજરાતીઓ પાસે જઇને એમની અંતરખબર પુછી આવ્યો. બીચારા એટલા હેરાન થએલા! મને તો એમણે એમની ખીચડી ને શાક જમવા આમંત્ર્યો, પરંતુ એમની મહેનતનો નકામો ઉપભોગ કરવાનું મને ઠીક ન લાગ્યું. ખાસી બે પાનપટ્ટીઓ લઇને–એનાં કરતાં યે વધારે તો લાગણીઓ નિહાળીને ઉપર આવ્યો ત્યારે જ વિશ્વબંધુત્વના વિચારો કેટલા સરળ હોઇ શકે એનું ભાન આવ્યું.



૨૧, ક્રૉમવેલ રોડ : સાઉથ કેન્સિંગ્ટન
લંડન, તા. ૨૧–૯–૨૭

સ્ટીમરમાંથી ઉતર્યા પછી વેનિસ ૨૪ કલાક રોકાયા. તેમાં લગભગ આખું વેનિસ જોવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો; પણ ઠીકઠીક જોયું. આખુંય શહેર નાના-નાના ટાપુઓનું બનેલું છે. મુંબાઇમાં જેમ ટ્રામ સર્વિસ છે તેમ ત્યાંની ફેરી બોટ સર્વિસ, ને એનાં સ્ટેશનો ને ટ્રાફિક જોવાની તો એવી મજા પડે! ઘર કે હૉટેલ કે દુકાનમાંથી પગથિયું છોડીએ કે તુરત જ હોડી કે લૉન્ચ તૈયાર જ હોય. ને ઇટાલિયન લોકો પણ બહુ જ ભલા. અમે ઉતર્યા હતા એ હૉટેલ-વાળો તો અમારે માટે બધી સગવડ કરી આપવા તૈયાર જ હતો. ભાંગ્યુંતુટ્યું અંગ્રેજી જાણે એવા એક ભોમિયાએ આખું શહેર, મુખ્ય દેવળો, આર્ટ ગૅલેરી, વેનિશિયન કાચની ફૅકટરી, સુંદર કાચનાં વાઝ, ઝુમ્મર ને દરેક જાતની ક્રોકરીવાળી દુકાનો વગેરે જગ્યાઓ બતાવી. ત્યાંના બગીચા અને દરિયાકિનારા પરની નહાવાની જગ્યાઓ પણ ઠીકઠીક છે.

મિલાનમાં તો ત્યાંની આર્ટ ગૅલેરીમાં લગભગ ત્રણ કલાક ગાળ્યા. ઉપરાંત, એક ઇટાલિયન નાટક જોયું. સંગીત તો એવું વિચિત્ર! ને ભાષામાં જરી યે સમજણ પડે નહિ. આખાં ય શરીર લગભગ ઉઘાડાં રહે એવી રીતોના નાચ એ જ આ લોકોનો શોખ લાગ્યો. વેનિસથી મિલાન છ કલાક લાગેલા. મિલાન બે વાગ્યે છોડ્યું તે બીજે દિવસે સવારે પૅરિસ આવ્યા, ને ત્યાંથી ટ્રેન બદલીને બાર વાગ્યે કૅલે ને ત્યાંથી બે વાગ્યે ડોવર ને સાંજના ચાર વાગતાં લંડનમાં પહોંચી ગએલા. ટ્રેનો તો એટલી ઝડપથી ચાલે! મિલાનથી નીકળ્યા ને સ્વિટ્ઝર્લૅન્ડનું સૌંદર્ય શરૂ થયું. સુંદર સરોવરો, આસપાસ બરફથી ઢંકાએલાં શિખરોવાળા પર્વતો, ટેકરીઓ--સઘળું લીલુંછમ ને સરોવરને કાંઠે વસેલાં ગામો ને શહેરો—એ બધું ય એવું સ્વ-ર્ગીય લાગતું કે ગાયકવાડ અહીં એનો સમય ગાળે છે એમાં જરી યે ભુલ નથી કરતા એમ ઘડીભર તો લાગ્યું. ને અમારી ટ્રેન જ્યાં સુધી સ્વિટ્ઝર્લૅન્ડમાં હતી ત્યાં સુધી વિજળીથી જ ચાલેલી. ઇલેક્ટ્રિક પાવર એટલો સસ્તો ને વિપુલ છે કે સ્ટીમ એન્જિનની ગંદી રીત આ સુઘડ લોકોને પસંદ જ ન પડે. પણ આ લોકોની ભાષા! જાણે ચાઇનીઝમાં વાતો કરતા હોય એવું જ લાગે!

પૅરિસમાં સાથેના સોબતીઓ ન રોકાતા હોવાને અંગે, અને વળી લંડનથી નજીક હોવાને લીધે ગમે ત્યારે જોઇ શકાશે એ આશાએ રોકાયો નથી. અને પૅરિસ જેવું શહેર એકબે દિવસમાં ઉતાવળે જોવું એ પણ મને યોગ્ય ન લાગ્યું. નાતાલની રજામાં કે એવે કોઇ સમયે જઈ આવીશ. પાંચ પાઉન્ડમાં તો જતાંઆવતાંની ફી ને એક અઠવાડિયાની હૉટેલની સગવડ ટૉમસ કુકવાળા ગોઠવી આપે છે. છતાં ય અહીંના કોઇક ગુજરાતીની ઓળખાણ કરીને એને ત્યાં જ રહેવાનું નક્કી કરીને જઇશ. આવતાંવેંત તો અહીં ઇન્ડિયન સ્ટુડન્ટસ હોમ, (હિંદી વિદ્યાર્થી ગૃહ) માં ઉતર્યો છું. મકાન સારૂં છે. કૉલેજની નજીક છે ને હિંદી નિરામિષાહારી વાનીઓ પણ ઠીક મળે છે.

નાસ્તો, ખાવાનું ને રહેવાનું મળીને અઠવાડિયાના કુલ બે પાઉન્ડ આપવા પડે છે. લન્ચ (નાસ્તા અને ખાણા વચ્ચેનું ભોજન) અને ચા જો અહીં લેવાં હોય તો બે શિલિંગ વધારે આપવા પડે. પણ એ તો એ સમયે જ્યાં હોઇએ ત્યાં જ લઇ લેવાં ઠીક પડે. અને લન્ચ તો ગમે તે જગ્યાએ ૧ શિ. ૬ પે. માં મળી શકે. ચા પણ ૬ પે. માં ગમે ત્યાં મળી શકે.

આ લોકો અહીં બ્રેકફાસ્ટ (નાસ્તા)માં જવની ઘેંશ—દુધ સાકર સહિત, બ્રેડ, બટર, મુરબ્બો ને ફળ આપે છે. લંચ વખતે બટેટાં, રીંગણાં, કાકડી ને કાંદા (બધું ય બાફેલું; ઉપર મીઠું, મરી ને ટમેટાંનો રસ

લઇને ખાવાનું) ભાત, દાળ (આપણે લચકો કરીએ છીએ એવી)ને એકાદ વાની મીઠાઈની તથા બ્રેડ બટર ને જામ. ચા વખતે ચા ઉપરાંત ટોસ્ટ તથા કેક મળે. સાંજનું ખાણું બપોરના લન્ચ જેવું જ હોય છે. હમણાં તો હું ચા અને લંચ પણ અહીં જ લઉં છું. ફક્ત દરરોજ એના બે શિલિંગ રોકડા આપી દેવા પડે.

ઉના પાણીના નળ ચોવીસે કલાક ચાલુ જ હોય છે. સવારમાં હું તો હમેશાં ગરમ પાણીએ નાહું છું. રૂમ પણ ઠીક ફર્નિચરવાળી છે. પથારી પણ ઠીકઠીક આપે છે. બે મુલાયમ ઓશીકાં, બે ગરમ રગ (બનુસ), નીચે ઉપર સુતરાઉ ઓછાડ ને ઓઢવામાં એક સુતરાઉ રગ ને પાછાં ઉપર બે રગ એમ તૈયાર કરી રાખે છે. ચાકરડી બીચારી ઠીક છે. હું રાત્રે આવું ત્યારે રૂમમાં શગડી સળગાવી મુકે છે એટલે ગરમી ઠીક રહે છે. પણ બહાર નીકળીએ ત્યારે ઠરી જઇએ છીએ. એક ઓવરકોટ ૬ પા. ૧૬ શિ. ૬ પે. નો લીધો છે. બહુ જ સરસ છે. ડ્રેસિંગ ગાઉન પા. ૧-૧-૬ નો લીધો ને પા. ૩-૯-૬ નો એક ગરમ સુટ લીધો છે. નીચે પહેરવા માટે એક ગરમ બદિયાન ને પાયજામો પણ ખરીદવાં પડ્યાં છે. હાથનાં મોજાં પણ લઇ લીધાં છે. લૉઇડ્ઝ બૅંકમાં ૫૦ પાઉંડનો ડ્રાફ્ટ આપીને ખાતું ઉઘડાવ્યું છે.

સર મન્ચેરશા ભાવનગરીને આજરોજ મળી આવ્યો. બહુ જ ભલા અને માયાળુ છે. અહીંથી નજીકમાં જ છે (૧૭૭ ક્રૉમવેલ રોડ) એટલે મને તો અવારનવાર આવતા રહેવાનું અને જરી યે શરમાયા વગર ગમે તે જાતની સલાહ ને મદદ માટે ગમે તે સમયે મળવા કહ્યું છે. ૭૭ વર્ષના છે, પણ એટલા ચપળ ને ભલા છે! મને એમણે એક કલબનો મેમ્બર પણ કરી દીધો છે જેથી હું અહીંના સમાજના ઍરિસ્ટૉક્રેટિક વર્ગમાં છુટથી જોડાઇ શકું.

મિસિસ નાઇટ કરીને એક બાઇ છે તેને ત્યાં તો શ્રીખંડ પુરી દાળ ભાત શાક ખાઇએ છીએ ત્યારે કોઇ ગુજરાતીએ બનાવ્યાં હોય એવાં જ લાગે છે. ફક્ત દોઢ શિલિંગ ચાર્જ આવે એટલું જ! બહુ જ મોંઘું પડે છે નહિતો એને ત્યાં રહેત!!

કોઇ ખાનગી કુટુંબમાં રહેવા જવા વિચાર છે. સસ્તાં પડે છે ને એ લોકોની રહેણીકરણીનો ખરો ખ્યાલ એમની સાથે રહીએ ત્યારે જ આવે છે. જાહેર ખબર આપી છે. લગભગ ૫૦ ઉત્તર આવ્યા છે. હવે મળી આવીને નક્કી કરી લઇશ ને જ્યાં ઠીક પડશે ત્યાં રહેવાનું રાખીશ.

લંડનની ઑમની બસ સર્વિસ, ટ્રેનો, જમીન નીચે ચાલતી (અંડર ગ્રાઉન્ડ) રેલવેઓ, ટ્યુબ રેલવેઓ ને મોટર ટ્રાફિક એ એટલાં વિશાળ છે કે હું તો આ ત્રણ દિવસ થયા છતાં પાર પામી શકતો નથી, અને ભુલો પડતાંપડતાં પોલિસને પુછીને માંડ ઘેર પહોંચી શકું છું. પણ અહીંના પોલિસ મૅન બહુ જ વિનયી અને માયાળુ હોય છે. ગમે તે ઠેકાણે ગમે તે રસ્તો કે જગ્યા પુછો તો તમને યોગ્ય સ્થળ દેખાડી આપવાના જ. અને એવો વિનયી જવાબ આપે કે આપણને ફરીને પુછવાનું મન થાય!

અહીંઆં નારી તત્ત્વ બહુ છે. ઑફિસો, દુકાનો કે ભોજનગૃહો, બધી જગ્યાએ સ્ત્રીઓ જ કામ કરતી હોય છે. એટલે એટિકેટની બાબતમાં બહુ જ સાવચેત રહેવું પડે છે.

લંડનના મારા અનુભવો તો હવે પછી લખીશ. ગઈ કાલ રાત્રે અહીંનું એક સારું ગણાતું નાટક જોવા ગયો હતો. અભિનય એટલો સરસ હતો, પ્રકાશની અસર એવી સપ્રમાણ હતી ને યોગ્ય સ્થળે સંગીત એવું તો દિવ્ય હતું કે થીએટરના પ્રેક્ષક વર્ગમાં કોઇ શ્વાસ પણ નહોતું લેતું એટલી શાંતિ હતી. ફક્ત ૨॥ કલાકનો જ પ્રોગ્રામ, પણ બધું ય એવું આબેહૂબ લાગે કે આ લોકોની આ કળા આપણે ત્યાં ઉતારતાં હજુ આપણને બીજાં ૫૦ વર્ષ લાગશે એમ લાગે છે.

કાલે ગુરુવારે અહીંથી મેઇલ નીકળી જશે એટલે આજની રાત તો કાગળો લખવામાં જ ખતમ થશે કે શું, એમ લાગે છે.

તબિયત બહુ જ સરસ છે. ઠંડી આબોહવામાં ગરમી રાખવા માટે બહુ જ શ્રમ લેવો પડે છે. ભુખ પણ આથી કકડીને લાગે છે ને માખણ રોટીનો મારો ઠીક રાખું છું એટલે જમવા કારવવાની અગવડ વેઠતો નથી.

લંડન : તા. ૯-૧૧-૨૭

શિયાળો ઠીકઠીક રીતે શરૂ થઈ ગયો છે. સવાર,

સાંજ અને કોઇકોઇ વખત તો બપોરે ય તે ધુમ્મસ સારી પેઠે હોય છે. પણ ખરી ઠંડી તો ધુમ્મસ ખુલ્લું થઇ જાય પછી પડવા માંડે છે અને એવે વખતે તો આંગળાં પેન પકડીને લખવાની પણ ના કહે છે. આંગળાં વળે તો લખાય ને! અને હજી તો કહે છે કે શિયાળો તો હજુ હવે આવે છે! ટાઇમમાં અમે અહીં તમારા કરતાં છ કલાક આગળ છીએ. એટલે અત્યારે જ્યારે અહીં રાતના દસ વાગ્યા છે ત્યારે તમે ચાર વાગ્યે ઑફિસની અંદર ટ્રૅસિંગ કરીકરીને ઘડિયાળનો કાંટો ક્યારે છ ઉપર આવે એની રાહ જોતા હશો.

પ્રયોગશાળામાં તો હું દસથી પાંચ સુધી જ હોઉં છું, પણ પાંચ વાગ્યા પછી યે એકાદ જાહેર ભાષણ કે વિજ્ઞાન વિષયનું એક ભાષણ કે અઠવાડિયામાં બે વારના ત્રણત્રણ કલાકના સાંજના વર્ગો —એ બધાનો સરવાળો કરતાં, સમય ભાગ્યે જ પુરતો મળે છે. અને રાતના સાડા અગિયારે મેઇન સ્વિચ બંધ થાય ત્યારે પરાણે પથારીમાં જવું પડે છે. ત્યાં સુધીમાં ભાગ્યે જ કોટ કે ટાઇ ઉતારવાનો વખત મળે છે. અને આટલું છતાં ય નિયમિત અઠવાડિયામાં બે વાર સીનેમામાં જવાનું ચુકતો નથી. અહીંનાં ખાસ થીએટરો સિવાય સીનેમા થીએટરો સસ્તાં હોય છે. એટલે આઠ પેની—લગભગ સાત આના—માં તો સરસ બેઠક મળે, અને ત્રણેક કલાક સારી યે દુનિયા અને જંજાળ ભુલી જઇએ એવી સરસ ફિલ્મો જોવાનો યોગ મળે છે. અહીંની ફિલ્મો પણ ત્યાંની સરખામણીએ બહુ જ ઉત્તમ પસંદ કરેલી હોય છે. ત્યાં તો ભાગ્યે જ બીજા વર્ગની ફિલ્મો મળે છે; જ્યારે અહીં ભાગ્યે જ કોઇ એવી જોવા જાય. એટલે બધાં ઉત્તમ પ્રોડક્શન જોવાનો લાભ ગુમાવું તો આ સંસ્કૃતિના શિક્ષણની એક બાજુ ભુલી જવાનો ગુનાહ કરું એવું લાગે છે.

અહીંઆં માણસો પેની તો પૈસાની જેમ જ વાપરે છે. ફૅશનેબલ અને ઉચ્ચ વર્ગ જ્યાં રહે છે તે વેસ્ટ એન્ડમાં ટ્રામ કાર હોતી જ નથી. બધો વ્યવહાર ઓમની બસ મારફત જ થાય છે. ઇસ્ટ એન્ડમાં જ ટ્રામ. ત્યાંના રહેવાવાળા લોકો ગરીબ મજુર વર્ગનાં કુટુંબો હોવાથી એ લોકોને એ સસ્તી પડે.

આ ઇસ્ટ એન્ડ અને વેસ્ટ એન્ડ એ બેની વચ્ચે ટેઇમ્સ નદી વહી જાય છે. નદી એટલી તો ગંદી છે કે પાણીને અડવાનું પણ મન ન થાય; જોકે ચોકખી હોય તો યે અડવાનું મન ન થાય એવી ઠંડી પડે છે. મારી કૉલેજ હું રહું છું ત્યાંથી પંદરેક મિનિટની મોટર બસની મુસાફરીએ છે. એક પેની જતાંની ને એક આવતાંની એ કાંઇ બહુ ન કહેવાય. કેમકે પાશેરેક બટેટાંની તળેલી કાચરીઓ, થોડીએક બાફેલ કોબી અને બ્રેડ બટર ને કૉફી એટલું ખાઇએ ત્યાં એક શિલિંગનું બિલ સહેજે થાય. ખાણું પુરેપુરું લઇએ તો બિલ લગભગ બેથી ત્રણ શિલિંગ વચ્ચે આવે અને સાંજના ચાહ વખતે ચાહ અને એકાદ કેઇક કે માખણવાળા ટોસ્ટના છ પેન્સ આપવા પડે. આ બધા સાથે સરખાવતાં એકાદ પેનીનું છાપું કે એકાદ પેની બસમાં ખર્ચતાં બહુ જીવ ખંચાતો નથી, અને બહુ ખંચાય તો ખાવામાંથી એકાદ વસ્તુ બાદ કરીને પણ એનો બદલો વાળી લઉં છું.

છતાં યે હું જ્યાં રહું છુ એ લોકો બહુ જ સારા છે. સવારમાં સાડા સાતે તો બારણું ખખડાવીને ઉઘાડે ને ગરમ પાણી મુકી જાય. એટલે હજામત કરી, ડ્રેસ કરીને નીચે જાઉં ત્યાં સહજ સવા આઠ વાગે; અને નાસ્તો પુરો થાય ત્યાં તો નવ થયા હોય એટલે કૉલેજમાં જવાની ધમાલ. પણ હું તો નાસ્તા વખતે સારી પેઠે ચપારું એટલે બપોરના લંચ સમયે એક શિલિંગથી વધારે ખર્ચતો નથી. પણ હવે રૂપિયા આનાનો હિસાબ ગણવો છોડી દીધો છે. કેમકે નહિતો અહીં રહેવાય એવું નથી. સલુનમાં જઇને વાળ કતરાવવા હોય તો એક શિલિંગથી ઓછે પતે નહિ. અને ભોગજોગે જો શૅમ્પુની કે હૅાટ ટૉવેલ ટ્રીટમેન્ટની હા પાડી દીધી તો ખિસ્સા ઉપર બેત્રણ શિલિંગનો કાપ આવ્યો જ સમજવો.

નહાવાનું તો એકાંતરે રાખ્યું છે. એક દિવસ સવારે નહાવાનો અર્ધો કલાક અને બીજે દિવસ દાઢી બોડવા વગેરેનો અર્ધો કલાક એમ એકાંતરે વહેંચી લીધું છે.

આજ તો પુનમ છે. દિવસે તડકો ઠીકઠીક હતો ને અત્યારે તો ચંદ્ર પણ પ્રકાશી રહ્યો છે. ભાગ્યે જ આવી ચાંદની જોવાનો સમય અહીં મળે છે. (ચાલુ)

નવરા પડો ત્યારે

પરીક્ષાઓ પુરી થવા આવી છે અને એના પીંજણ પાછળ વેઠેલા ત્રાસનો બદલો વાળવા થોડા દહાડા આરામમાં ગાળવાનો વિચાર કેટલાક કરતા હશો. કેટલાકને રજાઓ મળી પણ હશે. કેટલાક વાંચનાર, વિદ્યાર્થી કે પરીક્ષા આપનારા નહિ હોય એમને પણ આ ફાગણની વસંતનાં મધુરાં બપોર વખતે થોડો નવરાશનો વખત મળતો હશે.

આરામ લેવાને માટે નવરા પડીએ છીએ ત્યારે એ આરામ માત્ર થોડો જ સમય મીઠો લાગે છે અને પછી તે આળસમાં ફેરવાઇ જઇ પોતાના ભાઇ કંટાળાને તેડી લાવે છે. આળસુ થઈ પડી રહેવું એનું નામ આરામ લેવો નથી. આરામ એટલે કામનો ફેરબદલો. અંગમહેનત કરી કંટાળી ગયા હો ત્યારે સંગીત વાતચિત કે વાંચન આરામ આપે. બેઠાડુ કામથી કંટાળ્યા હો ત્યારે ફરવા જવાથી આરામ મળે. વાંચીવાંચીને કંટાળી ગયા હો ત્યારે કોઇક હાથકારીગીરી કે હુન્નરમાં આરામ મળે. પરીક્ષાનું વાંચીને નીચોવાઈ ગયા હો ત્યારે વાર્તાઓ તથા વિનોદ સાથે જ્ઞાન આપનારાં પુસ્તકો મગજને તાજું કરી નાખે. આવાં થોડાં પુસ્તકો આપણા સાહિત્યમાં હમણાંહમણાં બહાર પડ્યાં છે. નવરા પડો ત્યારે વાંચી લેજો.

સૌરાષ્ટ્રની રસધારનો પાંચમો ભાગ અને **શિવાજી છત્રપતિનું** ટુંકું પણ અતિ પ્રોત્સાહક ચરિત્ર બહાર પડ્યે તો મહીના વીતી ગયા: છતાં તમારે હાથ એ ન પડ્યાં હોય તો મેળવી લેજો--પહેલી તકે વાંચી લેજો અને બને તો એમાંનું બીજું પુસ્તક તો સંઘરી પણ લેજો. તમને, તમારાં નાનાં ભાઇભાંડુને, મિત્રોને, પડોશીઓને ને ઘરનાં માણસો સુદ્ધાં સૌને એ પ્રેરણા આપે એવું છે.

વાર્તાઓ જ વાંચવાનો શોખ હોય--અને તેમાં યે પરાક્રમ, સાહસ તથા અંગ્રેજીમાં જેને 'રોમાન્સ' કહે છે તેવું વાંચવું હોય તો—(તમે કહેશો કે **સૌરાષ્ટ્રની રસધાર**ના બધા ભાગ વાંચી જવાને? હા–એ ખરૂં પણ) હમણાં જ એને અનુસંધાને એના જ જેટલા ઉંચા રસ ને ગુણવાળું પુસ્તક **સોરઠી બારવટિયા** ભાઇ ઝવેરચંદ મેઘાણીએ મહેનતથી સંઘરી પોતાની વિશિષ્ટ બાનીના રંગથી રંગીને સૌરાષ્ટ્ર કાર્યાલય મારફત બહાર પાડ્યું છે. (બીજી આવૃત્તિ હોં: પહેલી તો ઉપડી પણ ગઇ.) એ ન વાંચ્યું હોય તો ગમે ત્યાંથી મેળવી લેજો. નહિતર રાણપુરથી મંગાવીને સંઘરી જ લેજોને. કીમત બહુ નથી: આઠ આના.

પણ કેટલાકને તો આ પ્રજાજાગૃતિના યુગમાં દેશના ઇતિહાસ ઘડનારા વીરો, પ્રજાના તારણહાર, સામ્રાજ્યો સ્થાપનાર ને ઉથાપનાર, સમર્થ પ્રજાનાયકો ને લોકવીરોનાં ચરિત્ર વાંચવાં ગમે છે. એમની યે ઈચ્છા સંતોષે એવું પુસ્તક પણ સૌરાષ્ટ્રે બહાર પાડ્યું છે: **હંગેરીનો તારણહાર** લોહીનું ટીપું સરખું પણ પાડ્યા વિના ઑસ્ટ્રિયન સરકારની પોલાદી મુઠીમાંથી સ્વતંત્ર બનનાર એ હંગેરિયન પ્રજાના લાડીલા નેતા ડિકના ચરિત્રનાં છેલ્લાં પ્રકરણો સૌરાષ્ટ્રમાં ચાખીને તરત જ તમે એ મંગાવી લઇ વાંચી નાખ્યું હોય તો નવાઇ નહિ.

ઘરનાં મોટેરાંઓ અને મધ્યમ કેળવણી પામેલાંઓને ઘણે ભાગે ઐતિહાસિક નવલકથાઓ વાંચવી બહુ ગમે છે. જુવાનો પણ આ રસમાંથી છટકી જવા પામતા નથી; અને 'ગુજરાતી'ની ભેટોએ તો એ રસનો ખુબ પ્રચાર કર્યો છે. એવું જ કંઇક વાંચવાની અભિલાષા હોય તો **રાજપુત જીવનસંધ્યા** અને **મહારાષ્ટ્ર જીવનપ્રભાત** નામની બે આકર્ષક ઐતિહાસિક નવલો થોડા જ વખત પર વડોદરાના પુસ્તકાલય સ. સ. મંડળ લિમિટેડે બહાર પાડી છે: અનુક્રમે એક ને દોઢ રૂપિયાની કીમતે. રોમેશચંદ્ર દત્ત જેવા સમર્થ એના મુળ લેખક અને પેલા જગવિખ્યાત ગેરીબાલ્ડીનું ચારિત્ર લખવા માટે જેલ ગએલા ગુજરાતવિખ્યાત **શ્રી** નરસિંહભાઈ ઇશ્વરભાઇ પટેલ એને ગુજરાતીમાં ઉતારનાર —આટલું આકર્ષણ એ પુસ્તકો વાંચવા માટે ઓછું છે?

એપ્રિલ અને મે માસ ચાલ્યા આવે છે: એ શાની ઋતુ? વસંત, ઉનાળો, વેકેશન તો સૌ કહેશે. પણ કોઇકને જ ખબર હશે કે એ વિલાયત જવાની એક ઋતુ છે! પણ વિલાયત તો શ્રીમંતો જ જઇ શકે. 'કુમાર'નાં દસ હજાર વાંચનારાઓમાંથી જવલ્લે જ દસ જણા આ ઉનાળે એનો લાભ મેળવે. કાંઇ નહિ. તમને ઘેર તમારા હીંચકા પર, ગાદી પર કે ખુરસીમાં પડ્યાપડ્યા વિલાયતની—અરે આખા યૂરોપની સફર કરાવે, અને તે પણ કેવી રમતિયાળ, રસભરી ને સરળ ભાષામાં, એવું એક પુસ્તક **યુરોપનાં સંસ્મરણો** શ્રી મોતીચંદ ગિરધરભાઇ કાપડિયાએ મુંબાઈમાંથી રૂપિયે બહાર પાડ્યું છે. એમાંની કેટલીક વિગતો તો એટલી સરસ છે કે અમે થોડો ભાગ માધુકરીમાં આપવાનો નિરધાર કરેલો, પણ ત્યાં તો અમારા જ એક મિત્ર લાભશંકર જાતે વિલાયત ગયા અને એમના પત્રોએ વળી 'કુમાર'ને બહુ રુચિકર ખોરાક આપી દીધો એટલે આ અંકથી એ શરૂ કરી દીધા છે. એ તો તમે કકડે કકડે વાંચશો જ. પરંતુ આ આખું

પુસ્તક પણ છોડવા જેવું નથી.

પણ સામાજિક નવલકથાઓ વાંચવાનો રસ પણ કાંઇ ઓછા લોકોમાં હોતો નથી; અને કેટલાક તો એ ઐતિહાસિક નવલોની પેઠે એક બેઠકે પુરી કરી નાખે એવા રસિયા હોય છે. એવાઓને માટે, ત્રણેક મહીના ઉપર બહાર પડેલી રમણલાલ વસંતલાલ દેસાઈની લખેલી **શિરીષ** (જે સયાજીવિજય ઓફિસે વડોદરેથી એક રૂપિયે બહાર પાડી છે એ) તથા મેઘજી હીરજી બુકસેલર તરફથી **'મોટી બહેન અથવા માયાળુ માધવી'** અને સાહિત્ય ઓફિસ–વડોદરાની **'સંસારનો કંસાર'** નામની નવલકથાઓ મળી ત્રણે રસભરી છે. પહેલી સ્વતંત્ર છે અને બીજી બંગાળીમાંથી ઉતારેલી છે, છતાં બંનેનો રસ સરખો જ છલકતો છે, એ બીજીના અનુવાદ કર્તા **શ્રી સુશીલને** ઓછો જશ અપાવનારૂં નથી. **શ્રી ભોગીન્દ્રરાવ દીવટિયા પછી સામાજિક નવલો લખવાનો** યુગ આથમી ગયો કહેવાતો હતો એ શિરીષના વાંચ્યા પછી ફરી ઉગતો જણાય છે. 'સંસારનો કંસાર' અમે જોઇ નથી; પણ વખાણ સાંભળ્યાં છે.

પણ તમે તમારા જ **શોખનું** લઇને બેસી જશો કે તમારાં નાનકડાં ભાંડુઓને પણ કાંઇક વાંચવા આપશો? એમની દુનિયામાં પણ તમારાં આ બધાં પુસ્તકોની હારોહાર ઉભું રહે એવું સંગીન વાંચન ઘાણાની પેઠે હમણાં હમણાં તો કુટતું જાય છે. ભાવનગરનું દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર અને સુરતનું ગાંડીવ કાર્યાલય એ બંનેના સાથમાં હમણાં આણંદનું બાલમિત્ર કાર્યાલય ભળ્યું છે અને ત્રણેએ મળીને છેલ્લા થોડા મહીનામાં ટચુકડાં મિત્રોને ખુશ કરી નાખે એવું સાહિત્ય પ્રકટ કર્યું છે. અને 'બાલમિત્રે' તો રૂપરંગ તથા ગુણમાં પહેલાં બંનેને આંટી દેવાના પ્રયત્નો કરવા માંડ્યા છે. એની **કુમાર વીરસેન** નામની એક નાનકડી બાળ–નવલની એક હજાર નકલો ત્રણ મહીનામાં ગુજરાતનાં બાળકો તાણી ગયાં! એટલે એમણે તો શૂરથી ચૌદ ચિત્રો ઉમેરીને બીજી આવૃત્તિ બહાર પાડી. શૌર્ય ને સાહસ મોટાંઓને ગમે છે તેમ બાળકોને પણ ગમે છે તેની એ પુસ્તકના ઉપાડે ખાતરી કરાવી દીધી છે. એમનું જ બીજું **ચાર બાલસંવાદો** પણ ચિત્રો સાથે સરસ બહાર પડ્યું છે: વાંચવા ને (નવરાશ હોય તો) ભજવવા માટે કામ લાગે એવા સંવાદો. પરંતુ કેટલીક વાર બાળકોને દહાડામાં પરવારે ત્યારે લઇને વાંચવા બેસે એવી ટુંકીટુંકી વસ્તુઓનો સંગ્રહ બહુ પસંદ આવે છે. અંગ્રેજી સાહિત્યમાં તો આવા સંગ્રહો અનેક 'વાર્ષિકો' રૂપે અવનવા રંગે રંગાઇને બહાર પડે છે. એની જ ઢબ ઉપર પણ બધી સુંદર અને દેશજ વસ્તુઓના સંભારથી ભરેલો એક **બાલમિત્રનો વાર્ષિક અંક** એમણે ગઈ દીવાળીએ બહાર પાડ્યો છે. આપણા બાલસાહિત્યનો એ પહેલો અખતરો રૂપ, રંગ અને ગુણ ત્રણેમાં રળિયામણો છે અને બાર આનાની કીમતે એ અપાવીને હરકોઇ ઘર પોતાનાં બાળકોને ખુશ કરી દે એવો છે.

દક્ષિણામૂર્તિનાં બાળ–પ્રકાશનોથી કોઈ ભાગ્યે જ અજાણ્યું હોય છે. એમણે હમણાં પોતાની ચારચાર આનાવાળી પેલી ગિજુભાઇની **બાળવાર્તાઓ**ના ચાર ભાગમાં **પાંચમા ભાગ**નો—એટલી જ કીમતે ઉમેરો કર્યો છે; અને **'બાળલોકગીત સંગ્રહ'** નામની ત્રણત્રણ આનાવાળી બાળકોને કુદકાં મરાવે એવાં ગીતોની નાનકડી ચોપડીઓ **બે ભાગમાં** પ્રકટ કરી છે. બાલસાહિત્ય પ્રકટ કરવાના 'ગાંડીવ કાર્યાલય'ના પ્રયત્નો દક્ષિણામૂર્તિ જેટલા જ જુના છે; અને પોતાનાં ભાંડુઓ માટે પસંદગી કરતી વેળા એમનાં પ્રકાશનની યાદી પણ ભુલવા જેવી નથી.

દહાડામાં જ્યારે પરવારે ત્યારે વાંચી શકાય તેવી ટુંકીટુંકી વસ્તુઓના સંગ્રહ રૂપ બાળકોના વાર્ષિકની વાત કરી તેવા બે ઘરગથુ સંગ્રહો (વાર્ષિક નહિ) પ્રકટ કરીને સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે ગુજરાતનાં ઘરોની પોતે જે એકધારી સેવા કરી રહ્યું છે તેમાં ઉમેરો કર્યો છે. **શુભસંગ્રહ** અને **આદર્શ દૃષ્ટાંતમાળા** (બંનેનાં બીજા ભાગ—કીમત અનુક્રમે રૂા. રાા અને ૧ાા) એ બંને સંગ્રહો કુમાર, યુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ, ગમે તે લઇને બેસે તેને ફાવે તેવા રસદાયક અને ઉપયોગી છે.

એવો જ, પણ રસ અને કોટિમાં એનાથી જુદી તરેહનો ને ચડિયાતો, સાહિત્યનાં વિવિધ અંગની ચાખણી કરાવતો, રૂપ અને ગુણમાં સુંદર એવો સંગ્રહ એ **પ્રભાતના રંગ**. એમાં પ્રભાતના રંગની કુમાશ, મનોહરતા ને વૈવિધ્ય છે: એમાં વાર્તાઓ, સંવાદો ને વિનોદના લેખો છે: એમાં બુદ્ધિની ચમક, ભાષાની મીઠાશ ને આનંદનાં છાંટણાં છે. 'કૌમુદી'થી વિખ્યાત થએલા **શ્રી** વિજયરાયના લેખોનો એ સંગ્રહ છે એટલું જ જાણતાં તો સૌ એ વાંચવા ઉલટ કરે. મુંબાઈના આર. વનમાળીદાસ બુકસેલર પાસેથી સવા બે રૂપિયે ખરીદવી એ કોઇને મોંઘી પડે તો પણ વાંચવી તો ન જ છોડે.



પગથિયાં ચડતાં જઇએ તો, ઉપરથી ઉંચી કોટિના સાહિત્યનો —જરા ભારે સાહિત્યનો—એક દળદાર સંગ્રહ પણ હમણાં મહીના પહેલાં પ્રકટ થયો છે. આપણા અગ્રગણ્ય સાક્ષર **શ્રી** આનંદશંકરભાઇએ લાગટ ૨૫ વર્ષ સુધી પોતાના માસિક 'વસંત' દ્વારા ગુજરાતી સાહિત્યની કરેલી સેવાના

પુસ્તક પણ છોડવા જેવું નથી.


પણ સામાજિક નવલકથાઓ વાંચવાનો રસ પણ કાંઇ ઓછા લોકોમાં હોતો નથી; અને કેટલાક તો એ ઐતિહાસિક નવલોની પેઠે એક બેઠકે પુરી કરી નાખે એવા રસિયા હોય છે. એવાઓને માટે, ત્રણેક મહીના ઉપર બહાર પડેલી રમણલાલ વસંતલાલ દેસાઈની લખેલી **શિરીષ** (જે સયાજીવિજય ઓફિસે વડોદરેથી એક રૂપિયે બહાર પાડી છે એ) તથા મેઘજી હીરજી બુકસેલર તરફથી **'મોટી બહેન અથવા માયાળુ માધવી'** અને સાહિત્ય ઓફિસ–વડોદરાની **'સંસારનો કંસાર'** નામની નવલકથાઓ મળી ત્રણે રસભરી છે. પહેલી સ્વતંત્ર છે અને બાજી બંગાળીમાંથી ઉતારેલી છે, છતાં બંનેનો રસ સરખો જ છલકતો છે, એ બીજીના અનુવાદ કર્તા **શ્રી સુશીલને** ઓછો જશ અપાવનારૂં નથી. શ્રી ભોગીન્દ્રરાવ દીવટિયા પછી સામાજિક નવલો લખવાનો યુગ આથમી ગયો કહેવાતો હતો એ શિરીષના વાંચ્યા પછી ફરી ઉગતો જણાય છે. 'સંસારનો કંસાર' અમે જોઇ નથી; પણ વખાણ સાંભળ્યાં છે.

પણ તમે તમારા જ શોખનું લઇને બેસી જશો કે તમારાં નાનકડાં ભાંડુઓને પણ કાંઇક વાંચવા આપશો? એમની દુનિયામાં પણ તમારાં આ બધાં પુસ્તકોની હારોહાર ઉભું રહે એવું સંગીન વાંચન ઘાણાની પેઠે હમણાં હમણાં તો ફુટતું જાય છે. ભાવનગરનું દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર અને સુરતનું ગાંડીવ કાર્યાલય એ બંનેના સાથમાં હમણાં આણંદનું બાલમિત્ર કાર્યાલય ભળ્યું છે અને ત્રણેએ મળીને છેલ્લા થોડા મહીનામાં ટચુકડાં મિત્રોને ખુશ કરી નાખે એવું સાહિત્ય પ્રકટ કર્યું છે. અને 'બાલમિત્રે' તો રૂપરંગ તથા ગુણમાં પહેલાં બંનેને આંટી દેવાના પ્રયત્નો કરવા માંડયા છે. એની **કુમાર વીરસેન** નામની એક નાનકડી બાળ–નવલની એક હજાર નકલો ત્રણ મહીનામાં ગુજરાતનાં બાળકો તાણી ગયાં! એટલે એમણે તો શૂરથી ચૌદ ચિત્રો ઉમેરીને બીજી આવૃત્તિ બહાર પાડી. શૌર્ય ને સાહસ મોટાંઓને ગમે છે તેમ બાળકોને પણ ગમે છે તેની એ પુસ્તકના ઉપાડે ખાતરી કરાવી દીધી છે. એમનું જ બીજું **ચાર બાલસંવાદો** પણ ચિત્રો સાથે સરસ બહાર પડ્યું છે: વાંચવા ને (નવરાશ હોય તો) ભજવવા માટે કામ લાગે એવા સંવાદો. પરંતુ કેટલીક વાર બાળકોને દહાડામાં પરવારે ત્યારે લઇને વાંચવા બેસે એવો ટુંકીટુંકી વસ્તુઓનો સંગ્રહ બહુ પસંદ આવે છે. અંગ્રેજી સાહિત્યમાં તો આવા સંગ્રહો અનેક 'વાર્ષિકો' રૂપે અવનવા રંગે રંગાઇને બહાર પડે છે. એની જ ઢબ ઉપર પણ બધી સુંદર અને દેશજ વસ્તુઓના સંભારથી ભરેલો એક **બાલમિત્રનો વાર્ષિક અંક** એમણે ગઈ દીવાળીએ બહાર પાડયો છે. આપણા બાલસાહિત્યનો એ પહેલો અખતરો રૂપ, રંગ અને ગુણ ત્રણેમાં રળિયામણો છે અને બાર આનાની કીમતે એ અપાવીને હરકોઇ ઘર પોતાનાં બાળકોને ખુશ કરી દે એવો છે.

દક્ષિણામૂર્તિનાં બાળ–પ્રકાશનોથી કોઈ ભાગ્યે જ અજાણ્યું હોય છે. એમણે હમણાં પોતાની ચારચાર આનાવાળી પેલી ગિજુભાઇની **બાળવાર્તાઓ**ના ચાર ભાગમાં **પાંચમા ભાગનો**—એટલી જ કીમતે ઉમેરો કર્યો છે; અને **'બાળલોકગીત સંગ્રહ'** નામની ત્રણત્રણ આનાવાળી બાળકોને કુદકાં મરાવે એવાં ગીતોની નાનકડી ચોપડીઓ **બે ભાગમાં** પ્રકટ કરી છે. બાલસાહિત્ય પ્રકટ કરવાના 'ગાંડીવ કાર્યાલય'ના પ્રયત્નો દક્ષિણામૂર્તિ જેટલા જ જુના છે; અને પોતાનાં ભાંડુઓ માટે પસંદગી કરતી વેળા એમનાં પ્રકાશનની યાદી પણ ભુલવા જેવી નથી.

દહાડામાં જ્યારે પરવારે ત્યારે વાંચી શકાય તેવી ટુંકીટુંકી વસ્તુઓના સંગ્રહ રૂપ બાળકોના વાર્ષિકની વાત કરી તેવા બે ઘરગથુ સંગ્રહો (વાર્ષિક નહિ) પ્રકટ કરીને સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે ગુજરાતનાં ઘરોની પોતે જે એકધારી સેવા કરી રહ્યું છે તેમાં ઉમેરો કર્યો છે. **શુભસંગ્રહ** અને **આદર્શ દૃષ્ટાંતમાળા** (બંનેનાં બીજા ભાગ—કીમત અનુક્રમે રૂા. રાા અને ૧ા) એ બંને સંગ્રહો કુમાર, યુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ, ગમે તે લઇને બેસે તેને ફાવે તેવા રસદાયક અને ઉપયોગી છે.

એવો જ, પણ રસ અને કોટિમાં એનાથી જુદી તરેહનો ને ચડિયાતો, સાહિત્યનાં વિવિધ અંગની ચાખણી કરાવતો, રૂપ અને ગુણમાં સુંદર એવો સંગ્રહ એ **પ્રભાતના રંગ**. એમાં પ્રભાતના રંગની કુમાશ, મનોહરતા ને વૈવિધ્ય છે: એમાં વાર્તાઓ, સંવાદો ને વિનોદના લેખો છે: એમાં બુદ્ધિની ચમક, ભાષાની મીઠાશ ને આનંદનાં છાંટણાં છે. 'કૌમુદી'થી વિખ્યાત થએલા શ્રી વિજયરાયના લેખોનો એ સંગ્રહ છે એટલું જ જાણતાં તો સૌ એ વાંચવા ઉલટ કરે. મુંબાઈના આર. વનમાળીદાસ બુકસેલર પાસેથી સવા બે રૂપિયે ખરીદવી એ કોઇને મોંઘી પડે તો પણ વાંચવી તો ન જ છોડે.



પગથિયાં ચડતાં જઇએ તો, ઉપરથી ઉંચી કોટિના સાહિત્યનો —જરા ભારે સાહિત્યનો—એક દળદાર સંગ્રહ પણ હમણાં મહીના પહેલાં પ્રકટ થયો છે. આપણા અગ્રગણ્ય સાક્ષર શ્રી આનંદશંકરભાઇએ લાગટ ૨૫ વર્ષ સુધી પોતાના માસિક 'વસંત' દ્વારા ગુજરાતી સાહિત્યની કરેલી સેવાના

સ્મરણમાં ગુજરાતના સાહિત્યપ્રેમીઓએ 'વસંત' રજતમહોત્સવ ઉજવી એ પ્રસંગે જુદાજુદા વિચારકોના વિવિધ લેખોનો ૪૫૦ પાનનો સંગ્રહ **'વસંત રજતમહોત્સવ સ્મારક ગ્રંથ'** એમને અર્પણ કરેલો. જ્ઞાનપિપાસુઓને એમાંથી પુષ્કળ જ્ઞાન મળી રહે એટલો એ પ્રચુર ને મુલ્યવાન છે.


ફુરસદ મળે ત્યારે વાંચી લેવા સારૂ એક વિદ્યાર્થી મિત્રે પોતાના ટેબલ પર થોડાં પુસ્તકો રાખેલાં તેમાં અમે શ્રી પોપટલાલ ગોવિંદલાલ શાહનું **'વિજ્ઞાન વિનોદ'** નામનું પુસ્તક જોયું. કેવળ સરળ ભાષામાં વાર્તા રૂપે વિજ્ઞાનના સિદ્ધાંતો સમજાવતા લેખોનો એમાં સંગ્રહ છે.

યુવક પ્રવૃત્તિના જે આછાઘેરા વાયરા દેશમાં વાય છે, તેને અંગે જુવાનોમાં સાચી ખોટી પણ એક જાતની જાગૃતિ આવી ગઈ છે. ઉગતા નાગરિકોમાં ઉજળું ભાવિ જોનારા અને તેમના વિકાસ માટે અંતરની દાઝથી કામ કરનારા થોડાઘણા કામ કરનારાઓ પણ ગંભીરપણે પોતપોતાને અનુકૂળ ક્ષેત્રો લઇ કામ કરવા લાગી ગયા છે: કેટલાક સાંસ્કૃતિક વિકાસમાં, કેટલાક શારીરિક વિકાસમાં. એવા એક કાર્યકર કાઠિયાવાડમાં વ્યાયામ પ્રચાર માટે ગઈ કા. રાજકીય પરિષદમાં ઠરાવ રજુ કરનાર ભાવનગરના શ્રી સ્વામીરાવે **તંદુરસ્તીના ઉકેલો** નામનું જે નાનકડું પુસ્તક વિનામૂલ્યે બહાર પાડયું છે તે પોતાના શરીરની કાળજી રાખવા ઈચ્છનાર હરકોઇને માટે ખપનું છે.

પણ જેમણે એથી પણ આગળ વધીને પોતાના શરીરને કસવાનો નિરધાર કરી નાખ્યો છે તેમને માટે તો વધારે ઉપયોગનું એક બીજું જ સુંદર પુસ્તક હમણાં બહાર પડયું છે. એનું નામ: **નમસ્કાર, દંડ તથા બેઠક** (સંપાદક પ્રકાશક: અધ્યાપક બાબુરાવ, વ્યાયામ વિજ્ઞાન પ્રચાર કાર્યાલય બોરસદ કી. રૂા ૧). શાસ્ત્રીય પદ્ધતિએ કસરત કરવાનું જે અલ્પ સાહિત્ય આપણી ભાષામાં છે તેમાં આ પુસ્તકથી ઠીક વધારો થયો છે. અને તે નમસ્કાર, દંડ તથા બેઠક વિષે સાધકને ચિત્રો સાથે સમજણપૂર્વક માર્ગ દેખાડે છે.

કસરતના બે પ્રકાર છે. કેટલાક સામાન્ય રીતે શરીર કેળવવાને કસરત કરે છે; કેટલાક ઉપાસનાની દૃષ્ટિએ વ્યાયામ કરે છે. નમસ્કાર એ એવો ધાર્મિક વ્યાયામ છે. એમાં દંડ અને બેઠકનો મિશ્રિત વ્યાયામ હોવા ઉપરાંત એની સાથે બોલવાના સૂર્યોપાસનાના મંત્રોચ્ચારમાં શ્રદ્ધા, ભક્તિભાવ અને ધ્યાન રહેલાં છે. એ રીતે નમસ્કાર શરીર અને ચિત્તને જોડી એકાગ્ર કરે છે અને બંનેનો વિકાસ સાધે છે. કેટલીક વાર માણસ ઉમરે પહોંચ્યે અનેક જંજાળોમાં કસરતને વિસારી મુકે છે, પણ નમસ્કારનો વિધિ મનુષ્યના જીવનનું ધાર્મિક અંગ બનવાને લીધે તે નિરંતરને માટે ચાલુ રહે છે અને તેમાંથી માણસ નિત નવું જીવન ને નવો પ્રાણ મેળવે છે. એ વ્યાયામનો પદ્ધતિસર અભ્યાસ કરાવતું આ પુસ્તક વાંચવાની અમારી ભલામણ છે.

સ્વાસ્થ્ય શક્તિ અને સૌંદર્ય



કરાંચીના ભાઇ ભગવાનજીએ બાળપણનું પોતાનું તદ્દન દુર્બળ અને અશક્ત શરીર બે વર્ષના વ્યાયામથી ફેરવી નાખીને ઉપર બતાવેલી શરીરસંપત્તિ પ્રાપ્ત કરી છે. આજ ૨૧ વર્ષની વયે એ ૧૨૫ રતલ વજન ધરાવે છે અને વેઈટ લિફટિંગ તથા ડબલ બારના વ્યાયામ ઉપરાંત કુસ્તી અને ક્રિકેટ પણ સારાં ખેલે છે. બેંગલોરના પ્રો. કૃષ્ણરાવ તરફથી આ શરીરવિકાસ માટે એમને સુવર્ણચંદ્રક મળ્યો છે.

ભાવનગર બૉયસ્કાઉટ્સ ફોટો હરીફાઇનું પરિણામ



કુમારના ૮૦મા અંકમાં ભાવનગર બૉયસ્કાઉટ્સ માટે એક ફોટો–હરીફાઇ જાહેર થઈ હતી. તેમાં રૂા. ૩૦)નું પહેલું ઈનામ જીતી જનાર ઉપલો ફોટોગ્રાફ સ્કાઉટ રજનીકાન્ત ગુણવંતરાય દેસાઈ (ફર્સ્ટ ભાવનગર ટ્રુપ)નો પાડેલો છે.

બા ળ વિ ભા ગ



વીરડો

વેકરામાં કોણે વીરડા ગાળ્યા ?
વીર મારે ગાળ્યા.
વીરડા રૂપાળા કેને કાજ ગાળ્યા ?
એનીને કાજ ગાળ્યા
પંખીને કાજ ગાળ્યા.
વીરડાનાં પાણી કેણીએ ઉલેચ્યાં ?
કાકીએ ઉલેચ્યાં
મામીએ ઉલેચ્યાં
ભાભીએ ઉલેચ્યાં.
વીરડાનાં પાણી કોણે કોણે ડોળ્યાં ?
કાગડે ડોળ્યાં
વાંદરે ડોળ્યાં
દેડકે ડોળ્યાં.
વીરડાનાં પાણી કોણ કરે આછાં ?
મીન કરે આછાં
મોર કરે આછાં
ચકી કરે આછાં
દેવ કરે આછાં.
વીરડાનાં પાણી આછર્યાં કેવાં ?
રાજાના હોજ જેવાં
તારાના તેજ જેવાં
પરીઓની પાંખ જેવાં
ઇશ્વરની આંખ જેવાં !

વીરડાનાં પાણી કોણ કોણ પીશે ?
ગાવડી પીશે
ઢેલડી પીશે
કોયલડી પીશે
વાદળડી પીશે
પદમણી પીશે.

વીરડાનાં પાણી કેમ કરી પીધાં ?
છાલીએ પીધાં
ટોયલે પીધાં
ખોબલે પીધાં
મોઢડે પીધાં
વળી વળી પીધાં
લળી લળી પીધાં

વીરડાનાં પાણી મીઠાં મીઠાં કેવાં ?
માતાના દુધ જેવા
વીરાના વ્હાલ જેવાં
બાપુના બોલ જેવાં
સૈયરના કોલ જેવાં.

વીરડાની પાળે કોણ કોણ બોલે ?
સૂડલા બોલે
મોરલા બોલે
ભમરલા બોલે.

વીરડાને કાંઠે કોણ કોણ બેઠું ?
બેડલું બેઠું
બટુકડું બેઠું
પારેવડું બેઠું
ઇંદ્રાણલી બેઠી
ગાવડલી બેઠી
ગોવાલણી બેઠી
પોપટજી બેઠા
મા'દેવજી બેઠા
પારવતી બેઠાં
સીતા ને રામ બેઠાં
રાધા ને શ્યામ બેઠાં !

વીરડાને કાંઠે કોણના વીસામા ?
ધોરીના વિસામા
ભતવારીના વિસામા
મહિયારીનાં વિસામા
પનિહારીના વિસામા
દુ:ખિયારીના વિસામા
વહુવારૂના વિસામા.

ઝવેરચંદ મેઘાણી

[શ્રી ભાવનગર સ્ત્રીકેળવણી મંડળ તરફથી થોડા વખતમાં પ્રસિદ્ધ થનાર શ્રી મેઘાણીના ' ગીતસંગ્રહ 'માંથી.]

અદેખી દરજણ

એક વાર નારદ મુનિ સ્વર્ગમાં કંટાળ્યા. એમને થયું કે લાવને મૃત્યુલોકમાં ફરવા જાઉં.

આમ વિચાર કરીને નારદ મુનિ તો ઝડપ દેતા એક વાદળા ઉપર બેસી ગયા અને ખરૂરૂરૂ ખટ દેતા મૃત્યુલોકમાં ઉતરી આવ્યા. વાદળાને પાછું સ્વર્ગમાં મોકલી નારદ મુનિએ તો વેષ કાઢ્યો. પોતે એક ઘરડા સાધુનું રૂપ લીધું. એમ ગળી ગએલું. માથામાં



બાઇ કપડું ભરે છે, પણ લુગડાંનો છેડો જ આવતો નથી

પળિયાં, મોં બોખું ને હાથમાં લાકડી.

નારદજીને થયું કે લાવને જોઉં તો ખરો કે મૃત્યુલોકના માનવી કેવાંક છે!

એમ વિચારી એ તો ગયા એક ગામમાં. વાંકા કેડે લાકડીના ટેકાથી ચાલ્યા જાય છે ત્યાં એક વિધવા બાઇ આવીને કહે, 'સાધુ મહારાજ, મારા ગરીબને ઘેર પધારો અને ભિક્ષા લો તો તમારો મોટો ઉપકાર.'

નારદ મુનિ તો બાઇની સાથેસાથે તેને ઘેર ગયા. બાઇએ તો સાધુ મહારાજને સારી રસોઇ કરીને જમાડયા. મહારાજ જમીને ઉઠયા ત્યારે બાઇને થયું કે મહારાજની કફની તો સાવ ફાટલી છે! લાવ ઘરમાં લુગડું છે તે એક કફની કરી આપું.

આમ વિચાર કરીને બાઇએ તો સાધુને કહ્યું, 'મહારાજ, જરા વાર આ આસને આપ બિરાજો, જરા આરામ લો; પછી પધારજો.'

સાધુ મહારાજ તો બેઠા. કફની તૈયાર થઈ એટલે મહારાજ પાસે આવીને બાઇ કહે, 'મહારાજ, ભગવાન લેખે આ લાવી છું તો આપ લો.' એમ કહીને બાઇએ કફની સાધુને આપી.

નારદજીએ કફની પહેરી ને ઉઠીને ચાલતા થયા. પણ જતાંજતાં મનમાં આશીર્વાદ દેતા ગયા કે 'હે બાઈ, મારા ગયા પછી તું જે કામ હાથમાં લઈશ તે સાંજ પડે નહિ ત્યાં સુધી પુરૂં જ નહિ થાય!'

સાધુ ગયા અને બાઇ ઘરમાં આવી. બાઇને થયું કે લાવને, જોવા તો દે કે કફની કરતાં બાકી કેટલુંક લુગડું હવે રહ્યું છે! ગજ હાથમાં લઇને બાઈ તો લુગડું ભરવા બેઠી. બાઇ લુગડું ભરે છે, પણ લુગડાનો છેડો જ આવતો નથી! લુગડું તો વધ્યે જ જાય છે, વધ્યે જ જાય છે; અને બાઇ તો લુગડું ભર્યે જ જાય છે, ભર્યે જ જાય છે!

લુગડાનો તો મોટો ઢગ થયો. ઘર આખામાં લુગડું લુગડું થઇ રહ્યું. પણ તો ય લુગડાનો છેડો નથી આવતો. અને બાઇથી પણ ગજ હેઠો મુકાતો નથી! બાઇ તો લુગડું ભરતી જ જાય છે અને લુગડું નીકળતું જ જાય છે. ઘરમાં લુગડા સિવાય કાંઈ દેખાય જ નહિ. બાઇ પણ લુગડામાં ઢંકાઇ ગઈ છે!

એમ કરતાંકરતાં સાંજ પડી અને સુરજ આથમ્યો એટલે બાઈના હાથમાંથી ગજ પડી ગયો અને ત્યારે જ લુગડાનો છેડો આવ્યો.

બાઇ તો માંડમાંડ લુગડાના ઢગમાંથી બહાર નીકળી. આખે શરીરે પરસેવે રેબઝેબ થઇ ગએલી. બાઇનાં લુગડાં તો પલળીને ટસા જેવા થઇ ગએલાં.

પણ બાઇના હરખનો પાર નહોતો. બાઇને મનમાં ચોક્કસ થઇ ગયું કે આ બધો પ્રતાપ પેલા સાધુ મહારાજનો જ!

હજી તો બાઇએ પરસેવે ભીંજાએલાં કપડાં બદલાવ્યાં ય નથી ત્યાં તો 'એ ભુરી વહુ, ઘરમાં છો કે?' એવો સાદ સંભળાયો.

'આવો, આવો દીવાળી માશીજી, શું કામ પડયું?'

દીવાળી માશી કહે, 'હજી તો વહુ, તેં દીવો ય નથી કર્યો! હું દીવાસળી લેવા આવી છું.'

'ઉભાં રહો, ઉભાં રહો, હું દીવો કરી લઉં અને પછી દીવાસળી આપું.' આમ કહીને ભુરીએ તો દીવો પ્રગટાવ્યો અને દીવાસળીની પેટી દીવાળી માશીજીના હાથમાં મુકી.

દીવાનો પ્રકાશ પડયો ત્યાં દીવાળી માશીએ ભુરીના ઘરમાં લુગડાનો ઢગનો ઢગ પથરાએલો જોયો.

'અલી વહુ, આટલું બધું લુગડું તારા ઘરમાં ક્યાંથી?'

'જુઓને માશીજી, આજ હું બપોરના બે વાગ્યાથી લુગડું ભરવા બેઠી હતી તે માળું લુગડું તો વધ્યે જ જાય, વધ્યે જ જાય! જાણે ભગવાને દ્રૌપદીને ચીર પુર્યાં!'

'વહુ, આ તું શું કહે છે? એમ તે વળી આ કળજુગમાં બને ખરૂં?'

પણ પછી તો ભુરી વહુએ બધી વાત માંડીને માશીજીને કહી સંભળાવી; એટલે માશીજીને ય થયું કે વાત તો ખરી લાગે છે. નક્કી સાધુના આશીર્વાદથી બનેલું. એમાં શંકા જ નહિ.'

દીવાળી માશીજી તો ઘેર ગયાં અને રાત આખી એક જ વિચાર કર્યો કે 'શે સવાર પડે ને એ સાધુને શોધી કાઢીને જમવા બોલાવું!'

સવાર પડી ને દીવાળી માશીએ તો ઝટપટ જાડાપાતળા રોટલા ઘડી કાઢ્યા અને નીકળ્યાં ઘરની બહાર. આમતેમ શેરીએશેરીએ ભટકતાં પેલો સાધુ નજરે પડ્યો. દીવાળી માશી તો ખુબ આગ્રહ કરીને સાધુને ઘેર લઇ આવ્યાં. જાડાપાતળા રોટલા પીરસ્યા, ગંધાતી છાશ આપી, ખાકટી ને કેરાંનું અથાણું મુકયું, અને સાધુને જમવા બેસવાનું કહ્યું. જે ભાવ્યું તે ખાઇને સાધુ ચળુ કરીને ઉઠી ગયા.

પછી દીવાળી માશીએ સાધુને એક ફાટલતુટલ ગંધાતા આસને બેસાડ્યા અને કહ્યું, 'મહારાજ, બેસજો હોં તમારા માટે હું કફની લાવું છું.'

દીવાળી માશીએ તો ઝીણા, જાડા, રંગબેરંગી, જે કાંઇ નકામા લુગડાના કટકા હતા તે બધા ભેગા કરીને એક કફની સીવી કાઢી. કફની સાધુને આપી અને હાથ જોડીને દીવાળી સાધુ પાસે ઉભી રહી.

'અચ્છા મૈયા, હમ અભી જાતેં હય.' એમ કહીને સાધુ તો ઉઠ્યા.

'મહારાજ, કાંઇ આશીર્વાદ?' ગરીબડું મોઢું કરીને દીવાળી બોલી.

'મૈયા, મેરા આશીર્વાદ હૈ' કહીને સાધુ તો ચાલ્યા ગયા.

દીવાળી માશીને થયું કે હું યે હમણાં ઘરમાં જઇને લુગડું ભરવા બેસી જાઉં છું અને પછી મારે ય લુગડાનો ઢગ થઇ જશે!

ત્યાં તો ઘરમાં ફળિયામાં બાંધેલી ગાય અને



દીવાળી માશી તો પાણીના ઘડા કાઢ્યા જ કરે છે.

વાછડીએ બરાડા પાડીને ધમચકડી કરવા માંડી. દીવાળી માશીને યાદ આવ્યું કે ગાયને પાણી પાયું નથી. લાવ, એને પાણી પાઇ લઉં ને પછી નિરાંતે લુગડું ભરવા બેસું.

એમ વિચાર કરીને દીવાળી માશીએ તો ઘડો ને દોરડું લીધાં અને ફળિયામાં કુવો હતો તેમાં ઘડો નાખ્યો. એક વાર ઘડો નાખ્યો ને કાઢ્યો; બીજી વાર ઘડો નાખ્યો ને કાઢ્યો; ત્રીજી વાર ઘડો નાખ્યો ને કાઢ્યો; એમ ને એમ ઘડો નાખવાનું અને કાઢવાનું કામ તો ચાલ્યું તે ચાલ્યું જ! કોઇ વાતે દીવાળી માશીથી ઘડો ને દોરડું છોડી શકાતાં નથી. મનમાં ઘણું ય થાય છે કે ઘડો ને દોરડું મુકી દઉં; પણ છુટે કેમ? સાધુનો આશીર્વાદ છે ને કે જે કામ પહેલું હાથમાં લે તે સૂરજ આથમતાં સુધી હેઠું ન જ મુકાય! દીવાળી માશી તો પાણીના ઘડા કાઢ્યા જ કરે છે. આખા ફળિયામાં પાણીપાણી થઇ રહ્યું છે, તો ય હજી દોરડું છોડાતું નથી.

પાણી તો પછી ફળિયામાં માયું નહિ એટલે શેરીમાં વહેતું થયું. આખી શેરી પાણીપાણી થઈ રહી. આડોશીપાડોશી દોડતાં દીવાળી માશીને ઘેર આવ્યાં. કોઈ એને વઢવા લાગ્યાં, કોઇ એને ગાળો દેવા લાગ્યાં.

કોઇ એને પાણી કાઢવાનું બંધ કરવા કહેવા લાગ્યાં, કોઈ એને ગાંડી બની ગએલી માનવા લાગ્યાં, કોઇ અડપલાં છોકરાં કાંકરા મારવા લાગ્યાં, પણ કોઇ વાતે દીવાળી માશીના હાથમાંથી દોરડું છુટતું નથી.

બીચારી દીવાળી માશી લોકોને ઘણું ય કહે છે કે 'હું દોરડું છોડી દેવા મહેનત તો ઘણી યે કરૂં છું પણ દોરડું છુટતું જ નથી!' પણ લોકો એનું બોલવું માનતા નથી. સૌ એને ગાંડી થઇ ગએલી માને છે.

દીવાળી માશી તો ભૂતની જેમ પાણી કાઢવા મંડી છે. જાણે એને થાક જ લાગતો નથી! એમ કરતાં વાત વધી પડી. પાણી તો ગામની શેરીએ-શેરીએ ફરી વળ્યું અને વાત ઠેઠ રાજાને કાને પહોંચી.

રાજાએ એકદમ ચાર સિપાઇને મોકલ્યા ને હુકમ આપ્યો કે 'જાઓ એ દરજણને પકડી લાવો.'

ચારે સિપાઇઓ તો જે છુટ્યા ને તે દોડતા આવ્યા દીવાળીને ઘેર. સિપાઇઓએ ફળીમાં પેસતાં જ ધાટો કાઢ્યો, 'અલી દરજણ, આ શી ધમાલ માંડી છે? છોડી દે દોરડું અને થા આગળ. તેં તો ગામ આખાને હેરાન કરી નાખ્યું!'

દીવાળી કહે, 'પણ જમાદાર સાહેબ, મારાથી દોરડું છોડાતું જ નથી! હું કરૂં શું?'

એક સિપાઇ કહે, 'એ એમ નહિ માને. એને તો બાંધીને લઇ જવી પડશે!'

દીવાળી કહે, 'જમાદાર સાહેબ, સાચું કહું છું કે મારાથી દોરડું છુટતું નથી. મને કાપીને મારી નાખશો તો ય મારાથી દોરડું નહિ છુટે.'

સિપાઇઓએ ધાર્યું કે નક્કી દરજણ ગાંડી બની ગઇ છે, એને પકડીને લઇ ગયા વિના છુટકો નથી. એમ ધારીને જ્યાં ચારે સિપાઇઓ બાઇને પકડવા પાસે આવે છે ત્યાં તો તાકડે બરોબર એ જ વખતે સૂરજને આથમવું. જેવું સિપાઇઓએ ડગલું ભર્યું કે બાઇના હાથમાંથી દોરડું છુટી ગયું અને લોથપોથ થઇ ગએલી બાઇ ધબ સરખી જમીન ઉપર પડી.

સિપાઇઓ તો બાઇને ગાડામાં નાખીને રાજા પાસે લઇ ગયા. રાજાએ તરત જ હુકમ સંભળાવી દીધો કે આખા ગામમાં પાણીપાણી કરનાર એ બાઇને કેદમાં પુરી દ્યો.

(અંગ્રેજી ઉપરથી) **જેઠાલાલ છ. ચૌધરી**

યુવક સંમેલન

'સ્વિટ્ઝર્લૅંડની શાંતિમાં' એ લેખ સાથે અમે ગુજરાતના યુવાનો અને કુમારિનું એક સંમેલન થાય એવી ઇચ્છા તે અંકની મિજલસમાં જાહેર કરી હતી. તે પરથી નીકોરા યુવક મંડળે એ વાત ઉપાડી લઇ ઉનાળાની રજાઓમાં નીકોરા ગામે એવા સંમેલન માટે નિમંત્રણ જાહેર કર્યું છે. નીકોરા ભરૂચ પાસે છે અને એ ભાઇઓ બધી સગવડનો ભાર ઉપાડી લેવા તૈયાર છે. સાદાઈભરી અને બીનખર્ચાળ રીતે આ સંમેલન ભરવું તથા કોઈ મહેમાન ન થતાં એક મોટા ગૃહનો ભાર પરસ્પર ઉઠાવી લે અને સમાગમ તથા મૈત્રીનો લ્હાવ મેળવે એ મુખ્ય આશય છે. ઉપરોક્ત સ્થળે સંમેલન ભરવાનું નક્કી કરતાં પહેલાં કેટલીક વિગતો નક્કી કરવા અમે એ ભાઇઓ જોડે પત્રવ્યવહાર કરી રહ્યા છીએ. જે જે બંધુઓ આ હીલચાલમાં ભાગ લેવા માગતા હોય કે સહાનુભૂતિ ધરાવતા હોય તેઓ તુરત અમને જણાવશે તો આભારી થઇશું. સંમેલન કોઈ પણ જાતનાં બંધનો મુકનારી સંસ્થા ન થઈ જાય પણ ઉંચી મૈત્રી અને પરસ્પર સેવા ભાવનાની વૃત્તિ ખીલવનાર હીલચાલ જ રહે એ અમારી દરખાસ્ત છે. બધાં મંડળો અને સંસ્થાઓ પોતાના પ્રતિનિધિઓ અને સભ્યો મોકલી શકે તથા એકલ ઉત્સાહવાળા પરંતુ આવી હીલચાલ ચાહતા કુમારો કે યુવકો પણ આવી શકે. પુખ્ત ઉમરના પરંતુ યુવકો અને કુમારોના મિત્ર થઇ શકે એવા બધા સજ્જનો એમાં ભાગ લઈ શકે.

—તંત્રી

અમરેલીનાં બે સંમેલનો (અનુસંધાન પાન ૧૧૯ મેથી)

તો એવા જ હોય છે એમ માનું છું; તેથી સૌને બંડખોર જોવા તલસું છું. બંડની સફળતા તો ત્યારે મળે કે જ્યારે માણસ પોતે પોતાના જીવનની લડતો સામે બંડ કરી શક્યો હોય. આપણે આપણા જીવનની લડતોની સામે બંડ કરીશું અને પછી સમાજને પણ જીતીશું.

છાત્રમિત્રો! યૌવનપાંગરી આશાભર્યો હું અહીં આવ્યો છું અને તમારે આંગણે અહાલેક જગાવ્યો છે. મારી ઝોળીમાં એવી જ આશાવન્ત ભિક્ષા આપશો. વિશ્વની અમરાઇએ આજે યૌવના દેવી ટહુકે છે. જીવતાં આવડે અને મરતાં આવડે તો આ જગત મુશ્કેલીભર્યું છતાં મધુમધુરૂં અને રસરસીલું છે!"

સંમેલને પસાર કરેલા ઠરાવોમાં એક રચનાત્મક કામ પણ કર્યું. જેજે ગામોમાં એકથી વધારે છાત્રાલયો હોય તેતે ગામોમાં એક સ્થાનિક છાત્રમંડળ સ્થાપવું. તે દ્વારા છાત્રા પોતાનાં સુખદુઃખના ઉપાયો યોજે અને સંગઠિત થાય. વળી તે બધાં મંડળો સાથે સીધો સંબંધ ધરાવતું એક મુખ્ય છાત્રમંડળ સ્થાપવામાં આવ્યું અને તેના ૯ સભ્યો ચુંટવામાં આવ્યા.



માધુકરી

ખુણે ખુણે ખોજ કરીને
ઉર ઉત્સાહ ઉમંગ ભરીને
મરતા પ્રાણે આશ ધરીને
કોણે ઉંચાં કીધાં શિર ?
મસ્ત તણી તોડી મસ્તાની,
તનધનની કીધી કુરબાની,
નમ્ર, નિડર, સ્વાધીન, સ્વમાની
સત્ય જ એ ગુર્જર નરવીર. —**કવિ ખબરદાર**

અમરેલીનાં બે સંમેલનો

ગયા (ફેબ્રુઆરી) માસના છેલ્લા ત્રણ દિવસો (તા. ૨૭-૨૮-૨૯)માં અમરેલીમાં બે જાણવાજેવાં સંમેલનો ભરાયાં છાત્ર સંમેલન અને છાત્રાલય સંમેલન.

છાત્રાલય સંમેલનનું આ બીજું આધ્વેશન હતું. પહેલું સંમેલન જોનારા કહે છે કે તેના જેટલી ઉત્સાહની ભરતી આ વેળા નહોતી, પરંતુ આ વખતે એણે પોતાની ચોક્કસ કાર્યપ્રણાલિ નક્કી કરવાનો પ્રયત્ન કર્યો છે. છાત્રાલયોને તેના આદર્શ તરફ વાળવાની શક્તિ નહિ તો આતુરતા તો સૌમાં જણાતી હતી. પ્રમુખ શ્રી કાલેલકરનું વ્યાખ્યાન એમના જેવા જ્ઞાનવૃદ્ધ ને અનુભવવૃદ્ધ વડિલ પાસેથી આશા રાખી શકીએ એટલું ચિંતનશીલ ને વિવિધ બાબતોનો સ્પર્શ કરનારૂં હતું.

છાત્રોને કેટલું સ્વાતંત્ર્ય આપવું, તેમને છાત્રાલયની વ્યવસ્થામાં કેટલું ને કેવું સ્થાન આપવું, તેમને શું ખવડાવવું એવાએવા છાત્રોને લગતા પ્રશ્નોના વિચાર ખુદ એ છાત્રોને જ અળગા રાખી મુરબ્બીઓ આમ એક બાજુ એકઠા થઇ ચર્ચતા હતા એ વિચિત્રતા આજના જુવાનો કેમ સહન કરે? એમણે પોતાનું સ્વતંત્ર છાત્ર સંમેલન ભર્યું અને સંભળાવ્યું કે અમારા પ્રશ્નો અમને વિસારીને ચર્ચશો એ નિરર્થક છે.

છાત્રાલય સંમેલનને ઓથેઓથે (કહીએ તો ચાલે) ભરાએલું પણ તદ્દન સ્વતંત્ર જુસ્સાથી ઉછળતું એ છાત્ર સંમેલન જોઇને તો આંખો ઠરે એવું હતું. પહેલી જ બેઠક હતી એટલે હાજરી ૨૦૦-૨૫૦ છાત્રોની હતી. ગુજરાત-કાઠિયાવાડનાં છાત્રાલયોમાં વસતા દસબાર હજાર છાત્રોનું આ પ્રતિનિધિત્વ તો ન ગણાય: પણ જેટલા હાજર હતા તેટલા એકેએકના અંતરમાં જાગૃતિની ચેતના સ્પષ્ટ હતી. આજ સુધીનાં યુવકસંમેલન ને યુવકસપ્તાહ જુવાનોમાં આત્મમાનની જે પ્રતીતિ નહોતાં કરાવી શકયાં તેનાં કેટલેક અંશે અહીં દર્શન થતાં હતાં.

છાત્રાલય સંમેલનની પેઠે આ સંમેલન પણ સ્વાગત પ્રમુખ વિનાનું હતું. સ્વાગત પ્રમુખ ભાઈ પ્રેમશંકર દેશનો અવાજ આવતાં સ્વાગત કરવું મુકી દઇ બારડોલી સત્યાગ્રહમાં ઉપડી ગયા હતા. હાજર રહીને કર્યું હોત તેના કરતાં વધુ ઉજ્જ્વલ સ્વાગત એમણે બારડોલી જઇ કરી બતાવ્યું

અંત્યજો માટે એલાહેદી બેઠકો રાખેલી; પણ રજા મળતાં અનેક જણ ઉઠીને તેમની સાથે બેસી ગયા. છાત્રાલય સંમેલનમાં આથી ઉલટું જ દૃશ્ય જોઇ લાગ્યું કે અંત્યજો તરફની તીવ્ર ને દયાપાત્ર ઘૃણા તો કેવળ મોટેરાંમાં જ રહી છે.

'જગતના ચોકની વચ્ચે આજ જ્યારે યુવકોનો ઝુંડો ફરકે છે ત્યારે છાત્ર સંસ્થાના ઉજમાળા ભાવિનાં લતારોપણ કરવા' મળેલા ગુજરાત-કાઠિયાવાડના એ ૨૦૦-૨૫૦ કુમારો પણ પોતાનાં અંતરની વરાળને મોકળી મુકીને આત્મનિર્ણય માટે તત્પર થયા હોય એવું જણાતું હતું. પહેલી જ વારનું સંમેલન હતું એટલે જાહેરમાં બોલવાના અનુભવી-બીન અનુભવી સૌ પોતપોતાના વિચારો છુટથી અને વિનાસંકોચે મુકી શકે તેટલા સારૂ સંમેલનમાં કોઇ પણ વડિલ, શિક્ષક કે ગૃહપતિ ન આવી શકે એવો પ્રબંધ કર્યો હતો. છતાં ત્યાં થએલાં ભાષણો, વિવેચનો અને ઠરાવોમાં એકસરખાં વિનય અને મર્યાદા સચવાયાં હતાં. મુરબ્બીઓ સમજતા હતા કે આ છોકરાઓ 'બળવો' કરવા ભેગા થયા છે; પણ એમણે તો વડિલોના કામમાં બને તેટલી સહાયતા પુરવાનો ઠરાવ કર્યો. છતાં ગૃહપતિઓની જોહુકમી અને છાત્રાલયોમાં ચાલતા ગોટાળા સામે પડકાર તો દીધો જ.

વાંચવા માટે રજુ થએલા ૨૨ નિબંધો અને ચર્ચા-

એમાં, છાત્રાલયોમાં ફેંકાતી દાતણની ચીરીઓથી માંડીને વિશ્વબંધુત્વ કેળવવામાં છાત્રાલય કઇ રીતે ફાળો આપી શકે ત્યાં સુધીના વિષયોનો સમાવેશ એમણે પોતાની રીતે કર્યો હતો.

છાત્રોના સંમેલનના પ્રમુખપદે પણ છાત્ર જ હોય ને ? 'છાત્રાલયોનો નવ વરસનો સતત અનુભવ' ધરાવનાર શ્રી જમનાદાસ દાણીએ પ્રમુખપદેથી દર્શાવેલા વિચારો આવતી કાલના નાગરિકને જેબ આપે એવા હતા. એમાં આજની આપણી સ્થિતિનું કરુણ દર્શન હતું, દેશની દુર્દશાનો દુઃખદ ચિતાર હતો, સમાજની અશ્રુકથા હતી; અંતરની બળતરાની એ વાણી હતી. પોતાની ને પોતાના દેશની એ અવદશાથી યુવાન હૃદયો જે ધીકી રહ્યાં છે, અને એ સ્થિતિને ઠેકાણે લાવવા માટે મથન કરવાની પોતાની જવાબદારીનું જે ભાન યુવાનોમાં આવતું જાય છે તેનું એમાંથી માપ નીકળતું હતું. કુમારના વાંચનારાઓ આગળ એનો ઉપયોગી ભાગ આપ્યા વિના ન ચાલે. થોડા ફકરા આ રહ્યા :

"છાત્રાલય એ સમાજનું નાનું સ્વરૂપ છે અને તેથી સમાજજીવનની, સ્વરાજ્યની અને સ્વાવલંબનની તાલીમ એમાં મળવી જોઇએ. આ તાલીમ અર્થે દરેક છાત્રાલયમાં વિદ્યાર્થીમંડળ જન્મવાં જોઇએ અને નાની નાની ખરીદનું, સ્વચ્છતાનું, રસોડાનું, બાગનું એવાંએવાં કામો વિદ્યાર્થીઓએ વહેંચી લેવાં જોઇએ; માતૃભાષાની ખીલવટ કાજે કાલાઘેલા ચર્ચાસંઘો, તથા કલમની ખીલવટ અને વિચારોનાં સ્પષ્ટ દર્શન માટે હસ્તલિખિત માસિકો પણ જોઇએ જ.

પણ એની સાથે આપણે શરીરને નહિ ભુલી શકીએ. અહીં બેઠેલામાંથી કેટલા જણની કાયા સાડા ત્રણ મણની છે ? માણસ પોતાને માટે નિયમો ઘડે તે પારતંત્ર્ય નથી; આપણે થોડાક નિયમો જરૂર ઘડી શકીએ. તરતાં ન આવડે તેને આપણે તરતાં શીખવીએ; રમવાનું, મારવાનું અને માર ખાવાનું શીખી લઇએ; શરીરને કેળવીએ; છાત્રાલયે છાત્રાલયે શક્તિઆશ્રમો સ્થાપીએ. આપણે ધારીએ તો આપણાં છાત્રાલયોને ઉત્સાહ અને આનંદનાં ઉદ્યાનો બનાવી શકીએ. ત્યાં પ્રેરણાનાં પરબો બાંધી શકીએ.

કેટલાંક કોમી છાત્રાલયોમાં પખવાડિયે ભોજન ઉડે છે તો કોઈ અંત્યજ છાત્રાલયમાં ખાવાના તાકડા યે હોતા નથી. આપણે જો આજે ખરા હૃદયથી જ છાત્રસંગઠન કરવા ભેગા થયા હોઇએ તો આપણા ખોરાકમાં અંત્યજોની ઘેંશ અને છાશ રોટલો આવવાં જ જોઇએ. કાયમ જ રોટલી દાળ ભાત અને શાક ખાનાર છાત્રો પોતાનાં રાબ પીતાં માબાપો પાસે રજામાં ય જતા નથી એવા મારી પાસે અસંખ્ય દાખલાઓ છે. છાત્રાલય એ સમૂહસંસ્થા છે અને તેથી ગરીબમાં ગરીબને પણ ત્યાં સમાનતાની સહાનુભૂતિ મળવી જોઇએ.

પણ ભોજનનો પ્રશ્ન પતવ્યે જીવનનો પ્રશ્ન પતવાનો નથી. તમે સારામાં સારા ગમે તે છાત્રાલયને લ્યો; એનો ય વિદ્યાર્થી પરદેશના તો શું પણ હિંદના સમાચારથી વંચિત છે. ભવિષ્યની આશાઓની ઉપમા પામનારા આપણે આપણા દેશ—અરે પ્રાંતની યે વાતોથી દૂર રહીએ એ કેમ સહેવાય ? તમે ધ્યાનમાં રાખજો કે આપણાં પાઠ્યપુસ્તકો જે નથી આપી શકવાનાં એવું કાંઇક જરૂરી એ દૈનિકો અને સાપ્તાહિકો, માસિકો અને ત્રૈમાસિકો આપશે. તમારામાંના એક મોટા વિદ્યાર્થીને તમે દર રવિવારે 'દેશદર્શન' વિષે બધા સમાચાર આપવા સારૂ નિયુક્ત કરો.

સાહસનાં કામોની કથા, બહારવટિયાની વાતો અને ધીંગાણાં, સેવા અને નાગરિકત્વના પાઠ, આદર્શદર્શનનાં વાચનઃ બધું જ સરખું જરૂરી છે. પણ એની પ્રથમ પંક્તિમાં મુકી શકાય એવું આજે તો ઇતિહાસનું જ્ઞાન છે. દેશ પરદેશના યુવાનોએ સ્વરાજ્યપ્રાપ્તિ અર્થે કેટકેટલા ભોગો આપ્યા, કેટલા વિલાસો ત્યાગ્યા, એ બધાની આઝાદી–કથાઓનાં પુસ્તકો આપણા હાથમાંથી કદિ દૂર ન થવાં જોઇએ. પાર્લામેન્ટની સ્થાપનાની તારીખ તમે ગોખો છો અને મહાસભાના પ્રમુખ કોણ હતા એનું તમને ભાન નથી; નાઇલ સુંદર નદી છે એમ તમે બોલો છો અને ગંગા જમનાની સામે ય જોતા નથી; ફ્રાંસ, ગ્રીસ કે ઈટાલીની કલાની વાતો પર ચર્ચા કરો છો અને અજન્ટાની ગુફા હિંદમાં છે કે આફ્રિકામાં એનો તમને ખ્યાલ પણ નથી; પારીસના બગીચા પર આફરીન થાઓ છો અને દાર્જીલીંગનું નામ સરખું યાદ નથી. ભાઇઓ ! કોઇ દેશને અને તેમાં યે એના જુવાન છાત્રોને આવી વાતો માટે કાંઈક કહેવું પડે એ કેટલી કરુણ દશા છે ?

રસ્તા પર નાખવામાં આવેલો લાડુનો ટુકડો પણ આપણે સ્વમાન ખાતર ખાતા નથી, તો એ સ્વમાનને ભુલીને આપણે નોકરીઓ માટે કાં વલખાં મારીએ છીએ ? રાજ્યે આપણને ઘણું દીધું અને ઘણું ય લીધું. આપણું બળ હર્યું, આપણા હાથ ભાંગ્યા, મગજ તોડયાં, સ્વાતંત્ર્ય હણ્યું, ધન લૂટ્યું, હીર ચુસી લીધાં, ધર્મ ભુલાવ્યો, જીવન ખોવડાવ્યું— અને એ બધા ઉપરાંત એક મહાન સેવા સાધી તે એ કે દેશના પ્રાણ જેવા કરોડો યુવાનોનાં યૌવન લુંટી લીધાં અને બદલામાં કારકુન બનાવ્યા ! મિત્રો, તમે આજે છાત્ર છો અને આવતી કાલે સમાજમાં જવાના છો; મારી આટલી કથા તમારા હૈયાને હચમચાવી ન શકે તો મારાં તમારાં અને હિંદનાં કમભાગ્ય !

છાત્રોના સંગઠનમાં મને તો આદર્શ સમાજનાં સ્વપ્નચિત્રો દેખાય છે. આપ સૌના અંતરમાંથી આવે છે એ જ અવાજ, અને યૌવનધર્મ શીખવે છે એ જ વિચાર હું આપને જણાવું છું. આપણે સાચા બ્રાહ્મણ, વણિક કે ક્ષત્રિય નથી

કોમી છાત્રાલયોમાં જે દૃષ્ટિસંકુચિતતા છે તે હવે નથી સહેવી. આપણે કોઇએ, જ્ઞાતિના વરાઓમાં ભાગ ન લેવો જોઇએ. જ્યાં બધાને પુરો રોટલો ન મળતો હોય ત્યાં લગ્નસરાનાં હજારોનાં પાણી આપણે બંધ કરવાં જોઇએ. આજે હિંદમાં બે હજારથી વધુ જાતો પડેલી છે. ખોબાખોબા જેટલી એ નાતો આપણા દેશભાવની વચ્ચે આવી બેઠી છે. આજે આપણી જ્ઞાતિઓ પાછળ આપણે એટલા એકતાર થએલા છીએ કે એ સંકુચિતતાને વિસારી બૃહદ દેશનો હિંદી તરીકે વિચાર પણ કરી શકતા નથી. સમૂહબળ વગર આજે યુવકો શાંત બેઠા છે આ બળ મેળવવા માટે બધી કોમાને તિલાંજલિ આપવી પડશે.

જગતભરના ઇતિહાસમાં એવો એકે સુધારો નથી થયો કે જેમાં યુવાનોએ શરૂઆત ન કરી હોય. એ જ આશા અને કાર્ય આપણી પાસેથી માગી શકાય. સુધારો કોઈ દિવસ સમાજ આખો મળીને કરતો જ નથી. સમાજનો મોટો ભાગ અંધ જ હોય છે: એને મત હોતો નથી. આવે પ્રસંગે આપણે જ ઝંડો લેવો જોઇએ. આ છાત્રસંમેલનના સંગઠનમાં તો આપણે નવું રાજ્ય જમાવી શકીએ એટલું બળ છે. આપણે વિધવાવિવાહનાં મંડળો કાઢીએ, બાળલગ્ન બંધ કરનારાં યુવકોનાં મંડળ કાઢીએ, અમુક જ વરસે પરણનારાઓનાં મંડળ રચીએ. આવા સુધારા કરવા જતાં કદાચ ખત્તા ખાવા પડે તો ય એમાં મહત્તાની રહેલી છે.

આપણામાં આજે ‘હિંદી’ તરીકેનો ભાવ નથી એ જ્ઞાતિઓને જ આભારી છે. કુવાનો દેડકો સાગરની મહત્તાને શું સમજે? આપણી ૨૦૦૦ નાતો નહિ તુટે ત્યાં લગી એ ૨૦૦૦ જ્ઞાતિઓની પછવાડે રહેલું હિંદી બળ નહિ આવે. આ જ્ઞાતિઓએ સ્ત્રીઓને કચરી, યુવાનોને કચર્યાં, વિધવાઓને કચરી અને છેવટે દેશભાવને ય કચર્યો ને પરાધીનતાની જંજીરો મજબુત કરી. આટલું છતાં અને તમારા સૌના અંતરમાં એને તોડવાની ઈચ્છા છતાં શાંત કેમ બેસી શકો છો?

એક માણસ બીજા માણસને ત્યાં રોટી કે બેટી વ્યવહાર ન રાખે તે ય સહેવાય, પણ સમાન અવયવોવાળા માણસ માણસના અડવા ન અડવાના ભેદો કેમ સાંખી શકાય? આપણે પશુઓને પાળીએ છીએ, પંખીઓને પાળીએ છીએ; અંત્યજો શું એનાથી ય હલકા છે? બાળકન્યકાઓને ભર બજારે વેચનારાઓને સમાજ ચંડાલ ગણીને દૂર કાઢતી નથી, અને ભોળા બાંડુ જેવા અંત્યજોને પાટુ મારે છે, એ ન્યાય ક્યાંનો? જ્યાં સુધી હિંદના અસ્પૃશ્યવર્ગને હિંદુ સમાજે અપનાવ્યો નથી ત્યાં લગી હિંદુધર્મનું અધઃપતન છે, ત્યાં લગી આ દેશનું અધઃપતન છે. ગરીબોને આંસુએ મોટામાં મોટી સલ્તનતો પડી ભાંગે છે; અંત્યજ ભાઇબહેનોને ઉનેે આંસુએ હિંદુધર્મ રસાતાળ જવાનો છે.

સુધરેલા સમાજમાં અને યુવક–યુવતીઓમાં ‘મારે પરણવું નથી.’ એમ બોલવાની આજકાલ એક ફૅશન થઇ પડી છે. લગ્નનો પ્રશ્ન આજે વિશ્વપ્રશ્ન છે. ઇચ્છાલગ્ન કહો કે પ્રીતિલગ્ન કહો, દર્શનલગ્ન કહો કે માતૃપિતૃલગ્ન કહો, પરિચયલગ્ન કહો કે સ્વાતંત્ર્યલગ્ન કહો, બધાં આજે નિષ્ફળ નીવડેલાં છે. અવિવાહિત બધા બ્રહ્મચારી નથી હોતા; પરણવાની ના પાડે છે એ તો મનથી વર્ષોથી પરણી બેઠેલાં હોય છે. કારણ તો એમ છે કે નાતો ટુંકી છે અને શિક્ષિત કન્યાઓ મળતી નથી, અને કોઇ વખત સારો શિક્ષિત વર મળતો નથી. આને પરિણામે મારો મિત્ર કહે છે એમ સૌને જીવતા ફર્નિચર જેવી વહુઓ સાથે પરણવું નથી ગમતું. આ સ્થિતિએ લગ્નક્ષેત્ર વિશાળ કરવાની હિમાયત આવશ્યક છે, પણ એટલી જ ભયાવહ છે. પરંતુ એટલું તો કરી જ શકાય કે આપણી સંમતિ વગર માબાપો સંબંધ ન બાંધે એની નોટીસ આપી દઇએ અને બાળલગ્નને હરામ કરી દઇએ.

અમેરિકામાં દર વરસે એક વરસની અંદરની ઉમરનાં ત્રણ લાખ બાળકો મરે છે; પણ આપણે ત્યાં એથી ચાર ગણાં મરે છે! બાલવયની બાળાઓને માતા બનાવનાર માબાપોને સમાજ ફાંસીએ કેમ નથી લટકાવતો? ગામને અનાથાશ્રમે દરરોજ રાત્રે અંધારામાં એકાદ નાનું ટેંટા જેવું બાળક કોણ મુકી જાય છે? સમાજ આટલો આંધળો કેમ રહે છે? હું તમારી પાસે આંકડા મુકું છું એથી તમે ચોંકી ઉઠશો; પણ એ આંકડાઓથી તમે સમાજને ન બદલાવી શકો તો એનો શો અર્થ? અઢારથી ત્રીસ વરસની વયની નેવું ટકા સ્ત્રીઓ આજે ક્ષય, અને લોહીનું પાણી થઇ ગયાના દર્દથી મરે છે. રૂઢિની આ કાળ રાક્ષસીને આપણે સરજી છે અને એના અખેપાતરમાં આપણે જ બાળાઓને અને બાળકોને હોમી દઇએ છીએ.

સતીનો રિવાજ જવા છતાં હિંદમાં સતીના ચિતાઓના અગ્નિ આજ લગી હોલવાયા નથી એ વાત હું આપને જણાવું છું. જુના સમયમાં પતિના પ્રેમ ખાતર સતીઓ પોતાની આહૂત આપતી; આજે એ જ સતીઓ પતિઓને અને સમાજને પાપે ચિતાઓના ભડકામાં બળે છે. ઠેરઠેરથી આવતી એ જ્વાળાઓ સમાજ આખાનો ભક્ષ કરી રહી છે; છતાં આપણે મૂઢ હૈયે એના અગ્નિ હજી નથી લાગ્યા!

આપણો હિંદુધર્મ જો આ કસાઈવાડો ન અટકાવતો હોય તો એ હિંદુધર્મને તિલાંજલી દેવી જોઇએ. મંદિરોની દેવપૂજાને બદલે આજે તો ત્યાં તાળાં દઇને આ બાલસેવા કરવા નીકળવાની જરૂર છે. લાખોનાં ઉનાં આંસુઓ આપણે લુછીશું તો જ પ્રભુ આપણે દર્શને સામો આવશે.

બહેનો ને ભાઇઓ! હું બંડખોર છું ને સૌ યુવાનો હૈયે

[અનુસંધાન પાછળ પાન ૧૨૬ મે]

❀ મરવું તો શૂરાને ગરવું, કા[illegible]ર ખોળે ઘરના ગોખ ❀

ઈ. સ. ૧૯૦૨-૩ના પૂનાના ભયંકર પ્લેગે લોકમાન્ય તિલકના, ફર્ગ્યુસન કૉલેજમાં ભણતા યુવાન પુત્રનો ભોગ લીધો. તે જ અઠવાડિયામાં એમના એક પીતરાઇ ભાઇ ને ભાણેજ પણ એનો ભોગ થયા. અસહ્ય આઘાત થવા છતાં એ સાચા જ્ઞાનીએ આશ્વાસન દેવા આવેલા મિત્ર વિશ્વનાથ કેતકરને, ચિત્તની અદ્ભુત શાંતિ રાખી કહેલું કે 'ભાઇ ! ગામની હોળી સળગે ત્યારે દરેક ઘરવાળાએ છાણાં આપવાં પડે એમ આમાં પણ થયું છે.'


એકમનો આંકડો સોના આંકડાથી નાનો હોય એવી ત્રણ આંકડાની કોઇ પણ રકમ લ્યો. એને ઉલટાવીને મુળ રકમમાંથી બાદ કરો ને બાદબાકીની જે રકમ આવે તેમાં બાદબાકીની જ રકમ ઉલટાવીને ઉમેરી દો. પછી તમે ગમે એટલા મથશો તો યે જવાબ ૧૦૮૯ જ આવશે.

ડુંગળી કે એવી સખત ગંધવાળી બીજી કોઇ ચીજ જેમાં રાખવામાં આવી હોય એ વાસણમાંથી એની ગંધ ને સ્વાદ બીલકુલ કાઢી નાખવા માટે વાસણને રાખના ભુકાથી ખુબ ઘસીને સાફ કરી નાખવાં.

એક પ્યાલો ગરમ પાણીમાં અર્ધા લીંબુનો રસ નાખી સવારમાં પીવાથી ફેફસાં સુધરે છે.

સંચાથી સીવાએલાં કપડાં પરથી સંચાના તેલના ડાઘ કાઢવા માટે કપડાનો ટુકડો નવસારના પાણીમાં ભીંજવીને ડાઘ પર ઘસવો ને પછી એટલા ભાગને સાબુથી ધોઇ નાખવો.

ઝીણી અણીવાળી નવી ટાંક ફાંસ અથવા કાંટો કાઢવા માટે ચીપિયાની ગરજ સારે છે. એની બંને ફાડો વચ્ચે ફાંસ કે કાંટાને આવવા દઈ સહેલાઈથી ખેંચી શકાશે.




કાગળ કાપીને બનાવેલી બે આકૃતિઓ.

નવા બુટને પહેરતાં પહેલાં થોડી મિનિટ તડકે મુકી રાખવાથી ચામડું કુમાશદાર બને છે. કાળા તેમજ પીળા બુટ ઉપર લીંબુનો રસ ચોપડવાથી તે ચકચકિત થાય છે.

ખાટલાને ચારે પાયે કપુરની એકેક નાનકડી પોટલી બાંધવાથી માંકડ ખાટલામાં દાખલ નહિ થતાં પલાયન કરી જાય છે.

શું એ વિકારી વિશેષણ છે એટલે એના વિશેષ્યની જાતિ પ્રમાણે એની જાતિ પણ ફરવી જોઇએ. ઘણા 'શું બીક' ને 'શું ભય' કહે છે તે ખોટું છે: 'શી બીક' ને 'શો ભય' જોઇએ. શું દુ:ખ એ બરાબર છે.



ઉપરના ચિત્રમાં શ્રીયુત ડબલાભાઈ શ્રીમાન પ્યાલાભાઇને પકડી શકશે ? ડબલાભાઈથી શરૂ કરી એક પણ લીટીને કાપ્યા વગર પેન્સિલનો લીટો પ્યાલાભાઇ સુધી પહોંચાડી રસ્તો શોધી દો.

કાચી આંખવાળાએ સોય પરોવતી વખતે સોયની પાછળ કોઇ પણ સફેદ પદાર્થ રાખવો. આથી નજરને સારી મદદ મળે છે.

જમ્યા પછી એક ચમચો ગ્લીસરીન પીવાથી અપચો થતો નથી.



રેલસંકટ પછી નવા આદર્શ ગામ દંતાવાનો પાયો નાખતા શ્રી વિઠ્ઠલભાઈ પટેલ.